# પ્રકરણ 2

## રાજ્યની નાણાકીય પરિસ્થિતિ

# પ્રકરણ 2 રાજ્યની નાણાકીય પરિસ્થિતિ

આ પ્રકરણ રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પર વ્યાપક પરિપ્રેક્ષ્ય રજૂ કરે છે, તે અગાઉના વર્ષના સંબંધમાં મુખ્ય નાણાકીય પરિબળોમાં અતિ મહત્વના ફેરફારો, 2015-16થી 2019-20ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન એકંદર વલણો, રાજ્યના ઋણનું ટકાઉપણું અને જાહેર હિસાબના ચાવીરૂપ વ્યવહારોનું રાજ્યના નાણાકીય હિસાબોના આધારે વિશ્લેષણ કરે છે.

## 2.1 2018-19ની તુલનાએ 2019-20 દરમિયાન મુખ્ય નાણાકીય કુલ એકંદરમાં થયેલા મોટા ફેરફારો

**કોઠો 2.1** પાછલા વર્ષની સરખામણીએ 2019-20 દરમિયાન રાજ્યના એકંદર ચાવીરૂપ નાણાકીય ઘટકોમાં થયેલા મોટા ફેરફારોનું વિહંગાવલોકન પુરૂં પાડે છે.

**કોઠો 2.1: 2018-19ની તુલનાએ 2019-20માં એકંદર ચાવીરૂપ નાણાકીય ઘટકોમાં થયેલા ફેરફારો**

| | |
|---|---|
| **મહેસૂલી આવક** | ➢ રાજ્યની મહેસૂલી આવકમાં 5.03 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ રાજ્યની પોતાની કર આવક 1.37 ટકા જેટલી ઘટી હતી.<br>➢ પોતાની બિન-કર આવકમાં 34.93 ટકા જેટલો વધારો થયો હતો<br>➢ કેન્દ્રિય કર અને જકાતમાં રાજ્યના હિસ્સામાં 13.87 ટકા જેટલો ઘટાડો થયો હતો.<br>➢ ભારત સરકાર તરફથી સહાયક અનુદાનમાં 34.26 ટકા જેટલો વધારો થયો હતો. |
| **મહેસૂલી ખર્ચ** | ➢ મહેસૂલી ખર્ચમાં 6.11 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ સામાન્ય સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 3.38 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ સામાજીક સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 11.10 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ આર્થિક સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 1.71 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ સહાયક અનુદાન પરના ખર્ચમાં 13.70 ટકા જેટલો વધારો થયો હતો. |
| **મૂડી ખર્ચ** | ➢ મૂડી ખર્ચમાં 8.60 ટકા જેટલો ઘટાડો થયો હતો.<br>➢ સામાન્ય સેવાઓ પરનો મૂડી ખર્ચ 21.03 ટકા જેટલો ઘટ્યો હતો.<br>➢ સામાજીક સેવાઓ પરના મૂડી ખર્ચમાં 19.76 ટકા જેટલો ઘટાડો થયો હતો.<br>➢ આર્થિક સેવાઓ પરના મૂડી ખર્ચમાં 3.63 ટકા જેટલો ઘટાડો થયો હતો. |
| **લોન અને પેશગીઓ** | ➢ લોન અને પેશગીઓની ચૂકવણીઓ 24.21 ટકા જેટલી ઘટી હતી.<br>➢ લોન અને પેશગીઓની વસૂલાતમાં 118.54 ટકા જેટલો વધારો થયો હતો. |
| **જાહેર ઋણ** | ➢ જાહેર ઋણની આવકમાં 0.80 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ જાહેર ઋણની પરત ચૂકવણીમાં 8.23 ટકા જેટલો વધારો થયો હતો. |
| **જાહેર હિસાબ** | ➢ જાહેર હિસાબની આવકમાં 0.81 ટકા જેટલો ઘટાડો થયો હતો.<br>➢ જાહેર હિસાબની ચૂકવણીઓમાં 1.31 ટકા જેટલો ઘટાડો થયો હતો. |

ઉપરના દર્શકોમાંથી દરેકનું વિશ્લેષણ હવે પછીના ફકરાઓમાં કરવામાં આવ્યું છે.

## 2.2 સ્રોતો અને ભંડોળોનો ઉપયોગ

**કોઠો 2.2** 2019-20 દરમિયાન રાજ્યના ભંડોળોના સ્રોતો અને ઉપયોગની 2018-19 સાથે સરખામણી રજૂ કરે છે, જ્યારે **આલેખ 2.1** અને **2.2**, 2019-20 દરમિયાન સંચિત નિધિમાં થયેલી આવક અને તેમાંથી થયેલા ખર્ચની ટકાવારી મુજબ વિગતો પૂરી પાડે છે.


**કોઠો 2.2: 2018-19 અને 2019-20 દરમિયાન ભંડોળોના સ્રોતો અને ઉપયોગની વિગતો**

(₹ કરોડમાં)


| | વિગતો | 2018-19 | 2019-20 | વધારો/ઘટાડો |
|---|---|---|---|---|
| **સ્રોતો** | ભારતીય રિઝર્વ બેંકમાં ખૂલતી રોકડ સિલક | 16,529 | 19,601 | 3,072 |
| | મહેસૂલી આવક | 1,36,002 | 1,42,844 | 6,842 |
| | લોન અને પેશગીઓની વસૂલાત | 151 | 330 | 179 |
| | જાહેર ઋણની આવક (ચોખ્ખી) | 27,714 | 26,789 | (-)925 |
| | જાહેર હિસાબની આવક (ચોખ્ખી) | 1,723 | 2,227 | 504 |
| | મૂડી આવક | 65 | 106 | 41 |
| | **કુલ** | **1,82,184** | **1,91,897** | **9,713** |
| **ઉપયોગ** | મહેસૂલી ખર્ચ | 1,32,790 | 1,40,899 | 8,109 |
| | મૂડી ખર્ચ | 28,062 | 25,650 | (-)2,412 |
| | લોન અને પેશગીઓની ચૂકવણીઓ | 1,731 | 1,312 | (-)419 |
| | ભારતીય રિઝર્વ બેંકમાં બંધ રોકડ સિલક | 19,601 | 24,036 | 4,435 |
| | **કુલ** | **1,82,184** | **1,91,897** | **9,713** |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

**આલેખ 2.1: સંસાધનોના ઘટકો (₹ કરોડમાં)**




**આલેખ 2.2 : સંસાધનોનો ઉપયોગ (₹ કરોડમાં)**



પાંચ વર્ષના સમયગાળા (2015-20) માટે રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ પરની સમય શ્રેણી-વાર માહિતી **પરિશિષ્ટ 2.1**માં આપી છે.

## 2.3 રાજ્યના સંસાધનો

રાજ્યના સંસાધનોની વિગતો નીચે મુજબ છે.

1. મહેસૂલી આવકમાં કર આવક, બિન-કર આવક, કેન્દ્રિય કર અને જકાતમાં રાજ્યનો હિસ્સો અને ભારત સરકાર તરફથી સહાયક અનુદાન સામેલ હોય છે.
2. મૂડી આવકમાં પરચુરણ મૂડી આવક, જેવી કે વિનિવેશમાંથી ઉપજેલી રકમ, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સ્રોતોમાંથી મળેલ ઋણ (બજાર લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો પાસેથી ઋણ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે.

   મહેસૂલી અને મૂડી આવક એ બન્ને રાજ્યના સંચિત નિધિનો ભાગ હોય છે.


3. ચોખ્ખી જાહેર હિસાબની આવકોઃ કેટલાક વ્યવહારોની બાબતમાં આવક અને ચૂકવણીઓ થતી હોય છે, જેવી કે, નાની બચત, પ્રોવિડન્ટ ફંડ, અનામત ભંડોળ, થાપણો, ઉપલક, ભરણા વગેરે જે સંચિત નિધિનો હિસ્સો બનતા નથી.

   આ બધાને બંધારણની કલમ 266 (2) હેઠળ સ્થપાયેલા જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્યની વિધાનસભા દ્વારા મતપાત્ર થતા નથી. અહીં, સરકાર બેંકર તરીકેની ભૂમિકા ભજવે છે. ચૂકવણીઓ બાદની સિલક એ સરકાર પાસે ઉપયોગ માટે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

### 2.3.1 રાજ્યની આવક

2019-20 દરમિયાન રાજ્યની આવકનું બંધારણ **આલેખ 2.3**માં આપવામાં આવેલ છે.

**આલેખ 2.3: 2019-20 દરમિયાન રાજ્યની આવકનું બંધારણ**



## 2.3.2 રાજ્યની મહેસૂલી આવક

આ ફકરો કુલ મહેસૂલી આવકના વલણો અને તેના ઘટકોની વિગતો દર્શાવે છે. ઉપરાંત રાજ્યની પોતાની આવક અને કેન્દ્ર સરકાર તરફથી આવક એ રીતે વિભાજીત આવકના વલણો દર્શાવે છે.

### 2.3.2.1 મહેસૂલી આવકના વલણો અને વૃધ્ધિ

**કોઠો 2.3** મહેસૂલી આવકના વલણો અને વૃધ્ધિ અને પાંચ વર્ષના સમયગાળા (2015-20) દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં મહેસૂલની તરલતા એ બન્ને દર્શાવે છે. ઉપરાંત, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંબંધમાં મહેસૂલી આવકના વલણો, મહેસૂલી આવકના ઘટકો અને મહેસૂલી આવકના ઘટકોના માસ-વાર વલણો અનુક્રમે **આલેખ 2.4, 2.5** અને **2.6**માં આપ્યા છે.

**કોઠો 2.3: મહેસૂલી આવકનું વલણ**

| પરિમાણો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| મહેસૂલી આવક (₹ કરોડમાં) | 97,483 | 1,09,842 | 1,23,291 | 1,36,002 | 1,42,844 |
| મહેસૂલી આવકનો વૃધ્ધિ દર (ટકા) | 5.99 | 12.68 | 12.24 | 10.31 | 5.03 |
| પોતાની કર આવક (₹ કરોડમાં) | 62,649 | 64,443 | 71,549 | 80,103 | 79,008 |
| બિન-કર આવક (₹ કરોડમાં) | 10,194 | 13,346 | 15,074 | 13,417 | 18,104 |
| પોતાની આવક (પોતાની કર અને બિન-કર આવક) (₹ કરોડમાં) | 72,843 | 77,789 | 86,623 | 93,520 | 97,112 |
| પોતાની આવકનો વૃધ્ધિ દર (પોતાની કર અને બિન-કર આવક) (ટકા) | 2.77 | 6.79 | 11.36 | 7.96 | 3.84 |
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (₹ કરોડમાં) (2011-12 શ્રેણી) | 10,29,010 | 11,67,156 | 13,28,068 (P) | 15,01,944 (Q) | 16,63,362 (A) |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | 11.63 | 13.43 | 13.79 | 13.09 | 10.75 |
| મહેસૂલી આવક/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા) | 9.47 | 9.41 | 9.28 | 9.06 | 8.59 |
| **તરલતાના દર્શકો**[1] | | | | | |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં | 0.52 | 0.94 | 0.89 | 0.79 | 0.47 |

[1] તરલતાનો દર્શક એ એક પરિમાણનો અન્ય પરિમાણના વૃધ્ધિના દરના સંદર્ભમાં વૃધ્ધિનો દર છે. તરલતાનો ગુણોત્તર મૂળ ચલાંકોમાં કરવામાં આવેલા ફેરફારના સેદર્ભમાં બીજાની સ્થિતિસ્થાપકતા અથવા પ્રતિભાવનુ પ્રમાણ દર્શાવે છે. દાખલા તરીકે, રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં 0.47ની મહેસૂલી તરલતા સૂચવે છે કે જો રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન એક ટકા વધે તો મહેસૂલી આવક 0.47 ટકા પોઇન્ટ જેટલી વધવાનુ વલણ ધરાવે છે,


| પરિમાણો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| આવકની તરલતા | | | | | |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં રાજ્યની પોતાની આવકની તરલતા | 0.24 | 0.51 | 0.82 | 0.61 | 0.36 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો


સ્રોત (રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના આંકડા): ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ પત્રક (2020-21 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30)

(P): કામચલાઉ અંદાજો (Q): ત્વરિત અંદાજો, (A): અગ્રિમ અંદાજો


**આલેખ 2.4: મહેસૂલી આવકના વલણો**




**આલેખ 2.5: મહેસૂલી આવક ના ઘટકોના વલણો**



**આલેખ 2.6: 2019-20 દરમિયાન આવકનો માસિક પ્રવાહ**




2015-20 દરમિયાનના મહેસૂલી આવકના વલણોમાં નીચે મુજબ ધ્યાન પર આવ્યું હતું.

- મહેસૂલી આવક 2015-16માં ₹ 97,483 કરોડ હતી તે 46.53 ટકાના ચક્રવૃધ્ધિ વાર્ષિક વૃધ્ધિ દરે વધીને 2019-20માં ₹ 1,42,844 કરોડ થઇ હતી. 2019-20 દરમિયાન, મહેસૂલી આવકમાં પાછલા વર્ષની સરખામણીએ ₹ 6,842 કરોડ (5.03 ટકા) જેટલો વધારો થયો હતો.
- 2019-20 દરમિયાન મહેસૂલી આવકનો નોંધપાત્ર હિસ્સો (67.98 ટકા) રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રિય કરની તબદીલીઓ અને સહાયક અનુદાને 32.02 ટકા જેટલો ફાળો આપ્યો હતો.
- **કોઠો 2.3** દર્શાવે છે કે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે મહેસૂલી આવકની ટકાવારી 2015-16માં 9.47 ટકા હતી તે સતત ઘટતી રહીને 2019-20માં 8.59 ટકા થઇ હતી જે દર્શાવે છે કે 2015-20માં જે દરે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની વૃધ્ધિ થઇ હતી તેની સાથે મહેસૂલી આવકે ગતિ જાળવી ન હતી.

## 2.3.2.2 રાજ્યના પોતાના સંસાધનો

કેન્દ્રિય કરવેરામાં રાજ્યના હિસ્સાનું નિર્ધારણ નાણા પંચની ભલામણોના આધારે કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર પાસેથી સહાયક અનુદાનનું નિર્ધારણ કેન્દ્રિય કર આવકની વસૂલાતનું પ્રમાણ અને યોજનાઓ માટે અપેક્ષિત કેન્દ્રિય સહાય વગેરે દ્વારા કરવામાં આવે છે.


વધારાના સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી તેની પોતાના કર અને બિન-કર સ્રોતોમાંથી આવક સામેલ હોય એવા તેના પોતાના સંસાધનોના રૂપમાં કરવાની હોય છે.

## *રાજ્યની પોતાની કર આવક*

રાજ્યની પોતાની કર આવકમાં રાજ્ય માલસામાન અને સેવા કર, રાજ્ય આબકારી, વાહનો પર કર, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી, જમીન મહેસૂલ, માલસામાન અને યાત્રિઓ પરનો કર વગેરેનો સમાવેશ થાય છે.

છેલ્લા પાંચ વર્ષો (2015-20) દરમિયાન રાજ્યની પોતાની કર આવકની વૃધ્ધિ **આલેખ 2.7**માં દર્શાવી છે.

**આલેખ 2.7: 2015-20 દરમિયાન પોતાની કર આવકની વૃધ્ધિ**




2015-20 દરમિયાન રાજ્યની પોતાની કર આવકના ઘટકો **કોઠા 2.4**માં દર્શાવ્યા છે.

**કોઠો 2.4: 2015-20 દરમિયાન રાજ્યની પોતાની કર આવકના ઘટકો**

(₹ કરોડમાં)

| મહેસૂલી સદર | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર |
| વેચાણ વેરો /મૂલ્ય વર્ધિત વેરો (VAT) | 44,091.05 | 46,313.78 | 29,638.88 | 22,414.25 | 24,840.00 | 21,071.72 |
| મનોરંજન કર અને સુખસુવિધા કર | 195.63 | 223.57 | 85.41 | 3.32 | 85.92 | 3.69 |
| રાજ્ય માલસામાન અને સેવા કર | શૂન્ય | શૂન્ય | 21,250.85 | 34,888.71 | 48,735.00 | 34,106.67 |
| રાજ્ય આબકારી | 123.32 | 151.53 | 84.75 | 130.59 | 133.67 | 138.26 |
| સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 5,549.42 | 5,782.93 | 7,254.75 | 7,780.77 | 8,972.32 | 7,701.17 |
| જમીન મહેસૂલ | 2,528.50 | 1,998.52 | 1,859.04 | 2,407.51 | 2,750.00 | 2,358.74 |
| વીજળી પરના વેરા અને જકાત | 5,999.66 | 5,833.10 | 6,484.29 | 7,347.79 | 7,900.00 | 8,774.35 |
| વાહનો પરના વેરા અને માલ અને યાત્રિ પરના વેરા | 3,273.17 | 3,279.35 | 4,016.72 | 4,235.33 | 4,625.00 | 3,895.29 |

| મહેસૂલી સદર | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર |
| અન્ય વેરા | 888.66 | 859.93 | 874.72 | 894.47 | 1,021.08 | 957.61 |
| **પોતાની કર આવક** | **62,649.41** | **64,442.71** | **71,549.41** | **80,102.74** | **99062.99** | **79,007.50** |
| GSDPની ટકાવારી રૂપે કર આવક | 6.09 | 5.52 | 5.39 | 5.33 | 5.82 | 4.75 |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કર આવક | 64.27 | 58.67 | 58.03 | 58.90 | 64.02 | 55.31 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો અને 2020-21 માટેનું ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1

રાજ્યની પોતાની કર આવક 2015-16માં ₹ 62,649.41 કરોડ હતી તે 5.97 ટકાના ચક્રવૃધ્ધિ વાર્ષિક વૃધ્ધિ દરે ₹ 16,358.09 કરોડ જેટલી વધીને 2019-20માં ₹ 79,007.50 કરોડ થઇ હતી. ચાલુ વર્ષ દરમિયાન, કર આવકમાં મુખ્ય ફાળો આપનાર રાજ્ય માલસામાન અને સેવા કર (43.17 ટકા), વેચાણ વેરો/મૂલ્ય વર્ધિત વેરો (26.67 ટકા), વીજળી પર વેરા અને જકાત (11.11 ટકા) અને સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી (9.75 ટકા) હતાં.

### *રાજ્ય માલસામાન અને સેવા કર (SGST)*

2006માં મૂલ્યવર્ધિત વેરાના (વેટ/VAT) અમલીકરણના બાર વર્ષ બાદ, કેન્દ્ર સરકારે 01 જૂલાઇ 2017 ના રોજ માલસામાન અને સેવા કર (GST) લાગુ કર્યો હતો. ગુજરાત માલસામાન અને સેવા કર અધિનિયમ, 2017 રાજ્ય વિધાનસભા દ્વારા મે 2017માં પસાર કરવામાં આવ્યો હતો અને 01 જૂલાઇ 2017થી અમલમાં આવ્યો હતો.

માલસામાન અને સેવા કર રાજ્યની અંદર માલસામાનનો પુરવઠો અથવા સેવાઓ (માનવ ઉપભોગ માટેનો આલ્કોહોલ અને પાંચ[2] નિર્દિષ્ટ પેટ્રોલિયમ પેદાશો સિવાય) પર વસૂલ કરવામાં આવે છે અને તેના ઘટકો કેન્દ્ર (CGST) અને રાજ્ય (SGST) દ્વારા વહેંચવામાં આવે છે. વધુમાં, કેન્દ્ર આંતર-રાજ્ય માલસામાનનો પુરવઠો અને સેવાઓ પર સંકલિત માલસામાન અને સેવા કર (IGST) વસૂલ કરે છે, અને કરનો રાજ્યનો હિસ્સો જે રાજ્યમાં માલસામાન અથવા સેવાઓનો ઉપભોગ કરવામાં આવ્યો હોય તેને ભાગે પડતો વહેંચવામાં આવે છે.

ભારત સરકારનો GSTNના અખિલ-ભારતના ડેટામા ઑડિટને પ્રવેશ-હક આપવાનો નિર્ણય 22 જૂન 2020ના રોજ જણાવવામાં આવ્યો હતો. આ નિર્ણયનો ગુજરાતમાં અમલ કરવાનો વહીવટી નિર્ણય નવેમ્બર 2020માં કરવામાં આવ્યો હતો. ગુજરાત સરકારના વર્ષ 2019-20 માટેના હિસાબો, આથી, રેકર્ડ જ્યારે હાથે જાળવવામાં આવતા હતાં ત્યારે કરવામાં આવતુ હતું એ રીતે, ભારત સરકારના GSTN ડેટામાં ઑડિટને પ્રવેશ હક આપવાના નિર્ણયનો સંપૂર્ણ અમલ ન થાય ત્યાં સુધી પ્રતિક ચકાસણીના આધારે પ્રમાણિત કરવામાં આવ્યાં હતાં.

2 ક્રુડ, હાઇ સ્પીડ ડિઝલ, પેટ્રોલ, એવીએસન ટર્બાઇન ફ્યુઅલ અને નેચરલ ગેસ

GSTના અમલીકરણના હિસાબે ઉભી થનાર મહેસૂલી ઘટ માટે રાજ્યોને વળતર આપવા માટે, પાંચ વર્ષના સમયગાળા માટે, પાયાના વર્ષથી (2015-16) 14 ટકાનો વાર્ષિક વૃધ્ધિ દર વિચારણામાં લઇને ભારત સરકારે, માલસામાન અને સેવા કર (રાજ્યોને વળતર) અધિનિયમ, 2017 પસાર કર્યો હતો.

ગુજરાત રાજ્ય માટે, GSTમાં વિલીન[3] થનાર આવકના ઑડિટ થયેલા પાયાના વર્ષની (2015-16) આવક ₹ 28,856.39 કરોડ જેટલી ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવી હતી. આમ, વર્ષ 2019-20 માટે ગુજરાતની રક્ષિત આવક ₹ 48,737.29 કરોડ[4] જેટલી થાય છે.

2017-18, 2018-19 અને 2019-20 દરમિયાન SGSTની વસૂલાતના વલણો **કોઠા 2.5**માં આપ્યા છે.

**કોઠો 2.5: ગુજરાત સરકારની SGST ની આવક**

(₹ કરોડમાં)

| રાજ્ય માલસામાન અને સેવા કર (SGST) | 2017-18[5] | 2018-19 | 2019-20 | 2018-19 કરતાં 2019-20 માં વધારો |
|---|---|---|---|---|
| કરવેરા | 14,882.77 | 23,160.01 | 25,169.82 | (+)8.68 |
| IGST માંથી કરવેરાની વહેંચણી | 615.60 | 806.74 | 962.08 | (+)19.26 |
| અન્ય | 5,752.48 | 10,921.96 | 7,974.77 | (-)26.98 |
| **SGSTની વસૂલાત** | **21,250.85** | **34,888.71** | **34,106.67** | **(-)2.24** |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

₹ 48,737.29 કરોડની અનુમાનિત આવકની સામે, રાજ્ય સરકારને 2019-20 દરમિયાન ₹ 33,866.82 કરોડની[6] આવક મળી હતી અને આથી, ₹ 14,870.47 કરોડના વળતર માટે હકદાર હતાં.

આમ છતાં, માર્ચ 2020 સુધીમાં ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને વળતર તરીકે ₹ 10,646.52 કરોડનું સહાયક અનુદાન મળ્યું હતું જેમાં અગાઉના વર્ષ સંબંધિત ₹ 1,668 કરોડ સામેલ હતાં. આથી, વળતરમાં ઘટ ₹ 5,891.95 કરોડ[7] જેટલી રહી હતી. ₹ 5,891.95 કરોડની

[3] GSTમાં સમાઇ ગયા હતાં તે કરવેરા આ છે: વેટ, કેન્દ્રિય વેચાણ વેરો, મનોરંજન કર, સુખ-સુવિધા કર, પ્રવેશ કર, સેસ અને સરચાર્જ, માનવ ઉપભોગ માટેના આલ્કોહોલ પર વેટ અને કે.વે.વે. સિવાયની ઔષધીય અને પ્રસાધનની બનાવટો પર આબકારી અને પાંચ નિર્દિષ્ટ પેટ્રોલિયમ ઉત્પાદનો પર કરવેરા.

[4] વાર્ષિક 14 ટકાના ચક્રવૃધ્ધિ દરે ₹ 28,856.39 કરોડની પાયાના વર્ષની ચાર વર્ષ (2016-17, 2017-18, 2018-19 અને 2019-20) આવક ગણતા 2019-20 માટે ₹ 48,737.29 કરોડ જેટલી થાય છે.

[5] 01 જૂલાઇ 2017થી શરૂ કરીને માર્ચ 2018ના સમયગાળા માટે.

[6] ₹ 34,106.67 કરોડ (SGST) અને (-) ₹ 239.85 કરોડ (વિલીન થયેલા VAT સિવાયના ચોખ્ખા)

[7] ₹ 14,870.47 કરોડ – (₹ 10,646.52 કરોડ– ₹ 1,668 કરોડ)

ઘટમાંથી, ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને ₹ 5,822.48 કરોડ મળ્યા હતાં (નવેમ્બર 2020 સુધીમાં), અને 2019-20 માટે ₹ 69.47 કરોડની ચોખ્ખી ઘટ રહી હતી (ડિસેમ્બર 2020).

## *મહેસૂલની પાછલી બાકીનું વિશ્લેષણ*

મહેસૂલની પાછલી બાકી સરકારને મળવાપાત્ર મહેસૂલની વિલંબિત વસૂલાત દર્શાવે છે.

31 માર્ચ 2020ની સ્થિતિએ વેટ/વેચાણ વેરો અને વીજળી પરના વેરા અને જકાત પરની મહેસૂલની પાછલી બાકી ₹ 54,222.61 કરોડ હતી જે પૈકી **કોઠા 2.6**ની વિગતો મુજબ ₹ 23,684.14 કરોડ પાંચ કરતાં વધુ વર્ષોથી બાકી હતાં.

**કોઠો 2.6: મહેસૂલની પાછલી બાકી**

(₹ કરોડમાં)

| ક્રમાંક | મહેસૂલી સદર | 31 માર્ચ 2020 ના રોજ કુલ બાકી રકમ | 31 માર્ચ 2020 ના રોજ પાંચ કરતાં અધિક વર્ષો માટે બાકી રકમ | નોંધ |
|---|---|---|---|---|
| 1. | વેટ/ વેચાણ વેરો | 54,062.00 | 23,551.41 | વસૂલાત પ્રમાણપત્રો જારી કર્યાઃ ₹ 151.40 કરોડ; હાઇ કોર્ટ, અન્ય ન્યાયિક સત્તાવાળાઓ અને સરકારે વસૂલાત પર મનાઇ હુકમ આપ્યોઃ ₹ 17,619.40 કરોડ; વેપારીઓની નાદારીઃ ₹ 3,106.78 કરોડ; અન્ય તબક્કાઃ ₹ 33,184.42 કરોડ. |
| 2. | વીજળી પર વેરા અને જકાત | 160.61 | 132.73 | વસૂલાત પ્રમાણપત્રો જારી કર્યાઃ ₹ 45.47 કરોડ; અદાલતી મનાઇ હુકમઃ ₹ 87.26 કરોડ; બાકીનાઃ ₹ 27.88 કરોડ માટે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ દ્વારા વિગતો પૂરી પાડવામાં આવી ન હતી. |
| | કુલ | **54,222.61** | **23,684.14** | |

સ્રોતઃ વિભાગોએ રજૂ કરેલી માહિતી

સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી, વાહન વેરો અને માલસામાન અને યાત્રીઓ પરના વેરા અને તેલ અને કુદરતી ગેસની આવકની (પેટ્રોલિયમ નિયામક) બાબતમાં ઑડિટ દ્વારા મે/સપ્ટેમ્બર 2020માં વિનંતી કરી હોવા છતાં મહેસૂલની પાછલી બાકીની વિગતો વિભાગો દ્વારા આપવામાં આવી ન હતી.

## *આકારણીઓની પાછલી બાકીનું વિશ્લેષણ*

આકારણીઓની પાછલી બાકી, આકારણીમાં વિલંબના કારણે સ્થગિત થયેલી સંભવિત આવક દર્શાવે છે.

વેટ/વેચાણ વેરો અને વ્યવસાય વેરાની બાબતમાં વેચાણ વેરા અને વાણિજ્યિક વેરા વિભાગે રજૂ કરેલી વિગતો મુજબ વર્ષની શરૂઆતમાં પડતર કેસોની વિગતો, આકારણી માટે પાત્ર થતા કિસ્સા, વર્ષ દરમિયાન નિકાલ થયેલા કિસ્સા અને વર્ષના અંતે અંતિમરૂપ આપવા માટે પડતર કિસ્સાની સંખ્યા **કોઠા 2.7**માં દર્શાવ્યા પ્રમાણે હતી.

**કોઠો 2.7: પાછલી બાકી આકારણીઓ**

(સંખ્યામાં)

| મહેસૂલી સદર | ખૂલતી સિલક | 2019-20 દરમિયાન આકારણીપાત્ર નવા કિસ્સા | કુલ આકારણીપાત્ર | 2019-20 દરમિયાન નિકાલ કરેલા કિસ્સા | વર્ષના અંતે 31 માર્ચ 2020ના રોજ બાકી | નિકાલની ટકાવારી (સ્તંભ 4ની સામે 5) |
|---|---|---|---|---|---|---|
| વેટ/વેચાણ વેરો | 3,62,848 | 7,043 | 3,69,891 | 6,183 | 3,63,708 | 1.67 |
| વ્યવસાય વેરો | 27,515 | 5,782 | 33,297 | 327 | 32,970 | 0.98 |
| કુલ | **3,90,363** | **12,825** | **4,03,188** | **6,510** | **3,96,678** | **1.61** |

(સ્રોતઃ વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી)

ઉપરના કોઠામાં જોઇ શકાય છે કે 2019-20 દરમિયાન આકારણીઓનો નિકાલ 1.61 ટકા હતો જ્યારે 2018-19માં[8] તે 23.78 ટકા હતો. કિસ્સાઓનો ઝડપથી નિકાલ કરવા માટે વિભાગે વધુ પ્રયત્નો કરવાની જરૂર છે.

## *વિભાગ દ્વારા શોધી કઢાયેલી કરચોરી*

વિભાગ દ્વારા શોધી કઢાયેલી કરચોરી, અંતિમરૂપ અપાયેલા કિસ્સાઓ અને વધારાના વેરા માટે ઉભા કરાયેલા માંગણાના કેસો રાજ્ય સરકારના મહેસૂલી વસૂલાત માટે કરવામાં આવેલા પ્રયત્નોના મહત્વના દર્શકો છે.

બે વિભાગો દ્વારા (નાણા અને મહેસૂલ) દ્વારા જણાવ્યા મુજબ, શોધી કઢાયેલા કરચોરીના કિસ્સા, અંતિમરૂપ અપાયેલા કિસ્સા અને વધારાના વેરા માટે કરેલા માંગણા, **કોઠા 2.8**માં આપ્યા છે.

[8] ગુજરાત સરકારનો વર્ષ 2020નો અહેવાલ નં. 3

**કોઠો 2.8: કરચોરીના કિસ્સા**

(₹ કરોડમાં)

| ક્રમાંક | મહેસૂલી સદર | 1 એપ્રિલ 2019ના રોજ પડતર કિસ્સા | 2019-20 દરમિયાન શોધી કઢાયેલા કિસ્સા | કુલ | આકારણી/તપાસ પૂર્ણ કરવામાં આવી હતી અને દંડ વગેરે સહિત વધારાનું માંગણું ઉભુ કરવામાં આવ્યું હોય એવા કિસ્સાની સંખ્યા | | 31 માર્ચ 2020ની સ્થિતિએ અંતિમ રૂપ આપવાનું બાકી હોય એવા કિસ્સાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | કિસ્સાની સંખ્યા | માંગણાની રકમ | |
| 1 | વેટ/વેચાણ વેરો | 306 | 218 | 524 | 170 | 1,289.69 | 354 |
| 2 | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 1,255 | - | 1,255 | 79 | 19.43 | 1,176* |
| | **કુલ** | **1,561** | **218** | **1,779** | **249** | **1,309.12** | **1,530** |

(સ્રોતો: વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી)

*આ માહિતી માત્ર નોંધણી મહાનિરીક્ષકને લગતી છે અને સ્ટેમ્પ અધિક્ષક પાસેથી માહિતી આવવાની બાકી છે.

અહીં જોઇ શકાય છે કે, માર્ચ 2020ના અંતે 86 ટકા કિસ્સાને અંતિમ રૂપ આપવાનું બાકી હતું.

ઑડિટ દ્વારા મે/સપ્ટેમ્બર 2020માં વિનંતી કરવામાં આવી હોવા છતાં અન્ય વિભાગો જેવા કે બંદરો અને પરિવહન, મહેસૂલ (જમીન મહેસૂલની બાબતમાં), ઉદ્યોગ અને ખાણ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વગેરેએ કર/મહેસૂલની કરચોરી અંગેની માહિતી રજૂ કરી ન હતી.

## *પડતર રિફન્ડના કિસ્સા*

રિફન્ડના કિસ્સાના નિકાલમાં શીઘ્રતા એ વિભાગની કામગીરીનો મહત્વનો દર્શક છે.

વિભાગોએ જણાવ્યા મુજબ, વર્ષની શરૂઆતમાં પડતર રિફન્ડના કિસ્સાની સંખ્યા, વર્ષ દરમિયાન મળેલા દાવા, વર્ષ દરમિયાન મંજૂર કરેલા રિફન્ડ અને વર્ષના અંતે બાકી રહેલ કિસ્સા **કોઠા 2.9**માં આપ્યા છે.

**કોઠો 2.9: રિફન્ડના કિસ્સા**

(₹ કરોડમાં)

| ક્રમાંક | વિગતો | માલસામાન અને સેવા કર | | વેટ/વેચાણ વેરો | | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી** | |
|---|---|---|---|---|---|---|---|
| | | કિસ્સાની સંખ્યા | રકમ | કિસ્સાની સંખ્યા | રકમ | કિસ્સાની સંખ્યા | રકમ |
| 1. | 01 એપ્રિલ 2019ના રોજ બાકી દાવાઓ | 1,093 | 162.95 | 6,906 | 1,238.94 | - | - |
| 2. | વર્ષ દરમિયાન મળેલા દાવાઓ | 29,033 | 5,523.66 | 15,817 | 1,006.46 | 104 | 1.00 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 3. | વર્ષ દરમિયાન આપેલ રિફન્ડ | 22,883 | 4,380.75 | 21,965 | 1,804.61 | 104 | 1.00 |
| 4. | વર્ષ દરમિયાન નામંજૂર થયેલ રિફન્ડ | 2,524 | 536.36 | 0 | 0 | - | - |
| 5. | 31 માર્ચ 2020ના રોજ બાકી | 4,719 | 769.50 | 758 | 440.79 | - | - |

(સ્રોત: વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી)

** માહિતી માત્ર નોંધણી મહાનિરીક્ષકને લગતી છે અને અન્ય સ્ટેમ્પ અધિક્ષક પાસેથી માહિતી આવવાની બાકી હતી.

મહેસૂલ વિભાગ (જમીન મહેસૂલની બાબતમાં), પરિવહન વિભાગ અને ઉદ્યોગ અને ખાણ વિભાગોને, મે/સપ્ટેમ્બર 2020માં વિનંતી કરવામાં આવી હોવા છતાં માર્ચ 2020ના અંતે પડતર રિફન્ડ કિસ્સાની વિગતો રજૂ કરી ન હતી.

### *બિન-કર આવક*

બિન-કર આવકમાં વ્યાજની આવક, ડિવિડન્ડ અને નફો, ખાણકામની આવક, વિભાગીય આવક વગેરે સામેલ હોય છે.

છેલ્લા પાંચ વર્ષ (2015-20) માટેના બિન-કર આવકના મુખ્ય સ્રોતો અને તેમના વલણનું વિશ્લેષણ **કોઠા 2.10** માં દર્શાવ્યા છે.

**કોઠો 2.10: 2015-20 દરમિયાન રાજ્યના બિન-કર મહેસૂલના મુખ્ય ઘટકો**

(₹ કરોડમાં)

| મહેસૂલી સદર | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર |
| વ્યાજની આવક | 843.00 | 2,580.10 | 1,081.44 | 1,611.71 | 1,296.00 | 2,331.15 |
| બિન-લોહ ખાણકામ અને ધાતુકામ ઉદ્યોગો | 3,350.19 | 3,746.50 | 8,988.62 | 4,863.00 | 5,880.00 | 4,147.91 |
| મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ | 1,028.42 | 1,086.10 | 1,211.52 | 1,326.95 | 1,433.74 | 1,365.02 |
| બંદરો અને દીવાદાંડીઓ | 922.24 | 933.49 | 967.59 | 1,153.35 | 1,498.28 | 1,361.26 |
| તબીબી અને જાહેર આરોગ્ય | 171.51 | 981.98 | 173.81 | 271.59 | 248.89 | 1,473.06 |
| પોલીસ | 219.82 | 248.88 | 318.01 | 312.19 | 385.19 | 467.53 |
| ડિવિડન્ડ અને નફો | 96.06 | 110.10 | 96.29 | 120.03 | 132.23 | 89.00 |
| અન્ય | 3,562.27 | 3,658.51 | 2,236.69 | 3,758.17 | 3,105.40 | 6,869.22 |
| **બિન-કર આવક** | **10,193.51** | **13,345.66** | **15,073.97** | **13,416.99** | **13,979.73** | **18,104.15** |

| મહેસૂલી સદર | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે બિન-કર આવક | 0.99 | 1.14 | 1.14 | 0.89 | 0.82 | 1.09 |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે બિન-કર આવક | 10.46 | 12.15 | 12.23 | 9.87 | 9.03 | 12.67 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો અને 2019-20 માટે ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1

બિન-કર આવક, જે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યની મહેસૂલી આવકના 9.87 ટકા અને 12.67 ટકા વચ્ચે રહી હતી, તે પાછલા વર્ષની તુલનાએ 2019-20 દરમિયાન નોંધપાત્ર રીતે ₹ 4,687.16 કરોડ (34.93 ટકા) જેટલી વધી હતી. પાછલા વર્ષ કરતાં 2019-20માં બિન-કર આવકમાં વધારો મુખ્યત્વે તબીબી અને જાહેર આરોગ્યમાં ₹ 1,201.47 કરોડ જેટલો; શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિમાં ₹ 969.50 કરોડ જેટલો; શહેરી વિકાસ ₹ 800.28 કરોડ જેટલો અને વ્યાજની આવકમાં ₹ 719.44 કરોડ જેટલો અધિક આવકના કારણે થયો હતો. વ્યાજની આવક ખરેખર ઉપાર્જીત થયેલી હતી અને ચોપડે સમાયોજન કરેલી ન હતી.

જળ સંપત્તિનું વ્યવસ્થાપન પાણી પુરવઠા વિભાગને સોંપવામાં આવ્યું છે. સિંચાઇ અને બિન-સિંચાઇના (વાણિજ્યિક/ઘરગથ્થુ વપરાશ) હેતુઓ માટે અપાતા પાણી પુરવઠામાંથી થતી આવક, વિભાગ માટે આવકનો અત્યંત મહત્વનો સ્રોત છે. ગુજરાત સિંચાઇ અને ડ્રેનેજ એક્ટ, 2013ની કલમ 30 નિયત કરે છે કે સિંચાઇ અને બિન-સિંચાઇના હેતુઓ માટે નહેરનું પાણી પુરૂ પાડવા માટે વસૂલ કરવાપાત્ર દરો સરકાર નક્કી કરી શકશે. આ રીતે નિયત કરેલા દરો સમયાંતરે સુધારવામાં આવે છે.

માર્ચ 2020ના અંતે, **કોઠા 2.11**માં દર્શાવ્યા મુજબ, ₹ 9,907.56 કરોડ જેટલો પાણીનો લાગો બાકી હતો.

**કોઠો 2.11: માર્ચ 2020ના અંતે પાણીના બાકી લાગાની વિગતો**

(₹ કરોડમાં)

| નાણાકીય વર્ષ | પાણીનો બાકી લાગો (એકત્રિત) | | |
|---|---|---|---|
| | સિંચાઇ | બિન-સિંચાઇ | કૂલ |
| 2017-18 | 333.42 | 7,835.15 | 8,168.57 |
| 2018-19 | 349.88 | 8,725.43 | 9,075.31 |
| 2019-20 | 354.85 | 9,552.71 | 9,907.56 |

સ્રોત: વિભાગે પૂરી પાડેલી માહિતી

એવું જોઇ શકાય છે કે સિંચાઇ અને બિન-સિંચાઇ બન્ને હેતુઓ માટેના પાણીના લાગાની બાકીમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સતત વધારો થઇ રહ્યો હતો. લેણી રકમની વસૂલાત માટે વિભાગે જરૂરી પગલાં લેવાની જરૂર છે.

### 2.3.2.3 કેન્દ્ર તરફથી તબદીલીઓ

કેન્દ્રિય કરની તબદીલીઓ (એટલે કે કેન્દ્રિય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો) અને સહાયક અનુદાન ભારત સરકાર તરફથી થતી તબદીલીઓના બે મુખ્ય ઘટકો છે. છેલ્લા 10 વર્ષો (2010-20) દરમિયાન કેન્દ્ર તરફથી તબદીલીઓના વલણનું વિશ્લેષણ **કોઠા 2.12**માં દર્શાવ્યું છે.

**કોઠો 2.12: કેન્દ્ર તરફથી તબદીલીઓ**


(₹ કરોડમાં)

| વિગતો | 2010-11 | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **કેન્દ્રિય કરની તબદીલીઓ** | 6,679.44 | 7,780.31 | 8,869.04 | 9,701.93 | 10,296.35 | 15,690.43 | 18,835.39 | 20,782.29 | 23,489.33 | 20,232.09 |
| **સહાયક અનુદાન** | 4,430.55 | 5,649.86 | 6,445.80 | 6,883.13 | 10,799.01 | 8,949.22 | 13,218.05 | 15,885.60 | 18,992.48 | 25,500.02 |
| કુલ | **11,109.99** | **13,430.17** | **15,314.84** | **16,585.06** | **21,095.36** | **24,639.65** | **32,053.44** | **36,667.89** | **42,481.81** | **45,732.11** |
| પાછલા વર્ષ કરતાં ટકાવારીમાં વધારો | 17.19 | 20.88 | 14.03 | 8.29 | 27.19 | 16.80 | 30.09 | 14.40 | 15.86 | 7.65 |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કેન્દ્ર તરફથી કુલ તબદીલીઓ | 21.22 | 21.33 | 20.36 | 20.74 | 22.94 | 25.28 | 29.18 | 29.74 | 31.24 | 32.02 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

કેન્દ્રિય તબદીલીઓ 2010-11માં ₹ 11,109.99 કરોડ હતી તે 312 ટકા જેટલી વધીને 2019-20માં ₹ 45,732.11 કરોડ થઇ હતી. દસ વર્ષના સમયગાળા દરમિયાન, પાછલા વર્ષની સામે ટકાવારી મુજબ વધારો 7.65 ટકા (2019-20) અને 30.09 ટકા (2016-17) વચ્ચે રહ્યો હતો.

**આલેખ 2.8: કેન્દ્રિય તબદીલીઓના વલણો**



## *કેન્દ્રિય કરની તબદીલીઓ*

ચૌદમા નાણા પંચે (14મું નાણા પંચ) ભલામણ કરી હતી કે કેન્દ્રિય કરવેરામાં રાજ્યનો હિસ્સો તેરમા નાણા પંચની (13મું નાણા પંચ) ભલામણ મુજબ 32 ટકામાંથી વધારીને 42 ટકા કરવો જોઇએ. 2015-20ના ચુકાદાના સમયગાળા માટે ચૌદમા નાણા પંચ દ્વારા કેન્દ્રિય કરવેરા અને સેવા કરની ચોખ્ખી ઉપજમાં ગુજરાતનો હિસ્સો અનુક્રમે 3.084 ટકા અને 3.172 ટકા જેટલો નિયત કરવામાં આવ્યો હતો. નાણા પંચના અનુમાનોની સામે ખરેખર તબદીલી કોઠા **2.13**માં દર્શાવી છે.

**કોઠો 2.13: કેન્દ્રિય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો: નાણા પંચના અનુમાનો સામે ખરેખર તબદીલી**

(₹ કરોડમાં)

| વર્ષ | નાણા પંચના અનુમાનો | નાણા પંચના અહેવાલમાં અનુમાનો | ખરેખર કર તબદીલી | તફાવત |
|---|---|---|---|---|
| 2010-11 | સેવા કર સિવાય – 3.041 ટકા અને સેવા કર સાથે- 3.089 ટકા (13 મુ નાણા પંચ) | 9,541 | 6,679 | 2,862 |
| 2011-12 | | 11,190 | 7,780 | 3,410 |
| 2012-13 | | 13,199 | 8,869 | 4,330 |
| 2013-14 | | 15,569 | 9,702 | 5,867 |
| 2014-15 | | 18,365 | 10,296 | 8,069 |
| 2015-16 | સર્વિસ ટેક્ષ સિવાય – 3.084 ટકા અને સર્વિસ ટેક્ષ - 3.172 ટકા (14મુ નાણા પંચ) | 20,397 | 15,691 | 4,706 |
| 2016-17 | | 23,463 | 18,835 | 4,628 |
| 2017-18 | | 27,026 | 20,782 | 6,244 |
| 2018-19 | | 31,166 | 23,489 | 7,677 |
| 2019-20 | | 35,982 | 20,232 | 15,750 |

સ્રોત: નાણા પંચના અહેવાલો અને રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

2015-20 દરમિયાન કેન્દ્રિય કરની તબદીલીઓના મુખ્ય ઘટકો કોઠા 2.14માં દર્શાવ્યા છે.

**કોઠો 2.14: કેન્દ્રિય કરની તબદીલીઓના ઘટકો**

(₹ કરોડમાં)

| વિગતો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | પાછલા વર્ષની સામે ટકાવારીમાં ફેરફાર |
|---|---|---|---|---|---|---|
| **પ્રત્યક્ષ કર** | | | | | | |
| કોર્પોરેશન કર | 4,928.55 | 6,027.35 | 6,361.23 | 8,167.69 | 6,898.37 | (-)15.55 |
| આવક પર કોર્પોરેશન કર સિવાયનો કર | 3,423.89 | 4,189.02 | 5,371.41 | 6,015.16 | 5,405.35 | (-)10.14 |
| સંપત્તિ વેરો | 1.19 | 13.80 | 0 | 2.99 | 0.30 | (-)89.97 |
| પેટા-સરવાળો | **8,353.63** | **10,230.17** | **11,732.64** | **14,185.84** | **12,304.02** | **(-)13.27** |
| **અપ્રત્યક્ષ કર** | | | | | | |

| વિગતો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | પાછલા વર્ષની સામે ટકાવારીમાં ફેરફાર |
|---|---|---|---|---|---|---|
| કેન્દ્રિય **માલસામાન અને સેવા** કર | **માલસામાન અને સેવા** કરનો અમલ 01 જૂલાઇ 2017થી કરવામાં આવ્યો હતો | | 291.72 | 5,796.85 | 5,741.16 | (-)0.96 |
| સંકલિત **માલસામાન અને સેવા** કર | | | 2,097.04[9] | 462.60 | 0 | (-)100.00 |
| સીમા શુલ્ક | 2,505.81 | 2,592.73 | 2,096.40 | 1,664.83 | 1,282.45 | (-)22.97 |
| કેન્દ્રિય આબકારી | 2,087.30 | 2,960.67 | 2,191.29 | 1,106.37 | 891.64 | (-)19.41 |
| સેવા કર | 2,732.28 | 3,051.76 | 2,373.20 | 218.18 | 0 | (-)100.00 |
| અન્યો | 11.41 | 0.06 | 0 | 54.66 | 12.82 | (-)76.55 |
| પેટા-સરવાળો | **7,336.80** | **8,605.22** | **9,049.65** | **9,303.49** | **7,928.07** | **(-)14.78** |
| કુલ | **15,690.43** | **18,835.39** | **20,782.29** | **23,489.33** | **20,232.09** | **(-)13.87** |
| પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં વધારો | 52.39 | 20.04 | 10.34 | 13.03 | (-)13.87 | |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કેન્દ્રિય કરની તબદીલીઓ | 16.10 | 17.15 | 16.86 | 17.27 | 14.16 | |

સ્રોતઃ રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

2019-20માં ₹ 20,232.09 કરોડની કેન્દ્રિય કરની તબદીલી પાછલા વર્ષની તુલનાએ 13.87 ટકા જેટલી ઓછી હતી. કેન્દ્રિય કરની તબદીલીઓના બન્ને ઘટકો એટલે કે પ્રત્યક્ષ કર અને અપ્રત્યક્ષ કરમાં પણ અગાઉના વર્ષની સામે અનુક્રમે 13.27 ટકા અને 14.78 ટકા જેટલો ઘટાડો થયો હતો. 2015-20ના સમયગાળા દરમિયાન 2019-20માં પ્રથમ વાર તે ઘટી પણ ગયા હતાં. સંકલિત માલસામાન અને સેવા કરનો હિસ્સો વર્ષ દરમિયાન રાજ્યને છુટો કરવામા આવ્યો ન હતો.

## *ભારત સરકાર તરફથી સહાયક અનુદાન*

ભારત સરકાર તરફથી 2015-20 દરમિયાન મળેલા સહાયક અનુદાનના ઘટકો **કોઠા 2.15** માં દર્શાવ્યા છે.

[9] આમાં તદર્થ અનિર્ણિત સંકલિત માલસામાન અને સેવા કરના (IGST) અગ્રિમ વિભાજનનો સમાવેશ થાય છે. (₹ 1,062 કરોડ).

**કોઠો 2.15: ભારત સરકાર તરફથી સહાયક અનુદાન**

(₹ કરોડમાં)

| વિગતો[10] | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| બિન-આયોજન અનુદાન | 2,179.28 | 3,192.93 | 0.00 | 0.00 | 0.00 |
| રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ માટે અનુદાન-આયોજન યોજનાઓ | 6,064.11 | 8,505.95 | 0.00 | 0.00 | 0.00 |
| કેન્દ્રિય આયોજન યોજનાઓ માટે અનુદાન | 104.28 | 53.41 | 0.00 | 0.00 | 0.00 |
| કેન્દ્ર પુરસ્કૃત આયોજન યોજનાઓ માટે અનુદાન | 601.55 | 1,465.76 | 0.00 | 0.00 | 0.00 |
| કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ | 0.00 | 0.00 | 8,942.08 | 8,784.58 | 8,724.64 |
| નાણા પંચનું અનુદાન | 0.00 | 0.00 | 3,166.85 | 3,313.36 | 5,040.24 |
| અન્ય અનુદાન (GST વળતર સહિત) | 0.00 | 0.00 | 3,776.67 | 6,894.54 | 11,735.14 |
| **કુલ** | **8,949.22** | **13,218.05** | **15,885.60** | **18,992.48** | **25,500.02** |
| અગાઉના વર્ષની સામે ટકાવારીમાં વધારો | (-)17.13 | 47.70 | 20.18 | 19.56 | 34.26 |
| મહેસૂલી આવક ની ટકાવારી રૂપે કુલ સહાયક અનુદાન | 9.18 | 12.03 | 12.88 | 13.96 | 17.85 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

ભારત સરકાર તરફથી સહાયક અનુદાન 2015-16માં ₹ 8,949.22 કરોડ હતું તે વધીને 2019-20માં ₹ 25,500.02 કરોડ થયુ હતું. આયોજન અને બિન-આયોજનનું નામાભિધાન 2017-18થી દૂર કરવામા આવ્યું હતું અને તેના બદલે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે અનુદાન, નાણા પંચના અનુદાનો અને રાજ્યોને અન્ય અનુદાનો કરવામા આવ્યું હતું.

ભારત સરકાર તરફથી 2019-20માં સહાયક અનુદાનમાં પાછલા વર્ષ કરતાં ₹ 6,507.54 કરોડ (34.26 ટકા) જેટલો વધારો થયો હતો. આ વધારો મુખ્યત્વે માલસામાન અને સેવા કરના વળતરમાં ₹ 4,497.52 કરોડ, શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે ₹ 684.06 કરોડ જેટલુ અનુદાન, ગ્રામ્ય સ્થાનિક સંસ્થાઓ માટે ₹ 605.97 કરોડ જેટલુ અનુદાન અને રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ માટે ₹ 436.85 કરોડ જેટલા અનુદાનમાં થયેલા વધારાના કારણે થયો હતો.

નીચેનો **કોઠો 2.16**, મળેલુ માસિક સહાયક અનુદાન અને રોકડ સિલક રોકાણ હિસાબની માસિક બંધ સિલક દર્શાવે છે.

[10] મહાલેખા નિયંત્રકે નાણાકીય વર્ષ 2017-18 ની અસરથી સહાયક અનુદાનના વર્ગીકરણમાં ફેરફાર કર્યો હતો.

**કોઠો 2.16: મળેલુ માસિક સહાયક અનુદાન અને રોકડ સિલક રોકાણ હિસાબની માસિક બંધ સિલક**

(₹ કરોડમાં)

| મહિનો | મળેલું સહાયક અનુદાન | રોકડ સિલક રોકાણ હિસાબની બંધ સિલક |
|---|---|---|
| એપ્રિલ 2019 | 706.96 | 10,105.80 |
| મે 2019 | 2,222.84 | 8,462.85 |
| જૂન 2019 | 1,889.86 | 7,078.25 |
| જૂલાઇ 2019 | 1,912.38 | 9,135.53 |
| ઓગષ્ટ 2019 | 2,578.31 | 9,736.93 |
| સપ્ટેમ્બર 2019 | 4,083.22 | 10,527.33 |
| ઓક્ટોબર 2019 | 349.74 | 5,295.53 |
| નવેમ્બર 2019 | 3,509.89 | 9,348.80 |
| ડિસેમ્બર 2019 | 3,324.81 | 7,778.42 |
| જાન્યુઆરી 2020 | 1,038.13 | 9,851.49 |
| ફેબ્રુઆરી 2020 | 3,064.63 | 12,375.35 |
| માર્ચ 2020 | 819.25 | 10,347.99 |

સ્રોત: સંબંધિત મહિનાઓ માટે રાજ્ય સરકારના માસિક મુલ્કી હિસાબો

## *ચૌદમા નાણા પંચ દ્વારા મંજૂર થયેલુ અનુદાન*

ચૌદમા નાણાપંચે ત્રણ પ્રકારના સહાયક અનુદાન એટલે કે સ્થાનિક સરકાર, આપદા વ્યવસ્થાપન અને વહેંચણી બાદની મહેસૂલી ખાધની બાબતમાં રાજ્યોને ભંડોળની તબદીલીની ભલામણ કરી હતી.

2019-20 દરમિયાન, ભારત સરકાર તરફથી ગુજરાત સરકારને બે પ્રકારનું અનુદાન એટલે કે સ્થાનિક સરકારને અનુદાન અને આપત્તિ વ્યવસ્થાપન માટે ₹ 5,220 કરોડની એનાયત થયેલી રકમની સામે કુલ ₹ 4,511 કરોડના અનુદાન મળ્યા હતાં. ઉપરાંત, 2015-20ના સમયગાળા માટે, ₹ 17,963 કરોડની એનાયત થયેલી રકમની સામે આ બે અનુદાનો માટે તેને ₹ 16,703 કરોડ મળ્યા હતાં. મહેસૂલી પુરાંતવાળુ રાજ્ય હોવાથી, રાજ્ય વહેંચણી બાદની મહેસૂલી ખાધનું અનુદાન મેળવવા માટે પાત્ર ન હતું.

2019-20 અને ચૌદમા નાણા પંચના સમયગાળા (2015-20) દરમિયાન એનાયત થયેલી અને મળેલી રકમોની વિગતો **કોઠા 2.17**માં દર્શાવી છે.

**કોઠો 2.17: એનાયત થયેલી અને મળેલી રકમોની વિગતો**

(₹ કરોડમાં)

| તબદીલીઓ | ચૌદમા નાણા પંચની ભલામણ | | | ભારત સરકાર દ્વારા ખરેખર છુટા કરવામાં આવ્યાં | | | રાજ્ય સરકાર તરફથી અમલકર્તા સંસ્થાઓને છુટા કરવામાં આવ્યાં | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | 2015-16 થી 2018-19 | 2019-20 | કુલ (2015-20) | 2015-16થી 2018-19 | 2019-20 | કુલ (2015-20) | 2015-16થી 2018-19 | 2019-20 | કુલ (2015-20) |
| પંચાયતી રાજની સંસ્થાઓને અનુદાનો | 6,018 | 2,616 | 8,635 | 5,801 | 2,331 | 8,132 | 5,801 | 2,331 | 8,132 |
| (a) સામાન્ય પાયાનું અનુદાન | 5,440 | 2,331 | 7,771 | 5,440 | 2,331 | 7,771 | 5,440 | 2,331 | 7,771 |
| (b) સામાન્ય કામગીરી અનુદાનો | 579 | 285 | 863 | 361 | 0 | 361 | 361 | 0 | 361 |
| શહેરી સ્થાનિક સંસ્થાઓને અનુદાનો | 4,447 | 1,961 | 6,407 | 4,113 | 1,538 | 5,651 | 4,113 | 1,538 | 5,651 |
| (a) સામાન્ય પાયાનું અનુદાન | 3,588 | 1,538 | 5,126 | 3,577 | 1,538 | 5,115 | 3,577 | 1,538 | 5,115 |
| (b) સામાન્ય કામગીરી અનુદાન | 859 | 423 | 1,281 | 536 | 0 | 536 | 536 | 0 | 536 |
| સ્થાનિક સંસ્થાઓ માટે કુલ | 10,465 | 4,577 | 15,042 | 9,914 | 3,869 | 13,783 | 9,914 | 3,869 | 13,783 |
| રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ | 2,278 | 643 | 2,921 | 2,279 | 642 | 2,921 | 2,279 | 642 | 2,921 |
| એકંદર કુલ | 12,743 | 5,220 | 17,963 | 12,193 | 4,511 | 16,703 | 12,193 | 4,511 | 16,703 |

સ્રોત: ગુજરાત સરકારનો નાણા વિભાગ

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે 2015-20 દરમિયાન ચૌદમા નાણાપંચ દ્વારા ભલામણ કરવામાં આવેલા સામાન્ય મૂળભૂત અનુદાનનો મોટો હિસ્સો સ્થાનિક સંસ્થાઓને મળ્યો હતો ત્યારે એ જ સમયગાળામાં સેવા આપવાના માપદંડો, પોતાના મહેસૂલી સંસાધનોમાં વધારો અને ઑડિટ થયેલા પૂર્ણ વાર્ષિક હિસાબો બાબતમાં ભારત સરકારના આવાસન અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા નિયત કરવામાં આવેલી શરતો પરિપૂર્ણ ન થવાના કારણે તેમણે સામાન્ય કામગીરી અનુદાનનો નોંધપાત્ર હિસ્સો (₹ 1,247 કરોડ) ગુમાવ્યો હતો.

સંબંધિત વિભાગોએ[11] આ અનુદાનો સાથે જોડાયેલી શરતોનું પાલન કરવું જોઇએ અને સુનિશ્ચિત કરવું જોઇએ કે આ હિસાબે મહેસૂલ/અનુદાનોનું કોઇ નુકસાન ન થાય.

### 2.3.3 મૂડી આવકો

મૂડી આવકોમાં પરચુરણ મૂડી આવકો જેવી કે વિનિવેશમાંથી થયેલી ઉપજ, લોન અને પેશગીઓની વસૂલાતો, આંતરિક સ્રોતોમાંથી મળેલું ઋણ (બજાર લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો પાસેથી ઋણ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ સામેલ હોય છે. જાહેર ઋણની ચૂકવણી કર્યા બાદની ચોખ્ખી જાહેર ઋણની આવક વત્તા અન્ય મૂડી આવક એ ચોખ્ખી મૂડી આવક છે.

નીચેનો કોઠો ચોખ્ખી મૂડી આવકનું બંધારણ અને વૃધ્ધિના વલણો દર્શાવે છે.

**કોઠો 2.18: ચોખ્ખી મૂડી આવકનું બંધારણ અને વૃધ્ધિના વલણો**

(₹ કરોડમાં)

| રાજ્યની મૂડી આવકના સ્રોતો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| **મૂડી આવક** | **23,611** | **28,074** | **27,299** | **43,362** | **43,927** |
| જાહેર ઋણની આવક | 23,486 | 27,668 | 26,953 | 43,146 | 43,491 |
| જાહેર ઋણની ચૂકવણી | 6,194 | 9,073 | 13,700 | 15,432 | 16,702 |
| **ચોખ્ખી જાહેર ઋણની આવક** | **17,292** | **18,595** | **13,253** | **27,714** | **26,789** |
| પરચુરણ મૂડી આવક | 0 | 240 | 0 | 65 | 106 |
| લોન અને પેશગીઓની વસૂલાત | 125 | 166 | 346 | 151 | 330 |
| **બિન-ઋણ મૂડી આવક** | **125** | **406** | **346** | **216** | **436** |
| **ચોખ્ખી મૂડી આવક** | **17,417** | **19,001** | **13,599** | **27,930** | **27,225** |
| ચોખ્ખુ આંતરિક ઋણ | 17,700 | 19,091 | 13,872 | 26,231 | 26,786 |
| વૃધ્ધિ દર (ટકા) | 23.93 | 7.86 | (-) 27.34 | 89.09 | 2.12 |
| ભારત સરકાર તરફથી ચોખ્ખી લોન અને પેશગીઓ | (-)407 | (-)496 | (-)619 | 1,483 | 3 |
| વૃધ્ધિ દર (ટકા) | 20.77 | 21.87 | 24.80 | (-) 339.58 | (-) 99.80 |
| ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | 24.00 | 7.54 | (-) 28.73 | 109.11 | (-)3.34 |
| બિન-ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | (-) 56.45 | 224.80 | (-) 14.78 | (-)37.57 | 101.85 |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | 11.63 | 13.43 | 13.79 | 13.09 | 10.75 |
| મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | 22.38 | 9.09 | (-) 28.43 | 105.38 | (-)2.53 |

સ્રોત: સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય અહેવાલો

2015-16માં મૂડી આવક ₹ 23,611 કરોડ હતી તે 86 ટકા વધીને 2019-20માં ₹ 43,927 કરોડ થઇ હતી. જો કે, 2018-19 કરતાં 2019-20માં તેમાં 1.3 ટકા જેટલો નજીવો વધારો થયો હતો.

[11] શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ અને, પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ

2019-20 દરમિયાન, મૂડી આવકના 61 ટકા ચોખ્ખા આંતરિક ઋણમાંથી આવ્યાં હતાં. ચોખ્ખી મૂડી આવક 2015-16માં ₹ 17,417 કરોડ હતી તે મહદ્અંશે ચોખ્ખી જાહેર ઋણની આવકમાં થયેલા વધારાના કારણે 56.31 ટકા જેટલી વધીને 2019-20માં ₹ 27,225 કરોડ થઇ હતી.

જાહેર ઋણની આવક ભાવિ પરત ચૂકવણીની જવાબદારીઓ ઉભી કરે છે. છેલ્લા પાંચ વર્ષો (2015-20) દરમિયાન જાહેર ઋણની આવકના 37 ટકાનો ઉપયોગ અગાઉના વર્ષોમાં લેવામાં આવેલા જાહેર ઋણની પરતચૂકવણી માટે થયો હતો જ્યારે 63 ટકા અસ્ક્યામતોના સર્જનમાં વાપરવામાં આવ્યાં હતાં.

### 2.3.4 સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરી

સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી તેના પોતાના સંસાધનો જેમાં કર અને બિન-કર આવકનો સમાવેશ થાય છે તેના રૂપમાં થાય છે.

**કોઠો 2.19: અનુમાનોની સામે કર અને બિન-કર આવક**

(₹ કરોડમાં)

| | ચૌદમા નાણા પંચના અનુમાનો | અંદાજપત્રીય અંદાજો | ખરેખર | આના સંદર્ભમાં ખરેખર ફેરફારની ટકાવારી | |
|---|---|---|---|---|---|
| | | | | અંદાજપત્રીય અંદાજો | ચૌદમા નાણા પંચના અનુમાનો |
| પોતાની કર આવક | 1,46,452.00 | 99,062.99 | 79,007.50 | (-)20.25 | (-) 46.05 |
| બિન-કર આવક | 18,262.00 | 13,979.73 | 18,104.15 | 29.50 | (-) 0.86 |

ઉપર જોઇ શકાય છે કે, અંદાજપત્રીય અંદાજો અને ચૌદમા નાણા પંચમાં નક્કી કરેલી પોતાની કર આવક માટેના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં રાજ્ય સરકારને અનુક્રમે 20 ટકા અને 46 ટકા જેટલી ઘટ પડી હતી જ્યારે બિન-કર આવક અંદાજપત્રીય લક્ષ્યાંક કરતાં 30 ટકા ઉંચી રહી હતી.

## 2.4 સંસાધનોનો ઉપયોગ

રાજ્ય સરકારને નાણાકીય જવાબદારીના કાયદાના માળખામાં રહીને ખર્ચ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, સાથે એ પણ સુનિશ્ચિત કરવાનું હોય છે કે રાજ્યની સુધારા અને એકીકરણની ચાલુ પ્રક્રિયા મૂડીગત માળખુ અને સામાજીક ક્ષેત્રના વિકાસ પ્રત્યે નિર્દિષ્ટ ખર્ચના હિસાબે ન હોય. પેટા-ફકરાઓ સહિતનો આ ફકરો રાજ્યમાં ખર્ચની ફાળવણીનું વિશ્લેષણ રજૂ કરે છે.

### 2.4.1 ખર્ચની વૃધ્ધિ અને બંધારણ

કુલ ખર્ચ, તેનું બંધારણ અને છેલ્લા પાંચ વર્ષો (2015-20) દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનમાં સંબંધિત હિસ્સો **કોઠા 2.20**માં રજૂ કર્યો છે.

**કોઠો 2.20: કુલ ખર્ચ અને તેનું બંધારણ**

(₹ કરોડમાં)

| પરિમાણો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| **કુલ ખર્ચ** | **1,20,623** | **1,26,728** | **1,45,004** | **1,62,583** | **1,67,861** |
| મહેસૂલી ખર્ચ | 95,779 | 1,03,895 | 1,18,060 | 1,32,790 | 1,40,899 |
| મૂડી ખર્ચ | 24,169 | 22,355 | 26,313 | 28,062 | 25,650 |
| લોન અને પેશગીઓ | 675 | 478 | 631 | 1,731 | 1,312 |
| **નીચેની બાબતોની ટકાવારી તરીકે રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન** | | | | | |
| કુલ ખર્ચ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન | 11.72 | 10.86 | 10.92 | 10.82 | 10.09 |
| મહેસૂલી ખર્ચ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન | 9.31 | 8.90 | 8.89 | 8.84 | 8.47 |
| મૂડી ખર્ચ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન | 2.35 | 1.92 | 1.98 | 1.87 | 1.54 |
| લોન અને પેશગીઓ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન | 0.07 | 0.04 | 0.05 | 0.12 | 0.08 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.


ઉપરનો કોઠો દર્શાવે છે કે રાજ્યનો કુલ ખર્ચ 2015-16માં ₹ 1,20,623 કરોડ હતો તે 39.16 ટકા જેટલો વધીને 2019-20માં ₹ 1,67,861 કરોડ થયો હતો. પાછલા વર્ષ કરતાં આ વર્ષ દરમિયાન, તે 3.25 ટકા જેટલો વધ્યો હતો. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની દ્રષ્ટિએ પાંચ વર્ષના સમયગાળાના (2015-20) વર્ષ 2019-20માં કુલ ખર્ચ 10.09 ટકાએ સૌથી નીચો રહ્યો હતો.

**આલેખ** 2.9 અને **2.10** પાંચ વર્ષોના (2015-20) સમયગાળા દરમિયાનના અનુક્રમે મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચના વલણો રજૂ કરે છે જ્યારે **આલેખ 2.11** કુલ ખર્ચના ઘટકોના હિસ્સામાં વલણો રજૂ કરે છે.


**આલેખ 2.9: 2015-20 દરમિયાન મહેસૂલી ખર્ચના વલણો**



**આલેખ 2.10: 2015-20 દરમિયાન મૂડી ખર્ચના વલણો**




**આલેખ 2.11: કુલ ખર્ચના ઘટકોના હિસ્સામાં વલણો**




ઉપરના આલેખમાંથી સ્પષ્ટ છે એ મુજબ, 2015-20 દરમિયાન મહેસૂલી ખર્ચ કુલ ખર્ચનો એક મુખ્ય ઘટક રહ્યો હતો અને 2019-20માં 83.94 ટકા રહ્યો હતો. આમ છતાં, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે મહેસૂલી ખર્ચ 2015-16માં 9.31 ટકા હતો તે ઘટીને 2019-20માં 8.47 ટકા થયો હતો.

2015-20 દરમિયાન પ્રવૃત્તિઓ જેવી કે સામાન્ય સેવાઓ, સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ, સહાયક અનુદાન અને લોન તથા પેશગીઓ તરીકે કુલ ખર્ચમાં વલણો **કોઠા 2.21**માં દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.21: પ્રવૃત્તિઓની રીતે કુલ ખર્ચમાં વલણો**


(હિસ્સો ટકામાં)

| પ્રવૃત્તિ | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| સામાન્ય સેવાઓ | 27.93 | 28.74 | 29.15 | 29.79 | 29.71 |
| સામાજીક સેવાઓ | 40.24 | 40.35 | 38.51 | 37.51 | 38.94 |
| આર્થિક સેવાઓ | 30.81 | 30.20 | 31.57 | 31.41 | 30.32 |
| લોન અને પેશગીઓ | 0.56 | 0.38 | 0.44 | 1.06 | 0.78 |
| સ્થાનિક સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સહાયક અનુદાન અને ફાળો | 0.46 | 0.33 | 0.33 | 0.23 | 0.25 |


સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**આલેખ** 2.12 છેલ્લા પાંચ વર્ષો (2015-20) દરમિયાન પ્રવૃત્તિઓની દ્રષ્ટિએ કુલ ખર્ચના વલણ રજૂ કરે છે અને **આલેખ** 2.13 ચાલુ વર્ષ (2019-20) દરમિયાન પ્રવૃત્તિઓની દ્રષ્ટિએ કુલ ખર્ચ રજૂ કરે છે.

**આલેખ 2.12: 2015-20 દરમિયાન પ્રવૃત્તિઓની દ્રષ્ટિએ કુલ ખર્ચના વલણ**



**આલેખ 2.13: 2019-20 દરમિયાન પ્રવૃત્તિઓની દ્રષ્ટિએ કુલ ખર્ચ**




સામાન્ય, સામાજીક અને આર્થિક સેવાઓના સંબંધિત હિસ્સાની હિલચાલે 2015-20 દરમિયાન આંતર-વર્ષ નજીવા ફેરફારો સાથે સ્થિરતા દર્શાવી હતી. 2015-16ની તુલનાએ, 2019-20 દરમિયાન સામાજીક સેવાઓનો હિસ્સો 1.3 ટકા જેટલો ઘટ્યો હતો અને સામાન્ય સેવાઓનો હિસ્સો 1.78 ટકા જેટલો વધ્યો હતો.

## 2.4.2 મહેસૂલી ખર્ચ

સેવાઓનું વર્તમાન સ્તર જાળવી રાખવા અને અગાઉની જવાબદારીઓની ચૂકવણીઓ કરવા માટે મહેસૂલી ખર્ચ કરવામાં આવે છે. આમ, તે રાજ્યના માળખા અને સેવાના માળખામાં કોઇ પરિણામલક્ષી ઉમેરો કરતું નથી.

2015-20 દરમિયાન એકંદર મહેસૂલી ખર્ચ, તેનો વૃધ્ધિ દર, કુલ ખર્ચ સામે તેનો ગુણોત્તર અને તરલતાની સામે રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન અને મહેસૂલી આવક કોઠા 2.22માં દર્શાવ્યા છે.

**કોઠો 2.22: મહેસૂલી ખર્ચના વલણો**

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ (₹ કરોડમાં) | 1,20,623 | 1,26,728 | 1,45,004 | 1,62,583 | 1,67,861 |
| **મહેસૂલી ખર્ચ (₹ કરોડમાં)** | **95,779** | **1,03,895** | **1,18,060** | **1,32,790** | **1,40,899** |
| પાછલા વર્ષની તુલનાએ મહેસૂલી ખર્ચમાં વૃધ્ધિ (ટકા) | 10.53 | 8.47 | 13.63 | 12.48 | 6.11 |
| **મહેસૂલી ખર્ચ/કુલ ખર્ચ (ટકા)** | 79.40 | 81.98 | 81.42 | 81.68 | 83.94 |
| **મહેસૂલી ખર્ચ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા)** | 9.31 | 8.90 | 8.89 | 8.84 | 8.47 |
| **મહેસૂલી ખર્ચ/મહેસૂલી આવક (ટકા)** | 98.25 | 94.59 | 95.76 | 97.64 | 98.64 |
| **-ની સાથે મહેસૂલી ખર્ચની તરલતા** | | | | | |
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન | 0.91 | 0.63 | 0.99 | 0.95 | 0.57 |
| મહેસૂલી આવક | 1.76 | 0.67 | 1.11 | 1.21 | 1.21 |


સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

મહેસૂલી ખર્ચ 2015-16માં ₹ 95,779 કરોડ હતો તે સતત વધીને 2019-20માં ₹ 1,40,899 કરોડ થયો હતો અને 2019-20માં તે પાછલા વર્ષ કરતાં ₹ 8,109 કરોડ (6.11 ટકા) જેટલો વધ્યો હતો. પાછલા વર્ષની તુલનાએ 2019-20માં મહેસૂલી ખર્ચમાં થયેલો વધારો મુખ્યત્વે ₹ 2,284 કરોડ જેટલો શહેરી વિકાસ પર, ₹ 2,262 કરોડ જેટલી વ્યાજની ચૂકવણી, ₹ 825 કરોડ જેટલો ઉદ્યોગો પર અને ₹ 808 કરોડ જેટલો કુદરતી આપત્તિના હિસાબે રાહત પર અધિક ખર્ચના કારણે થયો હતો.

2019-20માં 6.11 ટકાના નીચા અને 2017-18માં 13.63 ટકાના ઉંચા સાથે મહેસૂલી ખર્ચના વૃધ્ધિ દરમાં વ્યાપકપણે વધઘટ થઇ હતી. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે મહેસૂલી ખર્ચ 2015-20 દરમિયાન સતત ઘટ્યો હતો અને 2019-20 દરમિયાન ઓછામાં ઓછો 8.47 ટકા રહ્યો હતો. મહેસૂલી આવકની ટકાવારીની રીતે મહેસૂલી ખર્ચ 2019-20 દરમિયાન 98.64 ટકા રહ્યો હતો.

2019-20 દરમિયાન ક્ષેત્રવાર મહેસૂલી ખર્ચની વહેંચણી **આલેખ 2.14**માં દર્શાવી છે.

**આલેખ 2.14: 2019-20 દરમિયાન ક્ષેત્રવાર મહેસૂલી ખર્ચની વહેંચણી (ટકામાં)**




## 2.4.2.1 મહેસૂલી ખર્ચમાં મુખ્ય ફેરફારો

**કોઠો 2.23** ચાલુ વર્ષ અને અગાઉના વર્ષ દરમિયાન રાજ્યના મહેસૂલી ખર્ચની બાબતમાં જુદા જુદા હિસાબી સદરો હેઠળ થયેલા નોંધપાત્ર ફેરફારોની વિગતો દર્શાવે છે.

**કોઠો 2.23: 2018-19ની તુલનાએ 2019-20 દરમિયાન મહેસૂલી ખર્ચ માં ફેરફારો**

(₹ કરોડમાં)

| હિસાબી મુખ્ય સદર | 2018-19 | 2019-20 | ફેરફાર (ટકા) |
|---|---|---|---|
| 2217- શહેરી વિકાસ | 9,403.81 | 11,687.84 | 2,284.03 (24) |
| 2049- વ્યાજની ચૂકવણી | 20,183.36 | 22,448.66 | 2,265.30 (11) |
| 2852- ઉદ્યોગો | 2,526.35 | 3,351.09 | 824.74 (33) |

| હિસાબી મુખ્ય સદર | 2018-19 | 2019-20 | ફેરફાર (ટકા) |
|---|---|---|---|
| 2245- કુદરતી આફતોના હિસાબે રાહત | 743.06 | 1,550.89 | 807.83 (109) |
| 2801- ઉર્જા | 7,365.62 | 8,134.79 | 769.18 (10) |
| 2235-સામાજીક સુરક્ષા અને કલ્યાણ | 1,136.57 | 1,897.49 | 760.92 (67) |
| 2211-પરિવાર કલ્યાણ | 1,806.59 | 2,518.60 | 712.01 (39) |
| 2236-પોષણ | 2,466.99 | 3,078.59 | 611.59 (25) |
| 2202- સામાન્ય શિક્ષણ | 22,733.83 | 23,330.82 | 596.99 (3) |
| 2210- તબીબી અને જાહેર આરોગ્ય | 6,120.42 | 6,697.38 | 576.96 (9) |
| 2802-પેટ્રોલિયમ | 0.00 | 564.69 | 564.69 |
| 2071- પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો | 18,295.44 | 17,662.59 | (-)632.85 (3) |
| 2401- પાક ઉછેર | 4,811.25 | 2,858.01 | (-)1,953.24 (41) |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

ઉપરનો કોઠો દર્શાવે છે કે વર્ષ દરમિયાન પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો હેઠળનો મહેસૂલી ખર્ચ ઘટ્યો હતો, જે નિવૃત્તિ અને નિવૃત્તિ ભથ્થા અને પેન્શનના રૂપાંતરિત મૂલ્ય પરના ખર્ચમાં ઘટાડાના કારણે થયો હતો. પાક ઉછેરમાં પણ પાક વિમા સંબંધિત ખર્ચમાં ઘટાડાના કારણે પાછલા વર્ષ કરતાં 2019-20 દરમિયાન ઘટાડો નોંધાયો હતો.

### 2.4.2.2 પ્રતિબધ્ધ ખર્ચ

રાજ્ય સરકારના મહેસૂલના હિસાબે પ્રતિબધ્ધ ખર્ચમાં વ્યાજની ચૂકવણી, પગાર અને વેતન પરનો ખર્ચ અને પેન્શનનો સમાવેશ થાય છે. સરકારના સ્રોતો પર તેનો પ્રથમ દાવો હોય છે. પ્રતિબધ્ધ ખર્ચમાં વધારાના વલણથી સરકાર પાસે વિકાસ ક્ષેત્ર માટે સુગમતા ઓછી રહે છે.

**કોઠો 2.24** પ્રતિબધ્ધ ખર્ચ અને તેના ઘટકોના 2015-20 દરમિયાનના વલણ રજૂ કરે છે.

**કોઠો 2.24: પ્રતિબધ્ધ ખર્ચ અને તેના ઘટકોના વલણો**

(₹ કરોડમાં)

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| પગાર અને વેતન | 8,178 | 9,050 | 10,832 | 11,448 | 11,301 |
| પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન | 8,195 | 8,559 | 10,302 | 11,821 | 12,235 |
| વ્યાજની ચૂકવણી | 16,300 | 17,797 | 18,954 | 20,183 | 22,449 |
| પેન્શન | 9,963 | 11,303 | 13,979 | 18,295 | 17,663 |
| **કુલ પ્રતિબધ્ધ ખર્ચ** | **42,636** | **46,709** | **54,067** | **61,747** | **63,648** |
| **મહેસૂલી આવકની ટકાવારી રૂપે** | | | | | |
| **મહેસૂલી આવક** | **97,483** | **1,09,842** | **1,23,291** | **1,36,002** | **1,42,844** |
| પગાર અને વેતન | 8.39 | 8.24 | 8.79 | 8.42 | 7.91 |
| પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન | 8.41 | 7.79 | 8.36 | 8.69 | 8.57 |
| વ્યાજની ચૂકવણી | 16.72 | 16.21 | 15.37 | 14.84 | 15.72 |
| પેન્શન | 10.22 | 10.29 | 11.34 | 13.45 | 12.37 |

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| **કુલ** | **43.74** | **42.52** | **43.85** | **45.40** | **44.56** |
| **મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે** | | | | | |
| **મહેસૂલી ખર્ચ** | **95,779** | **1,03,895** | **1,18,060** | **1,32,790** | **1,40,899** |
| પગાર અને વેતન | 8.54 | 8.71 | 9.17 | 8.62 | 8.02 |
| પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન | 8.56 | 8.24 | 8.73 | 8.90 | 8.68 |
| વ્યાજની ચૂકવણી | 17.02 | 17.13 | 16.05 | 15.20 | 15.93 |
| પેન્શન | 10.40 | 10.88 | 11.84 | 13.78 | 12.54 |
| **કુલ** | **44.52** | **44.96** | **45.80** | **46.50** | **45.17** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 2.15: કુલ મહેસૂલી ખર્ચમાં પ્રતિબધ્ધ ખર્ચનો હિસ્સો (ટકામાં)**




મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે 2015-20 દરમિયાન પ્રતિબધ્ધ ખર્ચ 45 ટકાની આસપાસ રહ્યો હતો. 2015-16માં 44.52 ટકાથી 2018-19માં 46.50 ટકા થયો તે શરૂઆતના વધારા બાદ નજીવો ઘટીને 2019-20માં 45.17 ટકા થયો હતો. મહેસૂલી આવકની ટકાવારીની રીતે, પ્રતિબધ્ધ ખર્ચ 2015-16માં 43.74 ટકા હતો તે 2019-20માં વધીને 44.56 ટકા થયો હતો. એકંદર મહેસૂલી ખર્ચમાં બિન-પ્રતિબધ્ધ મહેસૂલી ખર્ચના હિસ્સામાં 2018-19ની સામે 2019-20માં 1.33 ટકા જેટલો નજીવો વધારો થયો હતો.

પ્રતિબધ્ધ ખર્ચના ઘટકોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

## પગાર અને વેતન

પગાર અને વેતન પરનો ખર્ચ 2015-16માં ₹ 8,178 કરોડ હતો તે ₹ 3,123 કરોડ (38 ટકા) જેટલો વધીને 2019-20માં ₹ 11,301 કરોડ થયો હતો. 2019-20માં તે મહેસૂલી આવકના 7.91 ટકા અને મહેસૂલી ખર્ચના 8.02 ટકા થતો હતો 2019-20 માટે મધ્યમ ગાળાના રાજકોષીય નીતિવિષયક નિવેદનમાં (MTFPS) કરેલા ₹ 12,374 કરોડના અનુમાનની સામે 2019-20 દરમિયાન પગાર અને વેતન પરનો ખર્ચ ₹ 11,301 કરોડ થયો હતો.

## પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન

પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન 2015-16માં ₹ 8,195 કરોડ હતું તે ₹ 4,040 કરોડ (49 ટકા) જેટલું વધીને 2019-20માં ₹ 12,235 કરોડ થયુ હતું. 2019-20 દરમિયાનના મહેસૂલી ખર્ચના તે 8.68 ટકા જેટલો હતો. મહેસૂલી આવકની ટકાવારી રૂપે તે 2015-16ના 8.41 ટકાથી સહેજ વધીને 2019-20માં 8.57 ટકા થયો હતો.

## વ્યાજની ચૂકવણી

વ્યાજની ચૂકવણી 2015-16માં ₹ 16,300 કરોડ હતી તે વધીને 2019-20માં ₹ 22,449 કરોડ થઇ હતી. બજાર લોન પર ₹ 2,498 કરોડની વધારાની વ્યાજની જવાબદારીના લીધે અગાઉના વર્ષ કરતાં 2019-20માં વ્યાજની ચૂકવણીમાં 11.23 ટકા જેટલો વધારો થયો હતો. 2019-20 દરમિયાન, બજાર લોન પર વ્યાજની ચૂકવણી કુલ વ્યાજની ચૂકવણીના 67.96 ટકા રહી હતી જ્યારે રાષ્ટ્રિય નાની બચત ભંડોળને જારી કરેલી વિશેષ બાંયધરીઓ પર વ્યાજની ચૂકવણી કુલ વ્યાજની ચૂકવણીના 16.92 ટકા થઇ હતી. મહેસૂલી આવકની ટકાવારી રૂપે, વ્યાજની ચૂકવણી પરનો ખર્ચ 2018-19માં 14.84 ટકા હતો તે વધીને 2019-20માં 15.72 ટકા થયો હતો. વિશેષમાં, મહેસૂલી ખર્ચમાં વ્યાજની ચૂકવણીનો હિસ્સો 2018-19ના 15.20 ટકાથી વધીને 2019-20માં 15.93 ટકા થયો હતો.

## પેન્શનની ચૂકવણીઓ

ગુજરાતમાં 4.52 લાખ પેન્શનરો[12] હતાં (જૂલાઇ 2019). પેન્શન પરનો ખર્ચ 2015-19 દરમિયાન સતત વધતો રહ્યો હતો પરંતુ 2018-19માં ₹ 18,295 કરોડથી 3.45 ટકા જેટલો ઘટીને 2019-20માં ₹ 17,663 કરોડ થયો હતો, જે મુખ્યત્વે વય નિવૃત્તિ અને નિવૃત્તિ લાભો અને પેન્શનના રૂપાંતરિત મૂલ્યની ઓછી ચૂકવણીના હિસાબે હતો. 2019-20માં પેન્શન પરનો ખર્ચ રાજ્યની કુલ મહેસૂલી આવકના હિસાબે 12.37 ટકા થયો હતો.

12 ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નાણાકીય નીતિવિષયક નિવેદન મુજબ 2019-20 (જૂલાઇ 2019) માટે રાજ્યમાં 4.52 લાખ પેન્શનરો હતાં. આ ગુજરાત સરકાર અને સહાયિત સંસ્થાઓના પેન્શનરો છે અને તેમાં સામાજીક સુરક્ષા પેન્શન સામેલ નથી.

રાજ્ય સરકારે (જૂલાઇ 2019)માં ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ કરેલી તેની જાહેરાતોમાં પેન્શનની ચૂકવણીઓ મહેસૂલી આવકના 10.66 ટકા જેટલી થવાનું અનુમાન કર્યું હતું. જો કે, 2019-20માં તે 12.37 ટકા જેટલું ઉંચુ રહ્યું હતું.

### *રાષ્ટ્રિય પેન્શન યોજના હેઠળ પૂર્ણ ન થયેલી જવાબદારીઓ*

રાજ્ય સરકારે 01 એપ્રિલ 2005ની અસરથી વ્યાખ્યાયિત ફાળો પેન્શન યોજના (નેશનલ પેન્શન સ્કીમ) દાખલ કરી હતી. યોજનાની માર્ગદર્શિકા મુજબ, કર્મચારી દર મહિને તેના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના 10 ટકા જેટલો ફાળો આપે છે જેમાં રાજ્ય સરકાર દ્વારા મેળ ખાતી રકમ જમા કરવામાં આવે છે અને પૂરેપૂરી રકમ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને (NSDL)/ટ્રસ્ટી બેંક મારફત નિયુક્ત ભંડોળ સંચાલકને તબદીલ કરવામાં આવે છે. રાજ્ય સરકારે યોજનાના ભંડોળના વ્યવસ્થાપન માટે રાષ્ટ્રિય પેન્શન યોજના ટ્રસ્ટ (NPS Trust) સાથે કરાર પર સહીસિક્કા કર્યા હતાં (જાન્યુઆરી 2009) અને યોજનાના અમલીકરણ માટે કેન્દ્રિય માળખુ અપનાવ્યુ હતું (મે 2009).

કર્મચારીનો ફાળો અને રાજ્યનો હિસ્સો જાહેર હિસાબમાં[13] જમા કરવામાં આવે છે અને ત્યારબાદ NSDLને તબદીલ કરવામાં આવે છે. વર્ષ 2019-20 દરમિયાન, રાજ્ય સરકારે કર્મચારીઓ પાસેથી NPSના ફાળા તરીકે ₹ 820.54 કરોડ એકઠા કર્યા હતાં અને ₹ 814.53 કરોડ પણ યોજનામાં તેના ફાળા તરીકે જમા કર્યા હતાં. વધુમાં, ₹ 1,650.81 કરોડના (અગાઉના વર્ષની ₹ 15.74 કરોડની સિલક સહિત) એકઠા કરેલા ભંડોળની સામે રાજ્ય સરકારે ₹ 1,630.18 કરોડ NSDLને તબદીલ કર્યા હતાં અને ₹ 20.63 કરોડની સિલક બાકી રહી હતી. 2019-20ના સમયગાળા માટેના ₹ 20.63 કરોડની પૂરેપૂરી સિલક 24 એપ્રિલ 2020ના રોજ NSDLને તબદીલ કરવામાં આવી હતી. 2019-20 દરમિયાન, સરકારે ભંડોળની મોડી/વિલંબિત તબદીલી માટે ભંડોળ સંચાલકને ₹ 1.60 કરોડ જેટલા વ્યાજની ચૂકવણી પણ કરી હતી.

### 2.4.2.3 સહાય પરનો ખર્ચ

સહાય પરનો ખર્ચ 2018-19માં ₹ 17,269 કરોડ હતો તે 6.67 ટકા વધીને 2019-20માં ₹ 18,420 કરોડ થયો હતો. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ; ઉદ્યોગ અને ખાણ; કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર; અને સામાજીક ન્યાય અને સશક્તિકરણ, 2019-20 દરમિયાન સહાયના મુખ્ય લાભાર્થી વિભાગો હતાં.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને ₹ 8,574.94 કરોડની (47 ટકા) સહાય મળી હતી જે પૈકી ₹ 4,528 કરોડનો મોટો ભાગ ઈંધણ કિમત અને વિદ્યુત ખરીદ સમાયોજન ચાર્જ (FPPPA), ₹ 1,600 કરોડ કૃષિ ભાવદરમાં વળતર માટે અને ₹ 1,008 કરોડ ખેડૂતોને હોર્સ- પાવર આધારિત ભાવદરના હિસાબે મળ્યો હતો.

---

[13] મુખ્ય સદર 8342-117 (અન્ય થાપણો-સરકારી કર્મચારીઓ માટે વ્યાખ્યાયિત ફાળો પેન્શન યોજના)

ઉદ્યોગ અને ખાણ વિભાગમાં, ₹ 4,295.89 કરોડની (23 ટકા) કુલ સહાય પૈકી, ₹ 1,500 કરોડ વસ્ત્ર ઉદ્યોગના વિકાસ માટે અને ₹ 1,450.36 કરોડ મોટા ઉદ્યોગોને સહાય તરીકે આપવામાં આવ્યાં હતાં.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને સહાય તરીકે મળેલા ₹ 1,877.37 કરોડ (10 ટકા) પૈકી ₹ 1,049.87 કરોડ વ્યાજ અંગે આર્થિક સહાય તરીકે ખેડૂતોને આપવામાં આવ્યાં હતાં.

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને પણ ₹ 321 કરોડની સહાય બિનકિફાયતી રૂટોના સંચાલનની, વિદ્યાર્થી રાહત પાસ વગેરેની નુકસાનીની ભરપાઇ કરવા માટે આપવામાં આવી હતી.

**કોઠો 2.25: સહાયના ખર્ચનું વલણ**

(₹ કરોડમાં)

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| સહાય | 9,045 | 11,082 | 13,621 | 17,269 | 18,420 |
| કુલ મહેસૂલી આવક | 97,483 | 1,09,842 | 1,23,291 | 1,36,002 | 1,42,844 |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે સહાય | 9.28 | 10.09 | 11.05 | 12.70 | 12.90 |
| કુલ મહેસૂલી ખર્ચ | 95,779 | 1,03,895 | 1,18,060 | 1,32,790 | 1,40,899 |
| મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે સહાય | 9.44 | 10.67 | 11.54 | 13.00 | 13.07 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

### 2.4.2.4 રાજ્ય સરકાર તરફથી સ્થાનિક સ્વરાજની અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને પગાર અને ભથ્થા, અન્ય પરચુરણ ખર્ચને પહોંચી વળવા અને મૂડીગત અસ્ક્યામતો ઉભી કરવા માટે સહાયક અનુદાન દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

**કોઠો 2.26: સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વગેરેને નાણાકીય સહાયનું વલણ**

(₹ કરોડમાં)

| સંસ્થાઓને નાણાકીય સહાય | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| પંચાયતી રાજની સંસ્થાઓ | 22,085 | 16,124 | 19,686 | 19,645 | 22,034 |
| શહેરી સ્થાનિક સંસ્થાઓ | 8,480 | 7,336 | 7,791 | 8,747 | 9,345 |
| જાહેર ક્ષેત્રના ઉપક્રમો | 55 | 77 | 74 | 79 | 84 |
| સ્વાયત્ત સંસ્થાઓ | 3,091 | 4,720 | 5,308 | 6,388 | 6,259 |
| બિન-સરકારી સંગઠનો | 2,625 | 990 | 1,091 | 1,096 | 1,197 |
| અન્ય | 7,712 | 18,808 | 20,857 | 23,656 | 25,343 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **કુલ** | **44,048** | **48,055** | **54,807** | **59,611** | **64,262** |
| **મહેસૂલી ખર્ચ** | **95,779** | **1,03,895** | **1,18,060** | **1,32,790** | **1,40,899** |
| **મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે સહાય** | **45.99** | **46.25** | **46.42** | **44.89** | **45.61** |

સ્રોતઃ રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે, સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય પાંચ વર્ષના સમયગાળામાં સતત વધીને 2015-16માં ₹ 44,048 કરોડ હતી તે 2019-20માં ₹ 64,262 કરોડ થઇ હતી.

વધુમાં, 'અન્ય' વર્ગમાં આવતી અનુદાન મેળવનાર સંસ્થાઓને છેલ્લા પાંચ વર્ષોમાંથી (2016-20) ચારમાં રાજ્ય સરકાર તરફથી નોંધપાત્ર નાણાકીય સહાય (લગભગ 39 ટકા) મળી હતી. આમ છતાં, અનુદાન મેળવનાર સંસ્થાઓનું અનુદાન છુટ્ટુ કરનાર રાજ્ય સરકારના સંબંધિત વિભાગ પાસે ઉભી કરવામાં આવેલી અસ્ક્યામતોની વિગતોની ગેરહાજરીમાં સામૂહિક રીતે આની અન્ય વર્ગમાં નોંધ કરવી એ ચિંતાનો વિષય છે કારણ કે તે આવા વ્યવહારોને અસ્પષ્ટ બનાવે છે. આ સંદર્ભમાં, ઑડિટના અવલોકનો **ફકરો 3.6.2.5** (પ્રકરણ 3) અને ફકરો 4.6.1 (પ્રકરણ 4) જોઇ લેવા વિનંતી.

### 2.4.3 મૂડી ખર્ચ

જમીન, મકાન, મશીનરી, સાધનસામગ્રી જેવી અસ્ક્યામતો સંપાદિત કરવા માટે તેમજ શેરમાં કરેલા રોકાણ પર પણ ખર્ચેલા નાણા એ મૂડી ખર્ચ છે. એકંદર મૂડી ખર્ચ, અગાઉના વર્ષ સામે તેની વૃધ્ધિ અને છેલ્લા પાંચ વર્ષો (2015-20) દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે તેની ટકાવારી **કોઠા 2.27માં** દર્શાવ્યા છે.

**કોઠો 2.27: 2015-20 દરમિયાન મૂડી ખર્ચનું વલણ**

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ (₹ કરોડમાં) | 1,20,623 | 1,26,728 | 1,45,004 | 1,62,583 | 1,67,861 |
| **મૂડી ખર્ચ (₹ કરોડમાં)** | **24,169** | **22,355** | **26,313** | **28,062** | **25,650** |
| **અગાઉના વર્ષ કરતાં મૂડી ખર્ચમાં વૃધ્ધિ (ટકા)** | 0.05 | -7.51 | 17.71 | 6.65 | -8.60 |
| **મૂડી ખર્ચ/કુલ ખર્ચ (ટકા)** | 20.04 | 17.64 | 18.15 | 17.26 | 15.28 |
| **મૂડી ખર્ચ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા)** | 2.35 | 1.92 | 1.98 | 1.87 | 1.54 |


સ્રોતઃ રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

મૂડી ખર્ચ 2015-16માં ₹ 24,169 કરોડ હતો તે 2016-17 અને 2019-20માં થયેલા ઘટાડાને બાદ કરતાં વધીને 2019-20માં ₹ 25,650 કરોડ થયો હતો. 2019-20માં કરવામાં આવેલા ₹ 25,650 કરોડના કુલ મૂડી ખર્ચ પૈકી, ₹ 8,464.18 કરોડ અથવા 33 ટકા સિંચાઇ યોજનાઓ (મોટી, મધ્યમ અને લઘુ) પર ખર્ચવામાં આવ્યાં હતાં અને ત્યારબાદ ₹ 3,399.46 કરોડ (13 ટકા) ઉર્જા યોજનાઓ અને ₹ 3,328.67 કરોડનો (13 ટકા) ખર્ચ માર્ગો અને પુલો પર કરવામાં આવ્યો હતો.

અગાઉના વર્ષ કરતાં 2019-20માં મૂડી ખર્ચમાં ₹ 2,411 કરોડ જેટલો ઘટાડો મુખ્યત્વે મધ્યમ સિંચાઇ પર ₹ 1,458 કરોડ, તબીબી અને જાહેર આરોગ્ય પર ₹ 992 કરોડ, મોટી સિંચાઇ પર ₹ 462 કરોડ, શિક્ષણ, રમતગમત, કળા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ પર ₹ 356 કરોડ જેટલો ખર્ચમાં ઘટાડો, ઉર્જા યોજનાઓ પર ₹ 526 કરોડ, નાગરિક ઉડ્ડયન પર ₹ 270 કરોડ અને માર્ગ અને મકાન પર ₹ 239 કરોડના વધારાના ખર્ચથી ભરપાઇ થવાના હિસાબે થયો હતો.

રાજ્ય સરકાર પાંચ વર્ષના સમયગાળા (2015-20) દરમિયાન કોઇ પણ વર્ષમાં અંદાજપત્રીય ફાળવણી મુજબ મૂડી ખર્ચ કરી શકી ન હતી. 2015-20 દરમિયાન અંદાજપત્રીય ફાળવણી સામે ખરેખર મૂડી ખર્ચનું વલણ **આલેખ 2.16**માં આપ્યા છે.

**આલેખ 2.16: 2015-20 દરમિયાન મૂડી ખર્ચ સામે અંદાજપત્રીય ફાળવણીનું વલણ**




## 2.4.3.1 મૂડી ખર્ચમાં મુખ્ય ફેરફારો

**કોઠો 2.28**, 2018-19 અને 2019-20 દરમિયાન રાજ્યના મૂડી ખર્ચના સંબંધમાં જુદા જુદા હિસાબી સદરો હેઠળ નોંધપાત્ર ફેરફારોના મુખ્ય અંશો રજૂ કરે છે.

**કોઠો 2.28: 2018-19ની તુલનાએ 2019-20 દરમિયાન મૂડી ખર્ચ**

(₹ કરોડમાં)

| હિસાબી મુખ્ય સદર | 2018-19 | 2019-20 | ફેરફાર | ફેરફાર (ટકાવારી) |
|---|---|---|---|---|
| 4701- મધ્યમ સિંચાઇ પર મૂડી જોગવાઇ | 5,061.55 | 3,603.21 | (-) 1,458.34 | (-) 29 |
| 4210- તબીબી અને જાહેર આરોગ્ય પર મૂડી જોગવાઇ | 2,049.73 | 1,057.38 | (-) 992.35 | (-) 48 |
| 4801-ઉર્જા યોજનાઓ પર મૂડી જોગવાઇ | 2,873.57 | 3,399.46 | 525.89 | 18 |
| 4700- મોટી સિંચાઇ પર મૂડી જોગવાઇ | 3,886.23 | 3,423.94 | (-) 462.29 | (-) 12 |
| 4202-શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ પર | 915.17 | 559.38 | (-) 355.78 | (-) 39 |

| હિસાબી મુખ્ય સદર | 2018-19 | 2019-20 | ફેરફાર | ફેરફાર (ટકાવારી) |
|---|---|---|---|---|
| મૂડી જોગવાઇ | | | | |
| 5053-નાગરિક ઉડ્ડયન પર મૂડી જોગવાઇ | 108.58 | 378.44 | 269.86 | 249 |
| 4059- જાહેર બાંધકામ પર મૂડી જોગવાઇ | 564.89 | 302.49 | (-) 262.40 | (-) 46 |
| 5054- માર્ગો અને પુલો પર મૂડી જોગવાઇ | 3,089.68 | 3,328.67 | 238.99 | 8 |
| 4055- પોલીસ પર મૂડી જોગવાઇ | 198.25 | 370.85 | 172.60 | 87 |
| 4216- આવાસન પર મૂડી જોગવાઇ | 698.77 | 569.37 | (-) 129.40 | (-) 19 |
| 4702- લઘુ સિંચાઇ પર મૂડી જોગવાઇ | 1,326.91 | 1,437.03 | 110.12 | 8 |
| 4875-અન્ય ઉદ્યોગો પર મૂડી જોગવાઇ | 104.11 | 212.63 | 108.52 | 104 |
| 4250-અન્ય સામાજીક સેવાઓ પર મૂડી જોગવાઇ | 317.98 | 216.24 | (-) 101.74 | (-) 32 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

### 2.4.3.2 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં મૂડીરોકાણ

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રાજ્ય સરકારની કંપનીઓ અને વૈધાનિક નિગમોનો સમાવેશ થાય છે. 31 માર્ચ 2020ના અંતે રાજ્યમાં 88 સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમો હતાં. આમાં 62 સરકારી કંપનીઓ, 22 સરકારના નિયંત્રણ હેઠળની અન્ય કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમો હતાં.

કંપની અધિનિયમ, 2013ની કલમમાં 2(45) સરકારી કંપની એ પદની કરવામાં આવેલી વ્યાખ્યા મુજબ એવી કંપની જેમાં ભરપાઇ થયેલી મૂડીના એકાવન ટકાથી ઓછી નહીં એટલી શેર મૂડી કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સરકારો, અથવા અંશત: કેન્દ્ર સરકાર અને અંશત: એક અથવા વધુ રાજ્ય સરકારો દ્વારા ધરાવવામાં આવી હોય અને એવી કંપની સામેલ છે જે સરકારી કંપનીની પેટા કંપની હોય.

ઉપરાંત, કેન્દ્ર સરકાર, અથવા કોઇ પણ રાજ્ય સરકાર અથવા સરકારો દ્વારા, અથવા અંશત: કેન્દ્ર સરકાર અને અંશત: એક અથવા વધુ રાજ્ય સરકારોની માલિકીની હોય અથવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે તેના દ્વારા નિયંત્રિત હોય તે સરકાર દ્વારા નિયંત્રિત અન્ય કંપનીઓ તરીકે ઓળખાય છે.

31 માર્ચ 2020ના અંતે 88 સરકારી કંપનીઓ અને નિગમોમાં કરવામાં આવેલા મૂડીરોકાણનું (શેર મૂડી અને લાંબી મુદતની લોનોની રીતે) પ્રમાણ **કોઠા 2.29**માં દર્શાવ્યા મુજબ હતું.

**કોઠો 2.29: સરકારી કંપનીઓ અને નિગમોમાં શેર મૂડી અને લોન**

(₹ કરોડમાં)


| મૂડીરોકાણનો સ્રોત | 31 માર્ચ 2019ના રોજ | | | 31 માર્ચ 2020ના રોજ | | |
|---|---|---|---|---|---|---|
| | શેર મૂડી | લાંબી મુદતની લોન | કુલ | શેર મૂડી | લાંબી મુદતની લોન | કુલ |
| રાજ્ય સરકાર | 90,467.59 | 7,833.76 | 98,301.35 | 97,563.66 | 8,170.96 | 1,05,734.62 |
| કેન્દ્ર સરકાર | 2,910.42 | 2,607.93 | 5,518.35 | 3,509.61 | 3,940.61 | 7,450.22 |
| નાણાકીય સંસ્થાઓ અને અન્ય | 14,121.19 | 37,118.78 | 51,239.97 | 17,695.60 | 31,808.25 | 49,503.85 |
| **કુલ મૂડીરોકાણ** | **1,07,499.20** | **47,560.47** | **1,55,059.67** | **1,18,768.87** | **43,919.82** | **1,62,688.69** |
| કુલ મૂડીરોકાણમાં રાજ્ય સરકારના મૂડીરોકાણની ટકાવારી | 84.16 | 16.47 | 63.40 | 82.15 | 18.60 | 64.99 |

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો.તરફથી મળેલી માહિતીના આધારે સંકલિત

જોઇ શકાય છે એ મુજબ, 88 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં કુલ શેર મૂડી મૂડીરોકાણે 2019-20માં ₹ 11,269.67 કરોડનો ચોખ્ખો વધારો નોંધાવ્યો હતો. શેર મૂડી મૂડીરોકાણમાં થયેલો ચોખ્ખો વધારો મહદ્અંશે 2019-20 દરમિયાન રાજ્યના જાહેર ક્ષેત્રના નવ ઉપક્રમોમાં ₹ 7,205.01 કરોડના વધારાના મૂડીરોકાણના કારણે થયો હતો.

છેલ્લા ત્રણ વર્ષ (2017-20) દરમિયાન રાજ્ય સરકાર અને અન્યો દ્વારા સરકારી કંપનીઓ અને નિગમોમાં શેર મૂડીમાં મૂડીરોકાણ **આલેખ 2.17**માં દર્શાવ્યું છે.

**આલેખ 2.17: સરકારી કંપનીઓ અને નિગમોમાં શેર મૂડીમાં મૂડીરોકાણ**




2019-20 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની ભરપાઇ થયેલી મૂડીમાં કરવામા આવેલા નોંધપાત્ર (₹ 200 કરોડથી વધુનું રોકાણ) રોકાણોની વિગતો **કોઠા 2.30**માં આપી છે.

**કોઠો 2.30: રાજ્ય સરકાર દ્વારા કરવામા આવેલા નોંધપાત્ર રોકાણો**

(₹ કરોડમાં)

| SPSUs નું નામ | વિભાગનું નામ | રકમ |
|---|---|---|
| **વૈધાનિક નિગમો** | | |
| ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ | બંદરો અને પરિવહન | 259.92 |
| **સરકારી કંપનીઓ** | | |
| સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ | નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર | 3,345.84 |
| ગુજરાત ઉર્જા વિકાસ નિગંમ લિમિટેડ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ | 3,335.93 |
| ધોલેરા ઔદ્યોગિક શહેરી વિકાસ લિમિટેડ | ઉદ્યોગ અને ખાણ | 260.20 |

**સ્રોત:** રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો. તરફથી મળેલી માહિતી પરથી સંકલિત

રાજ્યના જાહેર ક્ષેત્રના 88 ઉપક્રમો પૈકી, 44 ઉપક્રમોની (બે[14] વૈધાનિક નિગમો સહિત) કોઇ લાંબી મુદતની લોન બાકી ન હતી.

31 માર્ચ 2020ની સ્થિતિએ રાજ્યના જાહેર ક્ષેત્રના 44 ઉપક્રમો સામે તમામ સ્રોતોમાંથી કુલ લાંબી મુદતની બાકી લોનો ₹ 43,919.82 કરોડ હતી. 31 માર્ચ 2019ની સરખામણીએ, 31 માર્ચ 2020ની સ્થિતિએ તમામ સ્રોતોમાંથી લાંબી મુદતની લોનો ₹ 3,640.65 કરોડ જેટલી ઘટી હતી. રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની કુલ લોનો (₹ 43,919.82 કરોડ) પૈકી, 31 માર્ચ 2020ના રોજ, કેન્દ્ર સરકાર તરફથી લોનો ₹ 3,940.61 કરોડ હતી.

### 2.4.3.3 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને અંદાજપત્રીય સહાય

રાજ્ય સરકાર રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને વાર્ષિક અંદાજપત્ર દ્વારા જુદા જુદા સ્વરૂપે નાણાકીય સહાય પૂરી પાડે છે. 31 માર્ચ 2020 અંતિત છેલ્લા ત્રણ વર્ષો માટે રાજ્યના જાહેર ક્ષેત્રના સક્રિય ઉપક્રમોની બાબતમાં શેર મૂડી, લોન, અનુદાન/સહાય, જારી કરેલી બાંયધરીઓ અને બાંયધરીની બાકી વચનબધ્ધ અંદાજપત્રીય જાવકની વિગતોનો સારાંશ **કોઠા 2.31**માં આપ્યો છે.

**કોઠો 2.31:છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને આપવામાં આવેલા અંદાજપત્રીય મદદની વિગતો**

(₹ કરોડમાં)

| ક્રમાંક | વિગતો | 2017-18 | | 2018-19 | | 2019-20 | |
|---|---|---|---|---|---|---|---|
| | | SPSUs ની સંખ્યા | રકમ | SPSUs ની સંખ્યા | રકમ | SPSUs ની સંખ્યા | રકમ |
| 1. | અંદાજપત્રમાથી શેર મૂડીની જાવક | 14 | 8,739.64 | 12 | 6,826.14 | 10 | 7,275.23 |


[14] ગુજરાત રાજ્ય વખાર નિગમ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

| ક્રમાંક | વિગતો | 2017-18 | | 2018-19 | | 2019-20 | |
|---|---|---|---|---|---|---|---|
| | | SPSUs ની સંખ્યા | રકમ | SPSUs ની સંખ્યા | રકમ | SPSUs ની સંખ્યા | રકમ |
| 2. | અંદાજપત્રમાંથી આપેલી લોન | 10 | 215.82 | 7 | 1,109.70 | 5 | 889.94 |
| 3. | અંદાજપત્રમાંથી અનુદાન/સહાય | 27 | 8,556.16 | 27 | 10,614.50 | 27 | 5,498.32 |
| 4. | કુલ જાવક (1+2+3) | - | 17,511.62 | - | 18,550.34 | - | 13,663.49 |
| 5. | વર્ષ દરમિયાન જારી કરેલી બાંયધરીઓ | 1 | 120.50 | 2 | 57.32 | - | - |
| 6. | વર્ષના અંતે બાકી વચનબધ્ધ બાંયધરીઓ | 4 | 201.52 | 4 | 75.03 | 3 | 69.33 |

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતીના આધારે સંકલિત

છેલ્લા પાંચ વર્ષો માટે શેર મૂડી, લોન, અનુદાન/સહાય રૂપે અંદાજપત્રીય જાવક **આલેખ 2.18**માં દર્શાવી છે.

**આલેખ 2.18: શેર મૂડી, લોન અને અનુદાન/સહાય તરીકે અંદાજપત્રીય જાવક**




2015-20ના સમયગાળા દરમિયાન રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને વાર્ષિક અંદાજપત્રીય સહાય ₹ 13,663.49 કરોડ અને ₹ 18,550.34 કરોડની વચ્ચે રહી હતી. 2019-20 દરમિયાન પૂરી પાડેલી ₹ 13,663.49 કરોડની અંદાજપત્રીય સહાયમાં લોન, અનુદાન/સહાય અને શેર મૂડી અનુક્રમે ₹ 889.94 કરોડ, ₹ 5,498.32 કરોડ અને ₹ 7,275.23 કરોડની સામેલ છે. મૂડીગત અસ્ક્યામતોનું સંપાદન કરવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનેં અંદાજપત્રીય જાવકમાંથી શેર મૂડી ભંડોળનો મોટો હિસ્સો (₹ 3,345.84 કરોડ) મળ્યો હતો.

બેંકો અને નાણાકીય સંસ્થાઓમાંથી નાણાકીય સહાય મેળવવા માટે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને સક્ષમ કરવા માટે, રાજ્ય સરકાર ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 હેઠળ બાંયધરી પૂરી પાડે છે. ભારતમાં આવી બાંયધરીઓ બંધારણ દ્વારા નિયત મર્યાદાઓને અધિન આપવામાં આવે છે, જેના માટે બાંયધરી ફી વસૂલ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા નક્કી (31 ડિસેમ્બર 1988) કર્યા મુજબ આ ફી વાર્ષિક 0.25થી એક ટકા વચ્ચે રહે છે. સ્વીકારેલી બાંયધરી 2017-18માં ₹ 201.52 કરોડ હતી તે ઘટીને 2019-20માં ₹ 69.33 કરોડ રહી હતી.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડે 2019-20 દરમિયાન ₹ 0.17 કરોડની બાંયધરી ફી ચૂકવી હતી.

### 2.4.3.4 મૂડી ખર્ચની ગુણવત્તા

જો રાજ્ય સરકાર નુકસાન કરતી સરકારી કંપનીઓ જેના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયુ હોય તેમાં મૂડીરોકાણ કરવાનું ચાલુ રાખે તો મૂડીરોકાણ પર વળતર મેળવવાની તકો નહીવત થઇ જાય છે. એજ રીતે, નુકસાન કરતા નિગમો અને અન્ય સંસ્થાઓ જેવી કે ખાંડ મિલો, નાણાકીય નિગમો, વગેરેને આપવામાં આવેલી લોન માંડી વાળવાની અનિવાર્યતા અનુભવે દેખાડી છે. આવી નાણાકીય કામગીરીમાં પારદર્શિતા જાળવવા માટે જરૂરી પગલા લેવાની આવશ્યકતા છે.

આ અનુભાગ ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ અને અન્ય મૂડી ખર્ચનું વિશ્લેષણ રજૂ કરે છે.

#### *કંપનીઓ, નિગમો અને અન્ય સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણની ગુણવત્તા*

રાજ્ય સરકારના વાર્ષિક નાણાકીય હિસાબોનું પત્રક નં. 19, વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામિણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણની વિગતો સમાવે છે. 31 માર્ચ 2020ની સ્થિતિએ રાજ્ય સરકારે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં ₹ 99,919 કરોડનું રોકાણ કર્યું હતું **(કોઠો 2.32)**.

**કોઠો 2.32: મૂડીરોકાણ પર વળતરનું વલણ**

(₹ કરોડમાં)

| મૂડીરોકાણ/વળતર/ઋણનો ખર્ચ | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| વૈધાનિક નિગમો | 2,119 | 2,656 | 3,249 | 3,488 | 3,752 |
| ગ્રામ્ય બેંકો | 14 | 14 | 14 | 14 | 14 |
| સરકારી કંપનીઓ | 68,169 | 74,730 | 82,416 | 88,865 | 95,702 |
| મ્યુનિસિપાલીટીઓ, પોર્ટ ટ્રસ્ટો | 00[15] | 00 | 00 | 00 | 00 |
| સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓ | 395 | 400 | 402 | 404 | 418 |
| અન્ય જોઇન્ટ સ્ટોક કંપનીઓ અને ભાગીદારીઓ | 33 | 33 | 33 | 33 | 33 |
| વર્ષના અંતે મૂડીરોકાણ | 70,730 | 77,833 | 86,114 | 92,804 | 99,919 |
| મેળવેલું વળતર/ડિવિડન્ડ (₹ કરોડમાં) | 96.06 | 110.10 | 96.30 | 120.03 | 88.99 |
| મૂડીરોકાણ પર વળતર (ટકા) | 0.14 | 0.14 | 0.11 | 0.13 | 0.09 |

[15] મૂડીરોકાણ ફક્ત ₹ 0.03 લાખ હતુ.

| મૂડીરોકણ/વળતર/ઋણનો ખર્ચ | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર (ટકા) | 7.69 | 7.67 | 7.59 | 7.44 | 7.47 |
| સરકારના ઋણ અને વળતર પરના વ્યાજના સરેરાશ દર વચ્ચે તફાવત (ટકા) | 7.55 | 7.53 | 7.48 | 7.31 | 7.38 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**કોઠો 2.32** દર્શાવે છે કે 2015-20 દરમિયાન રાજ્ય સરકારનું મૂડીરોકાણ ₹ 29,189 કરોડ જેટલુ વધ્યુ હતું. 2019-20 દરમિયાન, રાજ્ય સરકારે અગાઉના વર્ષ કરતાં ₹ 7,115 કરોડનું વધારાનું મૂડીરોકાણ કર્યું હતું જેમાં મોટા ભાગે સરકારી કંપનીઓમાં ₹ 6,837 કરોડ અને વૈધાનિક નિગમોમાં ₹ 264 કરોડનું રોકાણ સામેલ હતું. 2019-20 દરમિયાન સરકારી કંપનીઓમાં કરવામાં આવેલા ₹ 6,837 કરોડ પૈકી, ₹ 3,346 કરોડ (49 ટકા) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં રોકવામાં આવ્યાં હતાં અને ₹ 3,286 કરોડનું (48 ટકા) રોકાણ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડમાં કરવામાં આવ્યું હતું.

**કોઠો 2.32** એ પણ દર્શાવે છે કે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર 2015-20 દરમિયાન સરેરાશ વળતર 0.12 ટકા[16] હતું જ્યારે એ જ સમયગાળામાં સરકારે તેણે લીધેલા ઋણ પર 7.57 ટકા સરેરાશ વ્યાજ ચૂકવ્યુ હતું.

નાણાકીય હિસાબોમાં દર્શાવાયેલા અને SPSUના રેકર્ડ મુજબ, કરેલ રોકાણની રકમો બાબતે તફાવતો હતાં. તફાવતોનું મેળવણું કરવા માટે રાજ્ય સરકારને 2019-20માં અનેક વાર વિનંતીઓ કરવામાં આવી હતી. આમ છતાં, રાજ્ય સરકારે આ બાબતમાં પગલા લેવાના બાકી છે.

નુકસાન કરતી કંપનીઓ અને જે કંપનીઓના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોય તેમાં વર્ષ દરમિયાન કરવામાં આવેલું મૂડીરોકાણ **કોઠા 2.33** અને **કોઠા 2.34**માં આપવામાં આવ્યું છે.

**કોઠો 2.33: નુક્સાન કરતી કંપનીઓમાં કરવામાં આવેલું મૂડીરોકાણ**

(₹ કરોડમાં)

| ક્રમાંક | કંપની/નિગમ | 2018-19 દરમિયાન નુકસાન | વર્ષ દરમિયાન કરવામાં આવેલુ મૂડીરોકાણ | 31 માર્ચ 2020ના રોજ એકત્રિત મૂડીરોકાણ |
|---|---|---|---|---|
| 1. | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL) | 1,490.00 | 3,345.83 | 63,499.18 |

સ્રોત: વર્ષ 2019-20 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

[16] તે વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામિણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ પર મેળવેલુ ડિવિડન્ડ છે.

**કોઠો 2.34: ચોખ્ખા મૂલ્યનું પુરેપુરૂ ધોવાણ થઇ ગયુ હોય એવી કંપનીઓમાં કરવામાં આવેલુ મૂડીરોકાણ**

(₹ કરોડમાં)

| ક્રમાંક | કંપની/નિગમ | 31 માર્ચ 2017ના રોજ ચોખ્ખુ મૂલ્ય | વર્ષ દરમિયાન કરવામાં આવેલુ મૂડીરોકાણ | 31 માર્ચ 2020ના રોજ એકત્રિત મૂડીરોકાણ |
|---|---|---|---|---|
| 1. | ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) | (-)774.89 | 259.92 | 3,553.38 |

સ્રોત: વર્ષ 2019-20 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

2019-20 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલુ ₹ 7,115.52 કરોડનું વધારાનું મૂડીરોકાણ કુલ મૂડી ખર્ચના (₹ 25,650 કરોડ) 27.74 ટકા થતા હતાં. ₹ 7,115.52 કરોડના આ વધારાના મૂડીરોકાણમાં ₹ 3,345.83 કરોડનું મૂડીરોકાણ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, જે 2015-16થી ખોટ કરતુ હતું તેમાં અને ₹ 259.92 કરોડનું ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ જે 1973-74થી ખોટ કરતું આવ્યું છે તેનો સમાવેશ થાય છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની એકત્રિત ખોટ 2018-19ના અંતે ₹ 5,128 કરોડ હતી. જ્યારે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની એકત્રિત ખોટ 2016-17ના અંતે ₹ 3,410.80 કરોડ હતી. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમે તેના છેલ્લા સરવૈયાની તારીખે ₹ 774.89 કરોડનું નકારાત્મક ચોખ્ખુ મૂલ્ય દર્શાવ્યુ હતું.

નુકસાન કરતી કંપનીઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર, અને જ્યાં તેમના એકત્રિત નુકસાનના પરિણામે ચોખ્ખા મૂલ્યનું ધોવાણ થઇ ગયું હોઈ તેમાંથી વળતરની શક્યતા ઘણી ઓછી હોવાના કારણે, મૂડીરોકાણની સામે વળતરની વિસંગતતા ઓછી કરવા માટે રાજ્ય સરકારે આ કંપનીઓને ભાવિ ચૂકવણીઓ શેરમૂડીના બદલે અનુદાનના રૂપમાં કરવા માટે વિચારણા કરવી જોઇએ.

## *સરકારી કંપનીઓ/નિગમોએ કરેલો નફો*

42 સરકારી કંપનીઓ/નિગમો દ્વારા 2018-19માં જાહેર કરેલા ₹ 2,155.96 કરોડના નફાની સામે 2019-20માં 66 પૈકી 43 સરકારી કંપનીઓ/નિગમોએ ₹ 2,615.20 કરોડનો નફો નોંધાવ્યો હતો. 43 કંપનીઓમાંથી, બે[17] કંપનીઓએ અગાઉના વર્ષે ચોખ્ખુ નુકસાન કર્યા બાદ 2019-20માં નફો જાહેર કર્યો હતો. 22 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ પૈકી, નવ કંપનીઓએ 2019-20માં ₹ 2,535.25 કરોડનો નફો નોંધાવ્યો હતો. 88 SPSUએ એકંદરે ₹ 2,584.33 કરોડના નફાની કમાણી કરી હતી.

[17] ગુજરાત વિચરતી અને વિમુક્ત જનજાતિ વિકાસ નિગમ અને ગુજરાત ઔદ્યોગિક કોરીડોર નિગમ લિમિટેડ

### *સરકારી કંપનીઓ/નિગમોએ કરેલુ નુકસાન*

12 સરકારી કંપનીઓ/નિગમો દ્વારા 2018-19માં જાહેર કરાયેલા ₹ 2,531.89 કરોડના નુકસાનની સામે 66 માંથી 13 સરકારી કંપનીઓ/નિગમોએ 2019-20માં ₹ 2,354.63 કરોડનું નુકસાન જાહેર કર્યું હતું. 22 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ પૈકી, 10 કંપનીઓએ 31 માર્ચ 2020 અંતિત વર્ષ દરમિયાન ₹ 211.49 કરોડનું નુકસાન કર્યું હતું. 2018-19 દરમિયાન, સાત સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓએ ₹ 78.64 કરોડનું નુકસાન કર્યું હતું.

દસ સરકારી કંપનીઓ/નિગમો અને સરકાર નિયંત્રિત અન્ય ત્રણ કંપનીઓએ તેમના છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય પત્રકો મુજબ 2019-20માં કોઇ નફો કે નુકસાન જાહેર કર્યું ન હતું.

### *સરકારના મૂડીરોકાણ પર વાસ્તવિક વળતરનો દર*

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં સરકારે કરેલા માતબર મૂડીરોકાણને ધ્યાને લેતાં, રાજ્ય સરકારના પરિપ્રેક્ષ્યમાં આવા મૂડીરોકાણ વળતરનો વાસ્તવિક દર અથવા RORR મહત્વનો છે. મૂડીરોકાણ પર વળતરની પરંપરાગત ગણતરી મૂડીરોકાણની ઐતિહાસિક કિંમત પર આધારિત હોય છે, જે મૂડીરોકાણ પર વળતરની પર્યાપ્તતાનો સાચો દર્શક ન પણ હોય કારણ કે આવી ગણતરીઓ નાણાના વર્તમાન મૂલ્યને ધ્યાને લેતી નથી. આથી, વધુમાં, વળતરના વાસ્તવિક દરની ગણતરી મૂડીરોકાણની ઐતિહાસિક કિમતના વર્તમાન મૂલ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આ કંપનીઓની સ્થાપનાથી 31 માર્ચ 2020 સુધી શેર મૂડી, અનુદાન/સહાય અને વ્યાજમુક્ત લોન તરીકે રાજ્ય સરકાર દ્વારા જેમાં ભંડોળનું વધારાનું રોકાણ કરવામાં આવ્યું હતુ તે મૂડીરોકાણની વર્તમાન કિમતની ગણતરી કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના SPSUsમાં મૂડીરોકાણના વળતરનો વાસ્તવિક દર નીચેની ધારણાઓના આધારે ગણવામાં આવ્યો હતો:

- વ્યાજમુક્ત લોનને રાજ્ય સરકાર દ્વારા મૂડીરોકાણના ઉમેરા તરીકે ગણવામાં આવે છે. આમ છતાં, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા લોનની પરતચૂકવણીના કેસમાં, વર્તમાન મૂલ્ય સમયગાળા દરમિયાન વ્યાજમુક્ત લોનોની ઘટાડેલી સિલકો પર ગણવામાં આવ્યું હતું.

- સંબંધિત નાણાકીય વર્ષ[18] માટે રાજ્ય સરકારે લીધેલા ઋણ પર વ્યાજનો સરેરાશ દર વર્તમાન મૂલ્યની ગણતરી માટે ચક્રવૃધ્ધિ દર તરીકે અપનાવવામાં આવ્યો હતો કારણ કે તે વર્ષ માટે ભંડોળના રોકાણ પ્રત્યે સરકાર દ્વારા કરવામાં આવેલો ખર્ચ રજૂ કરે છે.

---

[18] સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર સંબંધિત વર્ષ માટેની નાણાકીય પરિસ્થિતિ પરના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના અહેવાલોમાંથી અપનાવવામાં આવ્યો હતો.
ચૂકવેલા વ્યાજ માટેનો સરેરાશ દર=વ્યાજની ચૂકવણી÷[(અગાઉના વર્ષની રાજકોષીય જવાબદારીઓની રકમ+ચાલુ વર્ષની જવાબદારીઓ)÷2]×100.

66 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો (સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમો) પૈકી, 60 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રાજ્ય સરકારે સીધુ મૂડીરોકાણ કર્યું હતુ. **કોઠો 2.35** આ રાજ્યના 60 જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં તેમની સ્થાપનાથી શરૂ કરીને 2019-20 સુધીના, મૂડીરોકાણના ઐતિહાસિક ખર્ચને વર્તમાન મૂલ્ય તરીકે ગણીને વળતરના વાસ્તવિક દરની ગણતરી દર્શાવે છે.

**કોઠો 2.35: રાજ્ય સરકાર દ્વારા SPSUsમાં કરવામાં આવેલા મૂડીરોકાણની વર્ષ-વાર વિગતો અને તેમનું 2019-20 સુધીનું વર્તમાન મૂલ્ય**

(₹ કરોડમાં)

| નાણાકીય વર્ષ | વર્ષની શરૂઆતમાં મૂડીરોકાણનું વર્તમાન મૂલ્ય | વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા રોકવામાં આવેલી રકમ | | | | વર્ષના અંતે મૂડીરોકાણ | સરકારના ઋણ પરનો વ્યાજનો સરેરાશ દર (ટકામાં) | વર્ષના અંતે કુલ મૂડીરોકાણનું વર્તમાન મૂલ્ય | વર્ષ માટે ભંડોળનો ખર્ચ વસૂલ કરવા માટેનો અપેક્ષિત લઘુત્તમ દર | વર્ષ માટેની કુલ કમાણી (+)/ નુકસાન (-) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શેર મૂડી | વ્યાજમુક્ત લોન/ (ચોખ્ખી પરત ચૂકવણી) | સંચાલન અને વહીવટી ખર્ચ માટે અનુદાન/ સહાય | કુલ મૂડીરોકાણ | | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6=3+4+5 | 7=2+6 | 8 | 9=7× [1+(8÷100)] | 10= [7× (8÷100)] | 11 |
| 2004-05 સુધી | - | 14,107.20 | 21.15 | 2,143.43 | 16,271.78 | 16,271.78 | 9.08 | 17,749.26 | 1,477.48 | - |
| 2005-06 | 17,749.26 | 3,124.54 | 0.05 | 2,432.36 | 5,556.95 | 23,306.21 | 8.06 | 25,184.69 | 1,878.48 | 405.37 |
| 2006-07 | 25,184.69 | 3,321.00 | 77.34[19] | 2,966.28 | 6,364.62 | 31,549.31 | 8.19 | 34,133.20 | 2,583.89 | 238.87 |
| 2007-08 | 34,133.20 | 3,218.23 | -0.43 | 3,402.59 | 6,620.39 | 40,753.59 | 8.12 | 44,062.78 | 3,309.19 | 783.60 |
| 2008-09 | 44,062.78 | 5,524.94 | -11.04 | 4,955.36 | 10,469.26 | 54,532.04 | 7.80 | 58,785.54 | 4,253.50 | 736.39 |
| 2009-10 | 58,785.54 | 2,326.56 | 15.73 | 5,430.18 | 7,772.47 | 66,558.01 | 7.64 | 71,643.04 | 5,085.03 | 684.98 |
| 2010-11 | 71,643.04 | 2,922.52 | 497.84 | 5,349.56 | 8,769.92 | 80,412.96 | 7.56 | 86,492.18 | 6,079.22 | 1,089.45 |
| 2011-12 | 86,492.19 | 3,824.42 | 130.67 | 4,517.76 | 8,472.85 | 94,965.04 | 7.63 | 1,02,210.87 | 7,245.83 | 1,636.27 |
| 2012-13 | 1,02,210.87 | 7,076.43 | -8.74 | 6,777.61 | 13,845.30 | 1,16,056.17 | 7.66 | 1,24,946.07 | 8,889.90 | 1,823.74 |
| 2013-14 | 1,24,946.08 | 6,709.97 | 27.11 | 7,142.97 | 13,880.05 | 1,38,826.13 | 7.62 | 1,49,404.68 | 10,578.55 | 1,187.35 |
| 2014-15 | 1,49,404.68 | 6,713.58 | 333.35 | 7,752.47 | 14,799.40 | 1,64,204.08 | 7.76 | 1,76,946.32 | 12,742.24 | 873.79 |
| 2015-16 | 1,76,946.32 | 7,675.04 | 323.82 | 7,547.66 | 15,546.52 | 1,92,492.84 | 7.69 | 2,07,295.54 | 14,802.70 | (-)1,105.34 |
| 2016-17 | 2,07,295.54 | 8,357.37 | -84.3 | 8,635.57 | 16,908.64 | 2,24,204.18 | 7.67 | 2,41,400.64 | 17,196.46 | (-)16,371.63 |
| 2017-18 | 2,41,400.63 | 8,739.64 | 41.25 | 8,556.16 | 17,337.05 | 2,58,737.68 | 7.59 | 2,78,375.87 | 19,638.19 | (-)1,443.64 |
| 2018-19 | 2,78,375.88 | 6,826.14 | 926.03 | 10,614.50 | 18,366.67 | 2,96,742.55 | 7.44 | 3,18,820.20 | 22,077.65 | (-)530.42 |
| 2019-20 | 3,18,820.20 | 7,275.23 | 512.10 | 5,498.32 | 13,285.65 | 3,32,105.85 | 7.47 | 3,56,914.16 | 24,808.31 | (-)741.29 |
| | **Total** | **97,742.81** | **2,801.93** | **93,722.78** | **1,94,267.52** | | | | | |

સ્રોત: SPSUs દ્વારા આપવામાં આવેલી માહિતી

[19] આ 227.34 કરોડના કુલ મૂડીરોકાણ પૈકી ચોખ્ખી વ્યાજમુક્ત લોન દર્શાવે છે, બાકીની 150 કરોડની રકમનુ 2006-07 માં ઇક્વીટીમાં રૂપાંતર કરવામાં આવ્યુ હતું.

ઉપરનો કોઠો દર્શાવે છે કે જે કંપનીઓમા રાજ્ય સરકારે શેર મૂડીમાં સીધુ રોકાણ કર્યું હતું તેમાં 2015-16થી આગળ ચોખ્ખુ નુકસાન સહન કર્યું હતું. આથી, 2015-16થી 2019-20માં રાજ્ય સરકારના મૂડીરોકાણ પર વળતરનો વાસ્તવિક દર (RORR) શૂન્ય હતો.

### *રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની શેર મૂડી પર વળતર*

શેર મૂડી પર વળતર અથવા ROE[20] એ ચોખ્ખી આવકને શેરધારકની શેર મૂડીથી ભાગાકાર કરીને ગણવામાં આવેલી કંપનીની નાણાકીય કામગીરીનો માપદંડ છે. 88 સરકારી કંપનીઓ અને નિગમોનું 2017-18થી 2019-20ના છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન શેર મૂડી પરનું એકત્રિત વળતર **કોઠા 2.36**માં આપ્યુ છે.

**કોઠો 2.36: શેર મૂડી પર વળતર**

| વર્ષ | કર બાદ ચોખ્ખો નફો (₹ કરોડમાં) | શેરધારકનું ભંડોળ (₹ કરોડમાં) | શેર મૂડી પર વળતર (ટકામાં) |
|---|---|---|---|
| 2017-18 | (-)441.33 | 99,571.08 | (-)0.44 |
| 2018-19 | 975.39 | 1,13,291.01 | 0.86 |
| 2019-20 | 2,584.33 | 1,27,069.45 | 2.03 |

જોઇ શકાય છે કે, 88 સરકારી કંપનીઓ અને નિગમોમાં શેર મૂડી પર વળતર 2017-18માં (-)0.44 ટકા હતુ તે વધીને 2019-20માં 2.03 ટકા થયુ હતું.

2018-19માં 42 નફો કરતી કંપનીઓની બાબતમાં શેર મૂડી પરના 4.02 ટકાના વળતરની સરખામણીએ નફો કરતી 43 કંપનીઓનું 2019-20માં શેર મૂડી પરનું વળતર 4.22 ટકા હતું. જો કે, તમામ 66 સરકારી કંપનીઓનું (નુકસાન કરતી 13 અને 10 શૂન્ય-નફો/ખોટ કરતી કંપનીઓ સહિત) શેર મૂડી પરનું 2019-20માં વળતર 0.23 ટકા હતું.

માર્ચ 2020ના અંતે, નવ નફો કરતી સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓનું શેર મૂડી પરનું વળતર 24.10 ટકા હતું જ્યારે સરકાર નિયંત્રિત અન્ય તમામ 22 કંપનીઓની બાબતમાં તે 18.12 ટકા હતું.

### *સરકારી કંપનીઓમાં મૂડીનું ધોવાણ*

31 માર્ચ 2020ના રોજ, તમામ 88 સરકારી કંપનીઓ અને નિગમોનું તેમની ₹ 1,05,856.96 કરોડની ભરપાઇ થયેલી મૂડી સામે એકંદર ચોખ્ખુ મૂલ્ય ₹ 1,27,069.45 કરોડ હતું.

31 માર્ચ 2020ના રોજ, 35 સરકારી કંપનીઓએ ₹ 28,921.11 કરોડનું એકત્રિત નુકસાન નોંધાવ્યુ હતું. 35 SPSUs પૈકી, 21 SPSUs એ 2019-20માં ₹ 2,528.53 કરોડની ખોટ કરી

[20] શેર મૂડી પર વળતર= (કર બાદનો ચોખ્ખો નફો અને પ્રેફરન્સ ડિવિડન્ડ/ઇક્વીટી)×100 જ્યાં શેર મૂડી=ભરપાઇ થયેલી મૂડી+મુક્ત અનામતો-સંચિત નુકસાન-મોકુફ રાખેલ મહેસૂલી ખર્ચ

હતી જ્યારે 14 SPSUs એ, જો કે કોઇ ખોટ (શૂન્ય નફા સહિત) કરી ન હતી, પરંતુ માર્ચ 2020 સુધીનું ₹ 15,640.07 કરોડનું સંચિત નુકસાન હતુ. 35 SPSUs પૈકી અગિયાર સમેટી લેવા/બંધ કરવા/ફડચા હેઠળ હતા.

31 માર્ચ 2020ના રોજ, 35 માંથી 20 SPSUs એ ₹ 4,191.48 કરોડના શેર મૂડી રોકાણની સામે ₹ 6,151.12 કરોડનું નકારાત્મક ચોખ્ખુ મૂલ્ય નોંધાવ્યુ હતું. નકારાત્મક ચોખ્ખુ મૂલ્ય હતુ તે 20 SPSUs પૈકી, ચાર SPSUs એ 2019-20માં ₹ 376.37 કરોડનો નફો કર્યો હતો. આ 20 SPSUs, જેની મૂડીનું સંપૂર્ણપણે ધોવાણ થઇ ગયુ હતુ, તેની પાસે 31 માર્ચ 2020ના રોજ ₹ 4,281.15 કરોડની રકમની ગુજરાત સરકાર પાસેથી લીધેલી લોન બાકી હતી.

## *ચૂકવેલી અને વસૂલ કરેલી લોન અને પેશગીઓનું પ્રમાણ*

સહકારી સોસાયટીઓ, નિગમો અને કંપનીઓમાં મૂડીરોકાણ ઉપરાંત, રાજ્ય સરકારે આ સંસ્થાઓ/સંગઠનો પૈકી ઘણાને લોન અને પેશગીઓ પણ પૂરી પાડી છે.

**કોઠો 2.37**, 2015-16થી 2019-20ના પાંચ વર્ષના સમયગાળા માટે વ્યાજની આવકની સામે વ્યાજની ચૂકવણીની સાથે 31 માર્ચ 2020ના રોજ બાકી લોન અને પેશગીઓનું વલણ રજૂ કરે છે.

**કોઠો 2.37: પાંચ વર્ષ દરમિયાન ચૂકવેલી અને વસૂલ કરેલી લોનનું પ્રમાણ**

(₹ કરોડમાં)

| લોન/વ્યાજની આવક/ઋણ લેવાનો પડતર ખર્ચ | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| ખૂલતી સિલક | 6,777 | 7,327 | 7,638 | 7,923 | 9,503 |
| વર્ષ દરમિયાન આપેલી પેશગીની રકમ | 675 | 477 | 631 | 1,731 | 1,312 |
| વર્ષ દરમિયાન વસૂલ કરેલી રકમ | 125 | 166 | 346 | 151 | 330 |
| બંધ સિલક | 7,327 | 7,638 | 7,923 | 9,503 | 10,485 |
| લોન જેના માટે શરતો ઠરાવવામાં આવી છે તેનો નિકાલ થયો નથી | 634 | 373 | 521 | 1,296 | 905 |
| વર્ષ દરમિયાન ચોખ્ખો વધારો | 550 | 311 | 285 | 1,580 | 982 |
| આપેલ લોન પર વ્યાજની આવક | 172 | 117 | 88 | 74 | 62 |
| બાકી લોન અને પેશગીઓની ટકાવારીની રીતે વ્યાજની આવક | 2.35 | 1.53 | 1.13 | 0.85 | 0.62 |
| વ્યાજની ચૂકવણી | 16,300 | 17,797 | 18,954 | 20,183 | 22,449 |
| સરકારના બાકી ઋણ પર ચૂકવેલા વ્યાજનો સરેરાશ દર (ટકા) | 7.69 | 7.67 | 7.59 | 7.44 | 7.47 |
| ચૂકવેલા વ્યાજનો દર અને મળેલા વ્યાજના દર વચ્ચે તફાવત (ટકા) | 5.34 | 6.14 | 6.46 | 6.59 | 6.85 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

કોઠો દર્શાવે છે કે કુલ બાકી લોન અને પેશગીઓ 2018-19માં ₹ 9,503 કરોડ હતી તે વધીને 2019-20માં ₹ 10,485 કરોડ થઇ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી/ચૂકવેલી કુલ લોન (₹ 1,312 કરોડ) પૈકી, ₹ 884 કરોડ સામાજીક સેવાઓ માટે, ₹ 379 કરોડ આર્થિક સેવાઓ માટે અને ₹ 49 કરોડ પરચુરણ હેતુઓ માટે આપવામાં આવી હતી. સામાજીક સેવાઓ માટે આપવામાં આવેલી લોનનો ઉપયોગ શહેરી વિકાસ અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે કરવામાં આવ્યો હતો. આર્થિક સેવાઓ હેઠળ આપવામાં આવેલી લોનનો મોટો હિસ્સો પરિવહન ક્ષેત્ર (₹ 277 કરોડ) અને ઉર્જા ક્ષેત્રના (₹ 101 કરોડ) ફાળે ગયો હતો.

લોન અને પેશગીઓની વસૂલાત 2018-19માં ₹ 151 કરોડ હતી તે ₹ 179 કરોડ જેટલી વધીને 2019-20માં ₹ 330 કરોડ થઇ હતી. જો કે, વર્ષ દરમિયાન ચૂકવેલી લોન અને પેશગીઓ પરની વ્યાજની આવક ₹ 12 કરોડ જેટલી ઘટી હતી.

ઉપરાંત, વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન (₹ 1,312 કરોડ) પૈકી, ₹ 905 કરોડની લોન વહીવટી વિભાગ અથવા નાણા વિભાગ દ્વારા પરત ચૂકવણી માટેની શરતો અને વ્યાજનો દર નક્કી કર્યા વિના ચૂકવવામાં આવી હતી.

ઑડિટે અવલોકન કર્યું હતુ કે નબળી નાણાકીય સ્થિતિના કારણે, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ વર્ષો દરમિયાન વસૂલ કરેલો યાત્રી વેરો જમા કરી શકે એમ ન હતું અને તેના કર્મચારીઓને સાતમા પગાર પંચની પાછલી બાકી પણ ચૂકવી શક્યુ ન હતુ. યાત્રી વેરાનો ઉપયોગ તેના ખર્ચાને પહોંચી વળવા માટે કરવામાં આવતો હતો. વહીવટી વિભાગે (બંદરો અને પરિવહન) નાણા વિભાગની મંજૂરીથી બાકી યાત્રી વેરાને (જાન્યુઆરી અને માર્ચ 2020) ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને આપવામાં આવેલી લોન (₹ 44.62 કરોડ) તરીકે ગણી હતી અને તેના કર્મચારીઓને સાતમા પગાર પંચની ચૂકવવાની થતી રકમની ચૂકવણી માટે ₹ 232.46 કરોડની લોન આપી હતી (ઓક્ટોબર 2019). જો કે, સંબંધિત મંજૂરીના હુકમો પરત ચૂકવણીનું સમયપત્રક અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ નિયત કરતા નથી. 31 માર્ચ 2020ની સ્થિતિએ, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ પાસે લોનની ₹ 3,653 કરોડની બાકી સિલક હતી, જેમાં 2015-20 દરમિયાન આપવામાં આવેલી ₹ 924.88 કરોડની પેશગીઓનો સમાવેશ થાય છે.

### *અપૂર્ણ યોજનાઓમાં સ્થગિત થયેલી મૂડી*

અપૂર્ણ યોજનાઓ/કામોમાં સ્થગિત થયેલું ભંડોળ ખર્ચની ગુણવત્તા પર નકારાત્મક અસર કરે છે અને રાજ્યને ઇચ્છિત લાભોથી લાંબા સમયગાળા માટે વંચિત રાખે છે.

માર્ચ 2020ના અંતે 123 મૂડી કામો કે જે દરેકનું મૂલ્ય ₹ 10 કરોડ અથવા વધુ હતું, તે અપૂર્ણ હતાં. આ બધાં કામની પૂર્ણતાની તારીખ 31 માર્ચ 2020 હતી અને તેમના પર ₹ 5,810.99 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. અપૂર્ણ યોજનાઓની વર્ષ-વાર અને વિભાગ-વાર વિગતો અનુક્રમે **કોઠા 2.38** અને **કોઠા 2.39**માં આપી છે.

**કોઠો 2.38: 31 માર્ચ 2020ના રોજ અપૂર્ણ યોજનાઓની વય મુજબ વિગતો**

| વર્ષ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ (31 માર્ચ 2020ના રોજ) |
|---|---|---|---|
| | (સંખ્યા) | (₹ કરોડમાં) | |
| 2013-14 | 1 | 30.11 | 16.91 |
| 2015-16 | 6 | 559.64 | 520.68 |
| 2016-17 | 16 | 526.64 | 323.29 |
| 2017-18 | 51 | 4,438.56 | 3,971.66 |
| 2018-19 | 48 | 2,167.26 | 977.81 |
| 2019-20 | 1 | 14.15 | 0.64 |
| **કુલ** | **123** | **7,736.36** | **5,810.99** |

**કોઠો 2.39: 31 માર્ચ 2020ના રોજ અપૂર્ણ યોજનાઓની વિભાગ-વાર વિગતો**

| વિભાગ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ |
|---|---|---|---|
| | (સંખ્યા) | (₹ કરોડમાં) | |
| માર્ગ અને મકાન | 104 | 4,288.25 | 2,583.87 |
| નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર | 19 | 3,448.11 | 3,227.12 |
| **કુલ** | **123** | **7,736.36** | **5,810.99** |

સ્રોત: વર્ષ 2019-20 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોનો પરિશિષ્ટ IX.

ઉપરના કોઠા પરથી એ જોઇ શકાય છે કે 31 માર્ચ 2020ના રોજ, માર્ગ અને મકાન વિભાગે 104 અપૂર્ણ યોજનાઓ પર 60.25 ટકા ખર્ચ કર્યો હતો. જ્યારે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગે 19 અપૂર્ણ યોજનાઓ પર 93.59 ટકા વાપર્યા હતાં (પ્રારંભિક અંદાજપત્રીય ખર્ચના સંદર્ભમાં).

## *ઉજ્જવલ ડિસકોમ એસ્યોરન્સ યોજનાનું અમલીકરણ (ઉદય)*

**ઉજ્જવલ ડિસકોમ** એસ્યોરન્સ **યોજના ભારત સરકાર દ્વારા રાજ્યની માલિકીની ઉર્જા વિતરણ કંપનીઓની** (DISCOMs) સંચાલનની અને નાણાકીય કાયાપલટ માટે **નવેમ્બર 2015માં** શરૂ કરવામાં આવી હતી. ઉદય યોજનામાં વર્ણવેલા સંચાલનના અને નાણાકીય સીમાચિન્હો હાંસલ કરવા માટે પક્ષોની સંબંધિત જવાબદારીઓ નિયત કરવા માટે રાજ્ય સરકારો, વિતરણ કંપનીઓ અને ભારત સરકાર વચ્ચે એક કરાર પર સહીસિક્કા કરવાની કલ્પના કરવામાં આવી હતી. એ મુજબ, રાજ્ય સરકારોએ વિતરણ કંપનીઓના 30 સપ્ટેમ્બર 2015ના રોજના બાકી ઋણના 75 ટકાનો બે વર્ષમાં, એટલે કે 2016-17માં 50 ટકા અને 2017-18માં 25 ટકાનો હવાલો લઇ લેવાનો હતો.

ગુજરાત સરકારે, રાજ્યની માલિકીની ચાર વિતરણ કંપનીઓ અને ભારત સરકાર સાથે નાણાકીય કાયાપલટ અને ભવિષ્યના નાણાકીય નુકસાન અને કાર્યકારી મૂડી પૂરી પાડવાની જોગવાઈ સિવાય એક ત્રિપક્ષીય સમજૂતી કરાર કર્યો હતો (ફેબ્રુઆરી 2016). એનું કારણ એ હતું કે ચારેય વિતરણ કંપનીઓએ 2005-06માં નાણાકીય કાયાપલટ કરી નાખી હતી. આ બાબતને

ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકાર દ્વારા ઉદય યોજના હેઠળ 2019-20 દરમિયાન કોઇ નાણાકીય સહાય રાજ્યની DISCOMsને આપવામાં આવી ન હતી.

### 2.4.3.5 જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓ હેઠળ રાજ્યના સંસાધનોની ઉપલબ્ધતા

જાહેર ખાનગી ભાગીદારી એ સરકાર અથવા વૈધાનિક સંસ્થા અને ખાનગી ક્ષેત્રની સંસ્થા વચ્ચે એક માળખુ પુરૂ પાડવાનો કરાર છે જે માળખાકીય વિકાસ માટેની લોકોની વધતી માંગણીઓને પહોંચી વળવા માટે સાથે કામ કરવા માટે તેમને સક્ષમ બનાવે છે.

31 માર્ચ 2020ની સ્થિતિએ, માળખાકીય ક્ષેત્રમાં જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓની સ્થિતિ કોઠા 2.40માં દર્શાવ્યા મુજબ હતી.

**કોઠો 2.40: માળખાકીય ક્ષેત્રમાં જાહેર ખાનગી ભાગીદારી પ્રકલ્પોની સ્થિતિ**

(₹ કરોડમાં)

| ક્રમાંક | ક્ષેત્ર | પૂર્ણ થયેલી યોજનાઓ | | અમલીકરણ હેઠળની યોજનાઓ | | ભવિષ્ય માટે આયોજન | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | કુલ મૂડીરોકાણ | સંખ્યા | કરવામાં આવેલો ખર્ચ | સંખ્યા. | અંદાજીત ખર્ચ |
| 1. | બંદરો | 55 | 51,619.53 | 16 | 14,535.95 | 5 | 1,734.00 |
| 2. | ઉર્જા | 6 | 11,350.00 | 1 | 43.30 | 9 | 12,745.00 |
| 3. | માર્ગો | 19 | 2,596.06 | 7 | 3,808.75 | 8 | 2,900.09 |
| 4. | માર્ગ પરિવહન | 7 | 923.01 | 11 | 750.18 | 4 | 419.81 |
| 5. | રેલવે | 1 | 395.00 | 2 | 1,262.25 | 0 | 0 |
| 6. | શહેરી વિકાસ | 84 | 1,877.87 | 46 | 4,894.73 | 46 | 1,999.61 |
| 7. | પાણી | 0 | 0.00 | 0 | 0.00 | 2 | 5,000.00 |
| 8. | લોજીસ્ટીક પાર્ક | 0 | 0.00 | 0 | 0.00 | 3 | 550.00 |
| 9. | ઉડ્ડયન | 0 | 0.00 | 1 | 0.00 | 3 | 0.00 |
| 10. | IT, ITES અને બાયોટેક | 3 | 5.12 | 3 | 255.00 | 1 | 100.00 |
| 11. | કૃષિ | 2 | 23.18 | 0 | 0.00 | 0 | 0.00 |
| | **કુલ** | **177** | **68,789.77** | **87** | **25,550.16** | **81** | **25,448.51** |

સ્રોત: ગુજરાત માળખાકીય વિકાસ બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી

કોઠો 2.40 દર્શાવે છે કે ગુજરાતમાં માળખાકીય ક્ષેત્રમાં ₹ 94,340 કરોડના મૂલ્યની 264 જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓ પૈકી, ₹ 68,790 કરોડના મૂલ્યની 177 યોજનાઓ માર્ચ 2020 સુધીમાં પૂર્ણ થઇ ગઇ હતી. મુખ્ય રોકાણો શહેરી માળખાકીય ક્ષેત્રમાં હતાં જેમાં 84 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી અને 46 યોજનાઓ અમલીકરણ હેઠળ હતાં. વધુમાં, બંદર ક્ષેત્રમાં, ₹ 51,620 કરોડના મૂલ્યની 55 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી અને ₹ 14,536 કરોડના રોકાણવાળી 16 યોજનાઓ પ્રગતિમાં હતી. 31 માર્ચ 2020ની સ્થિતિએ પૂર્ણ થયેલી યોજનાઓની

સંખ્યા 31 માર્ચ 2019ના રોજ હતી એટલી જ હતી, જે દર્શાવે છે કે 2019-20 દરમિયાન કોઇ યોજના પૂર્ણ થઇ ન હતી.

### 2.4.4 રાજ્યની ખર્ચની પ્રાથમિકતાઓ

રાજ્યમાં વધુ સારા સામાજીક અને ભૌતિક માળખાની ઉપલબ્ધતા ખર્ચની ગુણવત્તા પ્રતિબિંબિત કરે છે. રાજ્ય સરકાર માટે એ મહત્વનું છે કે માળખાકીય ખર્ચ – જે સામાજીક અને આર્થિક પરનો ખર્ચ છે તેના પર ધ્યાન વધુ કેન્દ્રિત કરીને વિકાસકીય ખર્ચને યોગ્ય રીતે તર્કસંગત બનાવવું. માળખાકીય ખર્ચ માટે ફાળવણીમાં સુધારો કરવા ઉપરાંત, ખર્ચના ઉપયોગની કાર્યક્ષમતા પણ મૂડી ખર્ચ અને કુલ ખર્ચનો ગુણોત્તર અને શિક્ષણ અને આરોગ્ય પર કરવામાં આવતા મહેસૂલી ખર્ચના પ્રમાણ દ્વારા પ્રતિબિંબિત થાય છે. કુલ ખર્ચની સામે આ ઘટકોનો ગુણોત્તર જેમ ઉંચો તેમ ખર્ચની ગુણવત્તા વધુ સારી ગણાય છે.

**કોઠો 2.41** 2015-16ને પાયાનું વર્ષ ગણીને 2019-20 દરમિયાન વિકાસકીય ખર્ચ, સામાજીક અને આર્થિક ક્ષેત્રો પરનો ખર્ચ અને મૂડી ખર્ચની બાબતમાં રાજ્ય સરકારની નાણાકીય પ્રાથમિકતાઓની સામાન્ય વર્ગના રાજ્યો સાથે સરખામણી કરે છે.

**કોઠો 2.41: 2015-16 અને 2019-20માં રાજ્યની ખર્ચની પ્રાથમિકતાઓ**

(ટકામાં)

| રાજ્યની નાણાકીય પ્રાથમિકતાઓ | AE/ GSDP | SSE/ AE | ESE/ AE | DE/ AE | CE/ AE | શિક્ષણ/AE | આરોગ્ય/ AE |
|---|---|---|---|---|---|---|---|
| **2015-16માં આની સરેરાશ (ગુણોત્તર)** | | | | | | | |
| **સામાન્ય વર્ગના રાજ્યો** | 16.97 | 36.09 | 34.19 | 70.29 | 14.81 | 15.68 | 4.79 |
| **ગુજરાત** | 11.72 | 40.36 | 31.21 | 71.57 | 20.04 | 15.96 | 5.91 |
| **2019-20માં આની સરેરાશ (ગુણોત્તર)** | | | | | | | |
| **સામાન્ય વર્ગના રાજ્યો** | 15.15 | 36.73 | 28.69 | 65.42 | 12.97 | 15.91 | 5.21 |
| **ગુજરાત** | 10.09 | 39.47 | 30.55 | 70.02 | 15.28 | 15.01 | 6.13 |
| AE: એકંદર ખર્ચ (તે કુલ ખર્ચ છે); DE: વિકાસ ખર્ચ; SSE: સામાજીક ક્ષેત્રનો ખર્ચ; ESE: આર્થિક ક્ષેત્રનો ખર્ચ; CE: મૂડી ખર્ચ. | | | | | | | |

સ્રોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

કોઠો 2.41 નીચેની બાબતો વ્યક્ત કરે છે:

- ગુજરાતમાં રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે કુલ ખર્ચની ટકાવારી 2015-16 અને 2019-20 દરમિયાન સામાન્ય વર્ગના રાજ્યો કરતાં નીચી હતી.
- વિકાસ ખર્ચમાં આર્થિક સેવાઓ પરનો ખર્ચ અને સામાજીક સેવાઓ પરના ખર્ચનો સમાવેશ થાય છે. ગુજરાતમાં 2015-16 અને 2019-20 દરમિયાન કુલ ખર્ચની ટકાવારી તરીકે વિકાસ ખર્ચ સામાન્ય વર્ગના રાજ્યો કરતાં ઉંચો હતો.

- 2015-16 અને 2019-20 દરમિયાન રાજ્યમાં કુલ ખર્ચની ટકાવારી તરીકે સામાજીક સેવાઓ પરનો ખર્ચ સામાન્ય વર્ગના રાજ્યો કરતાં ઉંચો હતો.
- 2015-16 દરમિયાન રાજ્યમાં કુલ ખર્ચની ટકાવારી તરીકે આર્થિક સેવાઓ પરનો ખર્ચ સામાન્ય વર્ગના રાજ્યો કરતાં નીચો હતો પરંતુ 2019-20 દરમિયાન ઉંચો હતો.
- સંયુક્ત રાષ્ટ્રસંઘ વિકાસ પ્રોગ્રામ (UNDP) દ્વારા 2020માં (HDR 2020) બહાર પાડવામાં આવેલા માનવ વિકાસ અહેવાલ અનુસાર, ભારતનો માનવ વિકાસ સૂચકાંક 0.655 હતો જ્યારે 2020 દરમિયાન ગુજરાતનો સૂચકાંક 0.681 હતો.
- 2015-16 અને 2019-20 દરમિયાન સામાન્ય વર્ગના રાજ્યોની સરખામણીએ રાજ્યનો કુલ ખર્ચ અને મૂડી ખર્ચનો ગુણોત્તર ઉંચો હતો. આમ છતાં, કુલ ખર્ચની ટકાવારી રૂપે રાજ્યમાં મૂડી ખર્ચ 2015-16માં 20.04 ટકા હતો તે નીચો આવીને 2019-20માં 15.28 ટકા થયો હતો.
- સામાન્ય વર્ગના રાજ્યોની તુલનાએ ગુજરાતે 2015-16 અને 2019-20માં આરોગ્ય ક્ષેત્રને પૂરતી પ્રાથમિકતા આપી છે. માનવ વિકાસ અહેવાલ 2020 મુજબ, 0.786નો ગુજરાતનો આરોગ્ય સૂચકાંક 2020માં ભારત (0.768) કરતાં ઉંચો હતો.
- ગુજરાતમાં કુલ ખર્ચ અને શિક્ષણનો ગુણોત્તર 2015-16માં સામાન્ય વર્ગના રાજ્યો કરતાં સારો હતો પરંતુ તે 2019-20માં સામાન્ય વર્ગના રાજ્યોની નીચે આવી ગયો હતો. રાજ્યે શિક્ષણ પરની જોગવાઇ વધારવાની જરૂર છે. HDR 2020 મુજબ, ભારતનો 2020માં હતો એ જ 0.558નો શૈક્ષણિક સૂચકાંક ગુજરાતનો હતો.
- રાજ્યનાં એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે રાજ્યનો 10.09 ટકાનો કુલ ખર્ચ 2019-20 દરમિયાન રાજ્યના અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રની વધુ ભાગીદારી દર્શાવે છે.

### 2.4.5 હેતુ સદર મુજબ ખર્ચ

નાણાકીય હિસાબો માત્ર ગૌણ સદરના સ્તર સુધીના વ્યવહારો દર્શાવે છે. આથી, અંદાજપત્રીય ફાળવણીઓ અને હેતુ સદરના સ્તર સુધી કરવામાં આવેલા ખર્ચના પ્રમાણનું કવાયતરૂપી અવલોકન **કોઠા 2.42**માં આપ્યુ છે.

**કોઠો 2.42: હેતુ સદર મુજબ ખર્ચની સામે અંદાજપત્રીય અધિકૃતતા**

(₹ કરોડમાં)


| સદર | અંદાજપત્ર | ખર્ચ | ઉપયોગની ટકાવારી |
|---|---|---|---|
| સહાયક અનુદાન | 65,638.19 | 61,554.89 | 93.78 |
| વ્યાજ | 22,564.95 | 22,235.44 | 98.54 |
| પગાર | 20,142.21 | 11,126.49 | 55.24 |
| સહાય | 19,134.93 | 18,420.27 | 96.27 |
| ઋણની ચૂકવણી | 16,654.70 | 16,701.76 | 100.28 |
| મોટા કામો | 15,881.65 | 12,325.91 | 77.61 |

| સદર | અંદાજપત્ર | ખર્ચ | ઉપયોગની ટકાવારી |
|---|---|---|---|
| નિવૃત્તિ ખર્ચા | 12,525.33 | 11,923.78 | 95.20 |
| મૂડીરોકાણ | 9,237.21 | 6,933.81 | 75.06 |
| અન્ય મૂડી ખર્ચ | 7,112.39 | 6,239.07 | 87.72 |
| મૂડીગત અસ્ક્યામતોના સર્જન માટે સ્થાનિક સસ્થાઓને અનુદાન | 5,970.93 | 2,707.36 | 45.34 |
| અન્ય ખર્ચ | 3,568.03 | 3,401.81 | 95.34 |
| નાના કામો | 2,418.15 | 2,105.08 | 87.05 |
| સ્કોલરશીપ/સ્ટાઇપેન્ડ | 1,990.14 | 1,877.88 | 94.36 |
| લોન અને પેશગીઓ | 1,595.19 | 1,311.73 | 82.23 |
| પુરવઠો અને માલસામાન | 1,449.91 | 1,399.49 | 96.52 |
| આંતર-હિસાબી તબદીલીઓ | 1,340.00 | 848.87 | 63.35 |
| મશીનરી અને સાધનસામગ્રી | 1,296.82 | 994.64 | 76.70 |
| કચેરી ખર્ચ | 1,007.23 | 722.87 | 71.77 |
| રેશનનો ખર્ચ (આહાર ખર્ચ) | 848.82 | 322.25 | 37.96 |
| અન્ય કરારને લગતી સેવાઓ | 734.92 | 795.50 | 108.24 |
| મોટર વાહનો | 658.05 | 372.32 | 56.58 |
| ઓવરટાઇમ ભથ્થા | 434.98 | 414.05 | 95.19 |
| વેતન | 429.82 | 360.93 | 83.97 |
| પંચાયતોને ફાળો | 335.00 | 2,154.84 | 643.24 |
| જાહેરાત અને પ્રચાર | 236.43 | 169.46 | 71.68 |
| વ્યાવસાયિક સેવાઓ | 219.04 | 155.32 | 70.91 |
| ઘરેલુ પ્રવાસન ખર્ચ | 186.41 | 161.98 | 86.90 |
| પેટ્રોલ, ઓઇલ અને ઉંજણ | 115.77 | 101.45 | 87.63 |
| ભાડા, દર અને કર | 85.58 | 88.39 | 103.28 |
| શસ્ત્રો અને દારૂગોળો | 54.17 | 55.80 | 103.02 |
| વસ્ત્રો અને તંબુ | 24.74 | 11.76 | 47.51 |
| પ્રકાશન | 19.82 | 13.96 | 70.42 |
| ગુપ્ત સેવાનો ખર્ચ | 6.67 | 6.48 | 97.17 |
| ઘસારો | 2.80 | 2.80 | 100.00 |
| પુરસ્કાર | 1.25 | 0.85 | 67.61 |
| વિદેશ યાત્રાનો ખર્ચ | 0.43 | 0.14 | 32.19 |
| અન્ય | 348.56 | 259.51 | 74.45 |
| **કુલ** | **2,14,271.22** | **1,88,278.95** | **87.87** |

સ્રોતઃ પ્રધાન મહાલેખાકારની (હિસાબ અને હક) કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી

એ જોઇ શકાય છે કે ₹ 2,14,271.22 કરોડની કુલ અંદાજપત્રીય ફાળવણીમાંથી, 2019-20 દરમિયાન જુદા જુદા હેતુ સદરો પરનો ખરેખર ખર્ચ ₹ 1,88,278.95 કરોડ (88 ટકા) થયો હતો. ઉપર જણાવેલા 37 હેતુ સદરો પૈકી, પાંચ સદરો હેઠળ 100 ટકા કરતા અધિક અંદાજપત્રીય ફાળવણીનો ખર્ચ કરવામાં આવ્યો હતો. 24 હેતુ સદરો હેઠળ, અંદાજપત્રીય ફાળવણીનો ખર્ચ 70 ટકાથી 100 ટકા વચ્ચે કરવામાં આવ્યો હતો, જ્યારે બાકીના આઠ હેતુ સદરોમાં કરવામાં આવેલો ખર્ચ અંદાજપત્રીય ફાળવણીના 70 ટકા કરતાં નીચો હતો. ટોચના આઠ હેતુ સદરોનો ટ્રી-મેપ **આલેખ 2.19**માં દર્શાવ્યો છે.

**આલેખ 2.19: હેતુ સદર મુજબ ખર્ચ**




## 2.5 આકસ્મિક નિધિ

### *આકસ્મિક નિધિ*

આકસ્મિક નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેની રચના કાયદા દ્વારા રાજ્યની વિધાનસભા દ્વારા કરવામાં આવે છે, અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવા, રાજ્યની વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતી મળે ત્યાં સુધી પેશગીઓ આપી શકાય એ માટે રાજ્યપાલના હવાલે મુકવામાં આવે છે. નિધિની ભરપાઇ રાજ્યના સંચિત નિધિના સંબંધિત કાર્યલક્ષી મુખ્ય સદર ખાતે ઉધારીને કરવામાં આવે છે. ગુજરાત સરકારના આકસ્મિક નિધિમાં ₹ 200 કરોડનો કોષ છે. 2019-20 દરમિયાન ₹ 54.74 કરોડની રકમ આકસ્મિક નિધિમાંથી ઉપાડવામાં આવી હતી અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે ખર્ચવામાં આવી હતી. પૂરેપૂરી રકમ નાણાકીય વર્ષ પૂર્ણ થયા પહેલાં ભરપાઇ કરવામાં આવી હતી.

## 2.6 જાહેર હિસાબ

કેટલાક વ્યવહારો જેમ કે નાની બચત, પ્રોવિડન્ટ ફંડ, અનામત ભંડોળ, થાપણો, ઉપલક, ભરણાં વગેરેની બાબતમાં આવક અને ચૂકવણીઓ જે સંચિત નિધિનો ભાગ બનતા નથી તેને બધારણની કલમ 266 (2) હેઠળ સ્થાપવામાં આવેલ જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્ય વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી. સરકાર આ બાબતમાં બેંકર તરીકેની ભૂમિકા ભજવે છે. વર્ષ દરમિયાન ચૂકવણીઓ બાદ રહેલી સિલક એ સરકાર પાસે જુદા જુદા હેતુઓ માટે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

### 2.6.1 જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો

માર્ચ 2020ના અંતે રાજ્યના જાહેર હિસાબમાં રહેલી ઘટક-વાર ચોખ્ખી સિલકો નીચે મુજબ હતી:

**કોઠો 2.43: વર્ષની 31 માર્ચની સ્થિતિએ જાહેર હિસાબમાં રહેલી ઘટક-વાર ચોખ્ખી સિલકો**

(₹ કરોડમાં)

| ક્ષેત્ર | પેટા-ક્ષેત્ર | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|---|
| I. નાની બચત, પ્રોવિડન્ટ ફંડ, વગેરે | નાની બચત, પ્રોવિડન્ટ ફંડ, વગેરે | 9,527.31 | 10,059.86 | 10,400.17 | 10,608.63 | 10,601.21 |
| J. અનામત ભંડોળ | (a) વ્યાજુકા અનામત ભંડોળો | 2,965.10 | 3,493.43 | 2,355.14 | 1,504.58 | 1,818.03 |
| | (b) વ્યાજ વગરના અનામત ભંડોળો | 11,298.64 | 12,186.10 | 12,576.73 | 13,998.70 | 15,014.72 |
| K. થાપણો અને પેશગીઓ | (a) વ્યાજુકી થાપણો | 11,201.15 | 12,087.51 | 12,954.29 | 13,677.83 | 14,073.56 |
| | (b) વ્યાજ વગરની થાપણો | 15,563.29 | 16,946.97 | 17,175.71 | 18,454.00 | 20,525.16 |
| | (c) પેશગીઓ | (-)0.81 | (-)0.81 | (-)0.79 | (-)0.73 | (-)0.71 |
| L. ઉપલક અને પ્રકિર્ણ | (a) ઉપલક | (-)417.51 | (-)434.57 | (-)447.98 | (-)516.66 | (-)303.87 |
| | (b) અન્ય હિસાબો[21] | 2,022.98 | 460.99 | 972.81 | 314.30 | (-)1,561.23 |
| | (c) વિદેશી સરકારો સાથેના હિસાબો | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 |
| | (d) પ્રકિર્ણ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| M. ભરણા | (a) મની ઓર્ડરો અને અન્ય ભરણા | 831.42 | 763.28 | 969.48 | 637.47 | 738.56 |
| | (b) આંતર-સરકારી સમાયોજન હિસાબ | (-)2.29 | (-)2.66 | (-)1.26 | (-)1.26 | (-)1.64 |
| કુલ | | 52,988.69 | 55,559.51 | 56,953.71 | 58,676.27 | 60,903.20 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.


નોંધ: +ve ઉધાર સિલક સૂચવે છે અને–ve જમા સિલક સૂચવે છે.

[21] L હેઠળના અન્ય હિસાબો- ઉપલક અને પ્રકિર્ણમાં રોકડ સિલક રોકાણ હિસાબ, કાયમી રોકડ અગ્રદાય અને વિભાગીય સિલકો સામેલ નથી.

પાંચ વર્ષ (2015-20) ના સમયગાળા દરમિયાન જાહેર હિસાબની સિલકોની રચનામાં વાર્ષિક ફેરફારો **આલેખ 2.20** માં આપ્યા છે.

**આલેખ 2.20: જાહેર હિસાબની સિલકોની રચનામાં વાર્ષિક ફેરફાર**

(₹ કરોડમાં)




| | નાની બચત, પ્રોવિડન્ટ ફંડ | અનામત ભંડોળ | થાપણો અને પેશગીઓ | ઉચ્ચક અને પ્રકિર્ણ | ભરણા |
|---|---|---|---|---|---|
| 2015-16 | 478 | -295 | 2,476 | 257 | 281 |
| 2016-17 | 533 | 1,416 | 2,270 | -1,579 | -69 |
| 2017-18 | 340 | -748 | 1,096 | 498 | 208 |
| 2018-19 | 208 | 571 | 2,002 | -727 | -332 |
| 2019-20 | -7 | 1,329 | 2,467 | -1,663 | 101 |

## 2.6.2 અનામત ભંડોળો

અનામત ભંડોળોની રચના રાજ્ય સરકારના જાહેર હિસાબો હેઠળ ચોક્કસ અને વ્યાખ્યાયિત હેતુઓ માટે કરવામાં આવે છે. આ ભંડોળો ફાળો અથવા રાજ્યના સંચિત નિધિમાંથી અનુદાનથી નિભાવવામાં આવે છે.

2019-20 દરમિયાન ચોક્કસ હેતુ માટે અંકિત કરેલા 17 અનામત ભંડોળો હતાં જે પૈકી વ્યાજવાળા ચાર અનામત ભંડોળો ₹ 1,818.03 કરોડની સિલક ધરાવતા હતાં અને 13 વ્યાજ વગરના હતાં જેમાં ₹ 15,014.72 કરોડની સિલક હતી. 31 માર્ચ 2020ના રોજ આ ભડોળોમાં કુલ એકત્રિત સિલક ₹ 16,832.75 કરોડ હતી જે પૈકી ₹ 13,672.22 કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

17 અનામત ભંડોળો પૈકી, ₹ 2.11 કરોડની સિલક હતી એવા પાંચ અનામત ભંડોળ નિષ્ક્રિય હતાં જેમાંથી ચાર અનામત ભંડોળ (₹ 2.10 કરોડ) 1999-2000થી નિષ્ક્રિય હતાં જ્યારે એક અનામત ભંડોળ (₹ 0.01 કરોડ) 2014-15થી નિષ્ક્રિય હતું.

### 2.6.2.1 સંચિત ડૂબત નિધિ

રાજ્ય સરકારે બાકી જવાબદારીઓની ઋણમુક્તિ માટે 2003-04માં સંચિત ડૂબત નિધિની રચના કરી હતી. આ ભંડોળના વહીવટ માટે જવાબદાર છે, તે ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ

2007-08થી સરકારની જવાબદારીઓનો (આંતરિક ઋણ+જાહેર હિસાબની જવાબદારીઓ) સમાવેશ કરવા માટે સંચિત ડૂબત નિધિનો વ્યાપ વધારવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલી સંચિત ડૂબત નિધિ માટેની નવીનતમ માર્ગદર્શિકા (2017-18) મુજબ, વર્ષ 2018-19 અને ત્યારબાદ ભંડોળનો લઘુત્તમ કોષ રાજ્યની બાકી જવાબદારીઓના પાંચ ટકા હોવો જોઇએ અને ત્યારબાદ રોલીંગના આધારે જાળવી રાખવો.

2019-20 દરમિયાન સંચિત ડૂબત નિધિમાં ફાળો ₹ 766.05 કરોડ જેટલો ઓછો હતો, કારણ કે ₹ 14,292.20 કરોડના લઘુત્તમ કોષની સામે ભંડોળમાં બંધ સિલક ₹ 13,526.15 કરોડ હતી. રાજ્ય સરકારે 2019-20માં ₹ 931.34 કરોડનું ઉપાર્જીત વ્યાજ ભંડોળમાં જમા કર્યું હતું.

### 2.6.2.2 રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ

તેરમા નાણા પંચની ભલામણો મુજબ, રાજ્ય સરકાર 2011-12થી રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનું (SDRF) સંચાલન કરી રહી છે. ભારત સરકારની માર્ગદર્શિકાની (સપ્ટેમ્બર 2010) શરતો મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ 75:25ના પ્રમાણમાં ભંડોળમાં ફાળો આપવાનો હતો.

01 એપ્રિલ 2019ના રોજ, ભંડોળમાં ₹ 1,504.53 કરોડની ખુલતી સિલક હતી. 2019-20 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 1,264.00 કરોડ (₹ 886.80 કરોડ કેન્દ્રિય ફાળો અને ₹ 377.20 કરોડ રાજ્યનો ફાળો) ભંડોળમાં તબદીલ કર્યા હતાં. કુલ ₹ 2,768.53 કરોડની ઉપલબ્ધ સિલક પૈકી, ₹ 2,435.15 કરોડ[22] ભંડોળની સિલકમાંથી વર્ષ દરમિયાન કુદરતી આફતો પર ખર્ચવામાં આવ્યાં હતાં અને માર્ચ 2020ના અંતે ₹ 333.38 કરોડની સિલક રહી હતી.

વર્ષ દરમિયાન રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી કરવામાં આવેલા ખર્ચની વિગતો **કોઠા 2.44**માં આપી છે.

**કોઠો 2.44: SDRFમાંથી કરવામાં આવેલા ખર્ચની વિગતો**

(₹ કરોડમાં)

| હિસાબનું મુખ્ય સદર | હિસાબનું ગૌણ સદર | 2019-20 દરમિયાન ખર્ચ |
|---|---|---|
| 2245- કુદરતી આપત્તિના હિસાબે રાહત 01- દુષ્કાળ | 102-પીવાના પાણીનો પુરવઠો | 30.00 |
| | 104-ઘાસચારાનો પુરવઠો | 434.13 |
| પેટા સરવાળો **01** | | **464.13** |
| 2245- કુદરતી આફતોના હિસાબે રાહત **02**- પુર, વાવાઝોડા, વગેરે. | 101-કૃતજ્ (મફત) રાહત | 60.40 |
| | 105-પશુરોગ સંબંધી કાળજી | 1.19 |
| | 111-શોકગ્રસ્ત કુટુંબોને રહેમ રાહે ચૂકવણી | 19.08 |
| | 112- લોકોનું સ્થળાંતર | 0.84 |

[22] મુખ્ય સદર 2245-05 (કુદરતી આફતના હિસાબે રાહત-SDRF)

| હિસાબનું મુખ્ય સદર | હિસાબનું ગૌણ સદર | 2019-20 દરમિયાન ખર્ચ |
|---|---|---:|
| | 113- ઘરોના સમારકામ/પુનર્નિર્માણ માટે સહાય | 3.02 |
| | 122- ક્ષતિગ્રસ્ત સિંચાઇનું સમારકામ અને પુન:સ્થાપન | 2.22 |
| | 800-અન્ય ખર્ચ | 2,138.27 |
| પેટા સરવાળો 02 | | **2,225.02** |
| 2245- કુદરતી આફતોના હિસાબે રાહત 05- રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ | 101- અનામત ભંડોળ/થાપણ હિસાબો- રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાં તબદીલી | 1,264.00 |
| | 901- **કપાત** - રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી રકમ મેળવવામાં આવી | (-) 2,435.15 |
| પેટા-સરવાળો 05 | | **(-) 1,171.15** |
| 2245- કુદરતી આફતોના હિસાબે રાહત 80- **સામાન્ય** | 001-નિર્દેશન અને વહીવટ | 7.29 |
| | 102-કુદરતી આફતોનું વ્યવસ્થાપન, હોનારત-સંભવ વિસ્તારોમાં આકસ્મિક યોજના | 7.20 |
| | 800-અન્ય ખર્ચ | 18.40 |
| | 911- કપાત-અધિક ચૂકવણીઓની વસૂલાત | 0.00 |
| પેટા-સરવાળો 80 | | **32.89** |
| કુલ 2245 | | **1,550.89** |
| **SEC** દ્વારા મંજૂર થયેલા **SDRF**ની બાબતો અને ધોરણોના પાલન સાથે કરવામાં આવેલો ખર્ચ (માત્ર 2245-01 અને 2245-02 હેઠળ નોંધાયેલી રકમ **SDRF** હેઠળ ખર્ચ તરીકે માન્ય છે.) | | **2,435.15** |

સ્રોત: વર્ષ 2019-20 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ, ભંડોળમાં રહેલી સિલકનું રોકાણ કરવુ જરૂરી હતું જે કરવામાં આવ્યું ન હતું. અગાઉના વર્ષોની સિલકોનું ભંડોળમાં જમા કરવાપાત્ર વ્યાજનો અંદાજ બાંધવામાં આવ્યો ન હતો અને રાજ્ય સરકાર દ્વારા જમા[23] કરવામાં આવ્યું ન હતું.

વધુમાં, SDRFના બંધારણ અને વહીવટ પરની માર્ગદર્શિકાના ફકરા 17 મુજબ, રાજ્યમાં સ્થાનિક સંદર્ભમાં રાજ્ય-વિશિષ્ટ કુદરતી હોનારતના અસરગ્રસ્તોને તાત્કાલિક રાહત પૂરી પાડવા માટે, જેનો ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી હોનારતોની ગૃહ મંત્રાલયે જારી કરેલી યાદીમાં, મંજૂર થયેલા ધોરણો પ્રમાણે સમાવેશ કરવામાં આવ્યો ન હતો તેનો ખર્ચ SDRFમાં ઉપલબ્ધ ભંડોળની 10 ટકાની મર્યાદામાં SDRFમાંથી કરવાનો હતો. આમ છતાં, વર્ષ દરમિયાન ₹ 2,435.15 કરોડનો ખર્ચ રાજ્ય સરકારે કર્યો હતો જે SDRFમાં ઉપલબ્ધ ભંડોળના 88 ટકા જેટલો હતો.

[23] SDRFમાં થયેલી સંવૃધ્ધિનુ ભારતીય રિઝર્વ બેંક દ્વારા કેન્દ્ર સરકારની તારીખી બાંયધરીઓ, હરાજી થયેલા ટ્રેઝરી બિલો, અને વ્યાજ આપતી થાપણો અને અનુસૂચિત વાણિજ્યિક બેંકોની થાપણોના પ્રમાણપત્રોમાં રોકાણ કરવાનું હોય છે.

જે આપત્તિઓ પર ખર્ચ કરવામાં આવ્યો હતો તેને રાજ્ય સરકારે નિર્દિષ્ટ કરી હતી કે કેમ તેનું અને 10 ટકાની મર્યાદા કરતાં અધિક માટે સ્પષ્ટીકરણ જરૂરી છે. આ બાબતમાં રાજ્ય સરકારનો જવાબ મળ્યો નથી (ડિસેમ્બર 2020).

### 2.6.2.3 બાંયધરી ઋણમુક્તિ ભંડોળ

બારમા નાણા પંચે સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓમાંથી ઉભી થતી આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા માટે બાંયધરી ઋણમુક્તિ ભંડોળની રચના કરવાની ભલામણ કરી હતી. ગુજરાત સરકારે જુદી જુદી સંસ્થાઓ જેવી કે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, રાજ્યની સહકારી સોસાયટીઓ વગેરે દ્વારા લેવામાં આવેલી લોન પર તેના દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓ માટે બાંયધરી ઋણમુક્તિ ભંડોળની રચના કરી છે. ભંડોળનું વ્યવસ્થાપન ભારતીય રિઝર્વ બેંકની માર્ગદર્શિકા મુજબ, ભંડોળનો કોષ બાકી બાંયધરીઓના પાંચ ટકાના ઇચ્છનીય સ્તર સુધી ક્રમશઃ વધારવાનો છે.

2019-20 દરમિયાન, ₹ 223.11 કરોડની લઘુત્તમ આવશ્યક સિલકની સામે ભંડોળમાં બંધ સિલક ₹ 736.26 કરોડ હતી. રાજ્ય સરકારે 2019-20 દરમિયાન ₹ 36.63 કરોડનું ઉપાર્જીત વ્યાજ જમા કર્યુ હતુ.

31 માર્ચ 2020ના રોજ, ₹ 736.26 કરોડના કુલ ભંડોળમાંથી, ₹ 472.53 કરોડનું ભારતીય રિઝર્વ બેંક દ્વારા રોકાણ કરવામાં આવ્યું હતું.

## 2.6.3 થાપણો અને પેશગીઓ

### 2.6.3.1 કેન્દ્રિય માર્ગ ભંડોળ સંબંધિત વ્યવહારોનો હિસાબ

ચોક્કસ માર્ગ યોજનાઓ પર ખર્ચ કરવા માટે ભારત સરકાર રાજ્ય સરકારોને કેન્દ્રિય માર્ગ ભંડોળ (CRF) હેઠળ વાર્ષિક અનુદાન પુરૂ પાડે છે. વિદ્યમાન હિસાબી પધ્ધતિમાં, અનુદાનને પ્રારંભમાં મુખ્ય સદર 1601 સહાયક અનુદાન હેઠળ મહેસૂલી આવક તરીકે નોંધવાનું હોય છે અને એટલી જ રકમ મહેસૂલી ખર્ચના મુખ્ય સદર 3054 માર્ગો અને પુલોમાં ઉધારીને જાહેર હિસાબ હેઠળ મુખ્ય સદર 8449-અન્ય આવક 103 કેન્દ્રિય માર્ગ ભંડોળમાંથી નાણાકીય સહાયમાં તબદીલ કરવાની હોય છે. આ પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે કે અનુદાનની આવક હિસાબમાં મહેસૂલી પુરાંત અધિક દર્શાવવામાં (અથવા મહેસૂલી ખાધ ઓછી દર્શાવવી) પરિણમતી નથી. ચોક્કસ માર્ગ યોજનાનો ખર્ચ શરૂઆતમાં સંબંધિત મહેસૂલી અથવા મૂડી મુખ્ય સદરે (મુખ્ય સદર 3054 અથવા 5054) નોંધવામાં આવેલા ખર્ચનું બાદમાં ભંડોળમાં (મુખ્ય સદર 8449-103) અનુરૂપ ઉધાર નોંધ કરીને મુખ્ય સદર 3054/5054 હેઠળ બાદ ઉધારનોંધ દ્વારા ભંડોળની સિલકમાંથી સમાયોજન કરવામાં આવે છે.

2019-20 દરમિયાન, કેન્દ્રિય માર્ગ ભંડોળ હેઠળ ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને ₹ 718.87 કરોડનું અનુદાન મળ્યુ હતુ જેની નોંધ વિદ્યમાન હિસાબી પધ્ધતિને અનુસરીને રાજ્યના હિસાબમાં મુખ્ય સદર-1601 કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન ચોક્કસ માર્ગ કામો

પર ₹ 697.58 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો જેથી 31 માર્ચ 2020ના રોજ થાપણ સદરે ₹ 27.25 કરોડની (અગાઉના વર્ષોની સિલકો સહિત) સિલક રહી હતી.

### 2.6.3.2 લેબર સેસનુ શ્રમ કલ્યાણ બોર્ડમાં સ્થાનાંતરણ ન થવું

મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996ની કલમ 3 હેઠળ, બે ટકાથી વધુ નહીં એ દરે, પરંતુ કામે રાખનાર દ્વારા કરવામાં આવેલા બાંધકામના ખર્ચના એક ટકાથી ઓછા નહીં તે દરે, કિસ્સા મુજબ, સરકાર વખતોવખત સત્તાવાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિયત કરેલા દરે લાગુ કરીને સેસ વસૂલ કરવામાં આવશે. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ નિયમો, 1998ના નિયમ 5(3) મુજબ, આ રીતે એકત્ર કરેલી સેસ મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં તે વસૂલ કર્યાના 30 દિવસની અંદર તબદીલ કરવાની હોય છે.

ઑડિટે અવલોકન કર્યું હતુ કે મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996ની શરતો મુજબ રાજ્ય સરકારે 2006-07થી 2019-20ના સમયગાળા દરમિયાન ₹ 3,013.95 કરોડ જેટલી રકમની સેસ વસૂલ કરીને એકત્ર કરી હતી, અને ₹ 2,013.85 કરોડ મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં સહાયક અનુદાન તરીકે તબદીલ કરી હતી. જેથી ₹ 1,000.10 કરોડની સિલક રહી હતી જે 31 માર્ચ 2020 સુધી તબદીલ કરવામાં આવી ન હતી. ઉપરાંત, સેસ તરીકે 2019-20માં એકત્ર કરેલા ₹ 507.82 કરોડ પૈકી માત્ર ₹ 165.28 કરોડ બોર્ડમા તબદીલ કરવામાં આવ્યાં હતાં અને ₹ 342.54 કરોડની સિલક બોર્ડમાં તબદીલ કરવામાં આવી ન હતી. જે મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ નિયમો, 1998નું ઉલ્લંઘન છે.

### 2.6.3.3 દંડની વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલી ન થવી

ગુજરાત સરકારે 01 જૂલાઇ 2000ના ઠરાવથી નિયત કર્યુ હતું કે મોટર વાહન અધિનિયમની કલમ 200(1) હેઠળ દંડ મારફત રાજ્યના શહેરી વિસ્તારમાંથી વર્ષ દરમિયાન થયેલી આવકની નિયત ટકાવારી અંદાજપત્રીય સદર એટલે કે ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં (GSMSN) જમા કરવામાં આવશે. GSMSN હેઠળ ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ ટ્રાફિક પ્રબંધનના હેતુઓ માટે કરવાનો હતો.

ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિની સરળ કામગીરી માટે, માર્ચ 2004ની અસરથી મહાનિયામક અને પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગરના (DG અને IGP) નામે એક વ્યક્તિગત લેજર ખાતુ (PLA) ખોલવામાં આવ્યું હતું. મહાનિયામક અને પોલીસમહાનિરીક્ષકે જુદા જુદા અમલકર્તા સત્તાવાળાઓ તરફથી ટ્રાફિક વ્યવસ્થા માટે વિવિધ દરખાસ્તો એકઠી કરવાની હતી અને ટ્રાફિક વ્યવસ્થાપન સમિતિની મંજૂરી લીધા બાદ PLA માંથી ખર્ચ કરવાનો હતો. જૂલાઇ 2006માં, ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિના વધુ સારા વહીવટ માટે 100 ટકા દંડ PLAમાં તબદીલ કરવાનું નક્કી કર્યુ હતું.

**કોઠા 2.45**માં આપેલી વિગતો મુજબ, 2012-13થી 2019-20ના વર્ષો માટેની અંદાજપત્રીય જોગવાઇઓ અને વિનિયોગ હિસાબોની ચકાસણીમાં, જો કે, ખરેખર વસૂલ કરેલો ટ્રાફિકનો દંડ અને છેલ્લા આઠ વર્ષો દરમિયાન PLAમાં તેની તબદીલીઓ વચ્ચે 22 ટકાનો તફાવત, જોવામાં આવ્યો હતો.

**કોઠો 2.45: ટ્રાફિકના દંડ PLA માં તબદીલીઓમાં ઘટ**

| વર્ષ | ટ્રાફિકના દંડમાંથી આવક (₹ કરોડમાં) | | PLA માટે જોગવાઇ (₹ કરોડમાં) | | |
|---|---|---|---|---|---|
| | અંદાજપત્રીય અંદાજો | ખરેખર વસૂલાત | અંદાજપત્રીય અંદાજો | ખરેખર તબદીલી | ખરેખર વસૂલાતની ટકાવારી રૂપે |
| 2012-13 | 45.00 | 52.82 | 20.50 | 17.88 | 33.85 |
| 2013-14 | 62.22 | 48.40 | 20.00 | 20.00 | 41.32 |
| 2014-15 | 56.40 | 75.71 | 25.00 | 25.00 | 33.02 |
| 2015-16 | 72.95 | 73.20 | 35.00 | 35.00 | 47.81 |
| 2016-17 | 85.65 | 84.17 | 40.00 | 25.00 | 29.70 |
| 2017-18 | 77.35 | 63.06 | 35.00 | 48.57 | 77.02 |
| 2018-19 | 113.78 | 109.62 | 200.00 | 98.00 | 89.40 |
| 2019-20 | 75.60 | 173.33 | 63.06 | 260.00 | 150.00 |
| **Total** | **588.95** | **680.31** | **438.56** | **529.45** | **77.82** |

સ્રોત: સંબંધિત વર્ષોના અંદાજપત્રીય અંદાજો અને વિનિયોગ હિસાબો

## 2.7 ઋણનું વ્યવસ્થાપન

ઋણનું વ્યવસ્થાપન એ પ્રક્રિયા છે જે સરકારના ઋણની વ્યવસ્થા માટે, ભંડોળ માટે જરૂરી રકમ ઉભી કરવી, તેના જોખમ અને ખર્ચના ઉદ્દેશો હાંસલ કરવા, અને કોઇ પણ અન્ય સાર્વભૌમ ઋણ વ્યવસ્થાપન ધ્યેય જે કાયદા અથવા અન્ય અંદાજપત્રીય જાહેરાત દ્વારા સરકારે નક્કી કર્યા હોય તે મેળવવા માટે સ્થાપના અને અમલ કરે છે.

**આલેખ 2.21: બાકી ઋણનું વલણ**



### 2.7.1 ઋણની રૂપરેખા: ઘટકો

રાજ્ય સરકારના કુલ ઋણમાં ખાસ કરીને રાજ્યનું[24] આંતરિક ઋણ, કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ અને જાહેર હિસાબની જવાબદારીઓનો સમાવેશ થાય છે. પાંચ વર્ષના સમયગાળા (2015-20) દરમિયાન કુલ ઋણની આવક, ઋણની પરતચૂકવણી, રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની સામે ઋણનો ગુણોત્તર અને રાજ્ય પાસે ઉપલબ્ધ ઋણનું ખરેખર પ્રમાણ **કોઠા 2.46**માં દર્શાવ્યું છે.

**કોઠો 2.46: 2015-20 દરમિયાન ઋણના ઘટક-વાર વલણ**

(₹ કરોડમાં)


| | | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|---|
| **બાકી ઋણ** | | **2,21,090** | **2,43,146** | **2,56,366** | **2,85,844** | **3,15,455** |
| જાહેર ઋણ | આંતરિક ઋણ | 1,73,681 | 1,92,772 | 2,06,643 | 2,32,875 | 2,59,661 |
| | ભારત સરકાર તરફથી લોન | 7,062 | 6,566 | 5,947 | 7,430 | 7,433 |
| જાહેર હિસાબની જવાબદારીઓ | | 40,347 | 43,808 | 43,776 | 45,539 | 48,361 |
| બાકી ઋણનો વૃધ્ધિ દર (ટકાવારી) | | 9.28 | 9.98 | 5.44 | 11.50 | 10.36 |
| એકંદર રાજ્યનું ઘરેલુ ઉત્પાદન (GSDP) | | 10,29,010 | 11,67,156 | 13,28,068 | 15,01,944 | 16,63,362 |
| ઋણ/GSDP (ટકા) | | 21.49 | 20.83 | 19.30 | 19.03 | 18.96 |
| વ્યાજની ચૂકવણીઓ | | 16,300 | 17,797 | 18,954 | 20,183 | 22,449 |
| વ્યાજની ચૂકવણીનો બોજ | | 16.72 | 16.20 | 15.37 | 14.84 | 15.72 |
| કુલ ઋણની આવક | | 70,239 | 72,224 | 81,158 | 1,02,963 | 1,02,300 |
| કુલ ઋણની ચૂકવણીઓ | | 51,462 | 50,168 | 67,938 | 73,486 | 72,689 |
| **કુલ ઉપલબ્ધ ઋણ** | | **18,777** | **22,056** | **13,220** | **29,477** | **29,611** |
| **ઋણની ચૂકવણીઓ/ ઋણની આવક (ટકા)** | | **73.27** | **69.46** | **83.71** | **71.37** | **71.05** |


સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**કોઠો 2.46** દર્શાવે છે કે રાજ્ય સરકારનું કુલ બાકી ઋણ 2018-19માં ₹ 2,85,844 કરોડ હતુ તે વધીને 2019-20માં ₹ 3,15,455 કરોડ થયુ હતું. આમ છતાં, પાંચ વર્ષના સમયગાળામાં ઋણની સામે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર સતત ઘટતો રહ્યો હતો અને 2019-20માં તે 18.96 ટકાએ રહ્યો હતો. આ ચૌદમા નાણા પંચ દ્વારા ભલામણ કરવામાં આવેલા 25.76 ટકાના લક્ષ્યાંકની સીમામાં હતો.

માર્ચ 2019 અને માર્ચ 2020ના અંતે રાજ્ય સરકારનું બાકી ઋણ અથવા નાણાકીય જવાબદારીઓનું ઘટક મુજબ વિભાજન અનુક્રમે **આલેખ 2.22** અને **આલેખ 2.23**માં દર્શાવ્યા છે.

24 બજારની લોન, ભારતીય રિઝર્વ બેંક તરફથી સાધનોપાલય પેશગીઓ, રાષ્ટ્રિય નાની બચત ભંડોળને આપેલી વિષે, બાંયધરીઓ અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન વગેરે.





ઉપરના આલેખ દર્શાવે છે કે રાજ્ય સરકારનું આંતરિક ઋણ જે મહદ્અંશે રાજ્ય વિકાસ લોન જારી કરીને બજારમાંથી લીધેલું ઋણ હોય છે, જે 2018-19 અને 2019-20 દરમિયાન કુલ બાકી ઋણના અનુક્રમે 81 ટકા અને 82 ટકાના હિસાબેં છે.

નીચેનો **આલેખ 2.24** 2015-20 દરમિયાન રાજ્ય સરકારના બાકી ઋણના જુદા જુદા પેટા-ઘટકો જેમ કે આંતરિક ઋણ, ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ અને જાહેર હિસાબની જવબદારીઓના વલણો રજૂ કરે છે.


**આલેખ 2.24: ઘટકો મુજબ ઋણનું વલણ**




| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| બજારમાંથી ઋણ-ગ્રહણ | 14565 | 20944 | 15785 | 27437 | 28600 |
| NSSF ને જારી કરેલી વિશેષ બાંયધરીઓ | 1501 | -3447 | -3451 | -3534 | -3629 |
| નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 1633 | 1594 | 1538 | 2328 | 1816 |
| ભારત સરકારની લોન | -408 | -496 | -619 | 1483 | 3 |
| નાની બચત, પી.એફ. વગેરે | 478 | 533 | 340 | 208 | -7 |
| થાપણો અને પેશગીઓ | 2476 | 2270 | 1096 | 2002 | 2467 |
| ઉચ્ચક અને પ્રકિર્ણ | 256 | -1579 | 497 | -727 | -1663 |
| ભરણા | 281 | -69 | 208 | -332 | 100 |
| અનામત ભંડોળ | -294 | 1416 | -748 | 571 | 1329 |
| રોકડ સિલકોમાં વધારો (+)/ઘટાડો (-) | -2517 | 4690 | -6720 | 3071 | 4435 |
| એકંદર નાણાકીય ખાધ(-)/પુરાંત (+) | -23015 | -16480 | -21366 | -26365 | -24581 |

નીચેનો **આલેખ** 2.25 છેલ્લા પાંચ વર્ષ (2015-20) દરમિયાન રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલું અને પરત ચૂકવેલું આંતરિક ઋણ દર્શાવે છે.

**આલેખ 2.25: 2015-20 દરમિયાન લીધેલાં આંતરિક ઋણની સામે પરત ચૂકવણી**




## 2.7.1.1 રાજકોષીય ખાધના ઘટકો અને તેની ધિરાણની ભાત

રાજકોષીય ખાધમાં મહેસૂલી ખાધનો હિસ્સો ઉધાર લીધેલા ભંડોળ કેટલા પ્રમાણમાં ચાલુ વપરાશ માટે ઉપયોગમાં લેવામાં આવ્યાં છે તે દર્શાવે છે. રાજકોષીય ખાધની સામે મહેસૂલી ખાધનો સતત ઉંચો ગુણોત્તર દર્શાવે છે કે રાજ્ય સરકારના અસ્ક્યામતના પાયાનું નિરંતર ધોવાણ થઇ રહ્યું છે અને ઋણના એક ભાગને (નાણાકીય જવાબદારીઓને) કોઇ અસ્ક્યામતોનો ટેકો નથી. ગુજરાત મહેસૂલી પુરાંતવાળુ રાજ્ય છે અને આથી, રાજકોષીય ખાધમાં સંપૂર્ણ વધારો થયો હોવા છતાં, નાણાકીય ખાધ-રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર 2015-16માં 2.24 હતો તેમાં સુધારો થઇ 2019-20માં 1.48 થયો હતો.

નીચે કોઠા 2.47માં પ્રતિબિંબિત થાય છે એ મુજબ રાજકોષીય ખાધના ધિરાણની ભાતમાં રચનાત્મક ફેરફાર થયા છે.

**કોઠો 2.47: રાજકોષીય ખાધ અને તેના ધિરાણની ભાતના ઘટકો**


(₹ કરોડમાં)

| વિગતો | | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|---|
| રાજકોષીય ખાધ (-)/પુરાંત (+) | | (-)23,015 | (-)16,480 | (-)21,366 | (-)26,365 | (-)24,581 |
| રાજકોષીય ખાધ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા) | | (-)2.24 | (-)1.41 | (-)1.61 | (-)1.76 | (-)1.48 |
| રાજકોષીય ખાધ /પુરાંતનું બંધારણ | | | | | | |
| *1* | મહેસૂલી ખાધ (-) /પુરાંત (+) | 1,704 | 5,947 | 5,232 | 3,212 | 1,945 |
| 2 | ચોખ્ખો મૂડી ખર્ચ | (-)24,169 | (-)22,115 | (-)26,313 | (-)27,997 | (-)25,544 |
| 3 | ચોખ્ખી લોન અને પેશગીઓ | (-)550 | (-)312 | (-)285 | (-)1,580 | (-)982 |

| | વિગતો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|---|
| રાજકોષીય ખાધના ધિરાણની ભાત * | | | | | | |
| 1 | બજારમાંથી ઉધાર | 14,565 | 20,944 | 15,785 | 27,437 | 28,600 |
| 2 | NSSFને જારી કરેલી વિશેષ બાંયધરીઓ | 1,501 | (-)3,447 | (-)3,451 | (-)3,534 | (-)3,629 |
| 3 | નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 1,633 | 1,594 | 1,538 | 2,328 | 1,816 |
| 4 | ભારત સરકાર પાસેથી લોન | (-)408 | (-)496 | (-)619 | 1,483 | 3 |
| 5 | નાની બચત,પ્રોવિડન્ટ ફંડ વગેરે. | 478 | 533 | 340 | 208 | (-)7 |
| 6 | થાપણો અને પેશગીઓ | 2,476 | 2,270 | 1,096 | 2,002 | 2,467 |
| 7 | ઉપલક અને પ્રકિર્ણ | 256 | (-)1,579 | 497 | (-)727 | (-)1,663 |
| 8 | ભરણા | 281 | (-)69 | 208 | (-)332 | 100 |
| 9 | અનામત ભંડોળ | (-)294 | 1,416 | (-)748 | 571 | 1,329 |
| 10 | આકસ્મિક ભંડોળ | 10 | 4 | 0 | 0 | 0 |
| | **કુલ** | **20,498** | **21,170** | **14,646** | **29,436** | **29,016** |
| રોકડ સિલકમાં વધારો (+)/ઘટાડો(-) | | (-)2,517 | (+)4,690 | (-)6,720 | (+)3,071 | (+)4,435 |
| * તમામ આંકડા વર્ષ દરમિયાન ચૂકવણીઓની જાવક બાદના છે | | | | | | |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

**આલેખ 2.26: વોટર ફ્લો આલેખ દ્વારા રાજકોષીય ખાધ માટે ધીરાણની અભિવ્યક્તિ**




વર્ષ દરમિયાન રાજકોષીય ખાધની ધિરાણની ભાત (ચૂકવણીઓ/જાવક બાદ) કોઠા 2.48માં દર્શાવી છે.

**કોઠો 2.48: રાજકોષીય ખાધને ધિરાણના ઘટકોની આવક અને ચૂકવણીઓ**

(₹ કરોડમાં)

| વિગતો | | આવક | ચૂકવણીઓ | ચોખ્ખુ |
|---|---|---|---|---|
| 1 | બજારમાંથી ઉધાર | 38,900 | 10,300 | 28,600 |
| 2 | ભારત સરકાર તરફથી લોનો | 797 | 794 | 3 |
| 3 | NSSFને જારી કરેલી વિશેષ બાંયધરી | 0 | 3,629 | (-)3,629 |
| 4 | નાણાકીય સંસ્થાઓ પાસેથી લોનો | 3,794 | 1,978 | 1,816 |
| 5 | નાની બચત, પ્રોવીડન્ટ ફંડ વગેરે. | 2,237 | 2,244 | (-)7 |
| 6 | થાપણો અને પેશગીઓ | 52,489 | 50,022 | 2,467 |
| 7 | ઉપલક અને પ્રકિર્ણ | 26,525 | 28,188 | (-)1,663 |
| 8 | ભરણા | 19,528 | 19,428 | 100 |
| 9 | અનામત ભંડોળ | 4,082 | 2,753 | 1,329 |
| **10** | **એકંદર ખાધ** | **1,48,352** | **1,19,336** | **(-)29,016** |
| 11 | રોકડ સિલકમાં વધારો (+)/ઘટાડો (-) | 1,82,222 | 1,86,657 | 4,435 |
| **12** | **એકંદર રાજકોષીય ખાધ** | **3,30,574** | **3,05,993** | **(-)24,581** |

સ્રોત: વર્ષ 2019-20 ના નાણાકીય હિસાબો.

## 2.7.2 ઋણની રૂપરેખા: પક્વતા અને પરત ચૂકવણી

ઋણના પાકવાની અને પરત ચૂકવણીની રૂપરેખા ઋણની પરત ચૂકવણી અને ઋણની કામગીરી માટે સરકારના પક્ષે પ્રતિબધ્ધતા દર્શાવે છે.

જાહેર ઋણમાં આંતરિક ઋણ, અને ભારત સરકાર પાસેથી મળેલી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે. આંતરિક ઋણ (₹ 2,59,661 કરોડ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ (₹ 7,433 કરોડ) સામેલ છે એવા ₹ 2,67,094 કરોડના જાહેર ઋણની વર્ષ 2019-20 માટેના નાણાકીય હિસાબોના પત્રક નં.17 મુજબની પક્વતાની રૂપરેખા કોઠા 2.49માં દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.49: જાહેર ઋણની પાકવાની રૂપરેખા**

(₹ કરોડમાં)

| પાકવાનું વર્ષ | પક્વતાની રૂપરેખા | રકમ | | | બાકી જાહેર ઋણની પક્વતાની રૂપરેખા (% માં) |
|---|---|---|---|---|---|
| | | આંતરિક ઋણ | ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ | કુલ બાકી જાહેર ઋણ | |
| 2020-21 સુધીમાં | 0-1 વર્ષ | 17,140.35 | 748.89 | 17,889.23 | 6.70 |
| 2021-22 અને 2022-23 વચ્ચે | 2-3 વર્ષ | 44,630.36 | 1,893.09 | 46,523.45 | 17.42 |
| 2023-24 અને 2024-25 વચ્ચે | 4-5 વર્ષ | 44,542.99 | 1,774.47 | 46,317.46 | 17.34 |
| 2025-26 અને 2026-27 વચ્ચે | 6-7 વર્ષ | 54,673.63 | 960.18 | 55,633.81 | 20.83 |
| 2027-28થી આગળ | 7 વર્ષથી અધિક | 98,673.70 | 2,056.45 | 1,00,730.15 | 37.71 |
| **કુલ** | | **2,59,661.03** | **7,433.07** | **2,67,094.10** | **100.00** |

સ્રોત: વર્ષ 2019-20 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

31 માર્ચ 2020ની સ્થિતિએ જાહેર ઋણના બાકી સ્ટોકની પક્વતાની રૂપરેખા દર્શાવે છે કે કુલ જાહેર ઋણના (₹ 1,66,363.95 કરોડ) 62 ટકા હવે પછીના સાત વર્ષોમાં પરત ચૂકવણીપાત્ર થશે, જે સરકારના અંદાજપત્ર પર આ સમય દરમિયાન દબાવ બનાવી રાખશે. શેષ 38 ટકા (₹ 1,00,730.15 કરોડ) સાત વર્ષ બાદ ચૂકવવા માટે પાત્ર થશે. એક બાજુ પ્રતિબદ્ધ ખર્ચમાં વધારો અને બીજી બાજુ મહેસૂલી આવકમાં ઘટાડો ધ્યાને લેતા, રાજ્ય સરકારે ઋણની પકડમાંથી બચવા માટે સારી રીતે વિચારીને ઉધારી-પરત ચૂકવણીની વ્યુહરચના ઘડવી પડશે.

**આલેખ 2.27** જાહેર ઋણની પક્વતાની રૂપરેખા અને **આલેખ 2.28** આગામી વર્ષોમાં બજાર લોનોની પરત ચૂકવણીનું પત્રક દર્શાવે છે.

**આલેખ 2.27: જાહેર ઋણની પક્વતાની રૂપરેખા**



**આલેખ 2.28: બજાર લોનની પરત ચૂકવણીની યાદી**




સ્રોત: રાજ્ય સરકારના નાણા વિભાગ તરફથી મળેલી માહિતી

## 2.8 ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ

### 2.8.1 ઋણનું ટકાઉપણું

ઋણ લેનાર, પ્રસ્તુત કેસમા રાજ્ય, વર્તમાનમાં અને ભવિષ્યમાં તેની ઉપયોગિતા કરવાની સ્થિતિમાં હોય તો ઋણને ટકાઉ માનવામાં આવે છે. ઋણના ટકાઉપણાના દર્શકો એ મુજબ આવકના ચાલુ અને નિયમિત સ્રોતોમાંથી સમયસર વ્યાજની ચૂકવણી અને ઋણની પરતચૂકવણીની તેમની ક્ષમતાની તપાસ દ્વારા ઋણ લેનારની શાખ પાત્રતા અને રોકડપણાની સ્થિતિની આકારણીથી તપાસ કરે છે.

આ વિભાગ ઋણ/રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર, રાજકોષીય ખાધ, વ્યાજની ચૂકવણીનું ભારણ (વ્યાજની ચૂકવણી અને મહેસૂલી આવકના ગુણોત્તર દ્વારા માપવામા આવે છે) અને રાજ્ય સરકારના ઋણની રૂપરેખાની પક્વતાની દ્રષ્ટિએ રાજ્ય સરકારના ઋણના ટકાઉપણાની આકારણી કરે છે.

#### 2.8.1.1 ઋણના ટકાઉપણાના દર્શકોમાં વલણ

**કોઠો 2.50** 2015-16થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળા માટે રાજ્યના ઋણનું ટકાઉપણું દર્શાવે છે.

**કોઠો 2.50: ઋણનું ટકાઉપણું: દર્શકો અને વલણો**

(₹ કરોડમાં)


| ઋણના ટકાઉપણાના દર્શકો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| બાકી જાહેર ઋણ | 1,80,743 | 1,99,338 | 2,12,590 | 2,40,305 | 2,67,094 |
| બાકી જાહેર ઋણનો વૃધ્ધિ દર (ટકા) | 10.58 | 10.29 | 6.65 | 13.04 | 11.15 |
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP) | 10,29,010 | 11,67,156 | 13,28,068 | 15,01,944 | 16,63,362 |

| ઋણના ટકાઉપણાના દર્શકો | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની વૃધ્ધિનો દર (ટકા) | 11.63 | 13.43 | 13.79 | 13.09 | 10.75 |
| જાહેર ઋણ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા) | 17.56 | 17.08 | 16.01 | 16.00 | 16.06 |
| જાહેર ઋણની આવક | 23,486 | 27,668 | 26,953 | 43,146 | 43,491 |
| જાહેર ઋણની પરત ચૂકવણી | 6,194 | 9,073 | 13,700 | 15,432 | 16,702 |
| જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણી | 14,480 | 16,117 | 17,178 | 18,215 | 20,338 |
| બાકી જાહેર ઋણ[25] પર વ્યાજનો સરેરાશ દર (ટકા) | 8.41 | 8.48 | 8.34 | 8.04 | 8.02 |
| મહેસૂલી આવકની સામે જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીનો દર | 14.85 | 14.67 | 13.93 | 13.39 | 14.24 |
| જાહેર ઋણની આવકની સામે જાહેર ઋણની પરત ચૂકવણીની ટકાવારી | 26.37 | 32.79 | 50.83 | 35.77 | 38.40 |
| રાજ્ય પાસે ઉપલબ્ધ ચોખ્ખુ જાહેર ઋણ[26] (₹ કરોડમાં) | 2,812 | 2,478 | -3,925 | 9,499 | 6,451 |
| જાહેર ઋણની આવકની ટકાવારી રૂપે ઉપલબ્ધ જાહેર ઋણ (ટકા) | 11.97 | 8.96 | -14.56 | 22.02 | 14.83 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**આલેખ 2.29: ઋણના ટકાઉપણાના દર્શકોના વલણો**

**(₹ કરોડમાં)**




**કોઠા 2.50** ઉપરથી જોઇ શકાય છે એ મુજબ, 2015-20 દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે જાહેર ઋણનો ગુણોત્તર 16 ટકાથી 17.56 ટકાની વચ્ચે હતો.

---

25 ચૂકવેલુ વ્યાજ/(જાહેર ઋણની ખુલતી સિલક+જાહેર ઋણની બંધ સિલક)/2

26 રાજ્ય સરકારને ઉપલબ્ધ ચોખ્ખા જાહેર ઋણની ગણતરી જાહેર ઋણની પરત ચૂકવણી અને જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીની સામે જાહેર ઋણની આવકના વધારા તરીકે કરવામાં આવે છે.

જો કે, જાહેર ઋણ પરના વ્યાજનો બોજો મહેસૂલી આવકના 13.39 ટકાથી 14.85 ટકાની વચ્ચે રહ્યો હતો. જાહેર ઋણની આવક સામે જાહેર ઋણની પરત ચૂકવણીની ટકાવારી પણ અગાઉના વર્ષ કરતાં વધી હતી. આ રાજ્યના ઋણના ટકાઉપણાની સમીક્ષા કરવાની જરૂરિયાત દર્શાવે છે.

2015-20 દરમિયાન, જ્યારે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની 12.76 ટકાના ચક્રવૃધ્ધિ વાર્ષિક વૃધ્ધિ દરથી વૃધ્ધિ થઇ હતી ત્યારે બાકી જાહેર ઋણની 10.25 ટકાના ચક્રવૃધ્ધિ વાર્ષિક વૃધ્ધિ દરથી વૃધ્ધિ થઇ હતી.

## 2.8.2 બાંયધરીઓની સ્થિતિ – આકસ્મિક જવાબદારીઓ

જેના માટે રાજ્ય સરકાર દ્વારા બાંયધરીઓ આપવામાં આવી છે તે ઋણ લેનારના કસૂરના કિસ્સામાં બાંયધરીઓ રાજ્યના સંચિત ભંડોળ પર બોજો બને છે. નાણાકીય હિસાબોનું પત્રક નં. 20 રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓની વિગતો આપે છે. આ સંકલનમાંની વિગતો રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી તૈયાર કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષો માટે મહત્તમ રકમ જેના માટે રાજ્ય સરકાર દ્વારા બાંયધરીઓ આપવામાં આવી હતી અને બાકી બાંયધરીઓ **કોઠા 2.51**માં આપવામાં આવી છે.

**કોઠો 2.51: ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓ**

(₹ કરોડમાં)

| બાંયધરીઓ | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 હેઠળ સરકારી બાંયધરીઓ પર ટોચ મર્યાદા | 20,000 | 20,000 | 20,000 | 20,000 | 20,000 |
| આપેલી બાંયધરીઓની મહત્તમ રકમ | 11,333 | 11,333 | 11,796 | 11,796 | 11,747 |
| બાંયધરીઓની બાકી રકમ | 5,236 | 4,804 | 4,834 | 4,699 | 4,462 |
| કુલ મહેસૂલી આવકની સામે બાંયધરીઓની બાકી રકમની ટકાવારી | 5.37 | 4.37 | 3.92 | 3.46 | 3.12 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963ની જોગવાઇ મુજબ ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ, 2005માં બાકી બાંયધરીઓને ₹ 20,000 કરોડની મર્યાદામાં બાંધી રાખવાનું નિયત કરવામાં આવ્યું હતુ. 2019-20 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 10 કરોડની બાંયધરીઓ આપી હતી. કુલ ₹ 4,462 કરોડની બાકી બાંયધરીઓ પૈકી 29 ટકા (₹ 1,287 કરોડ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની બાબતમાં હતી અને 15 ટકા (₹ 650 કરોડ) ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની બાબતમાં હતી. બાકી બાંયધરીઓ (₹ 4,462 કરોડ) રાજ્ય સરકારની કુલ મહેસૂલી આવકના (₹ 1,42,844 કરોડ) 3.12 ટકા થતા હતાં અને ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરવામાં આવેલી ₹ 16,000 કરોડની મર્યાદાની ઘણી અંદર હતી.

2019-20 દરમિયાન, ₹ 3.24 કરોડના અંદાજપત્રીય અંદાજોની સામે રાજ્ય સ્તરની સંસ્થાઓ પાસેથી ₹ 0.34 કરોડ જેટલી બાંયધરી ફી રાજ્ય સરકારને મળી હતી. ઉપરાંત, 2019-20 દરમિયાન બાંયધરીઓ વટાવવાના હિસાબે રાજ્ય સરકાર દ્વારા કોઇ રકમ ચૂકવવામા આવી ન હતી.

### *બાંયધરીઓની સમીક્ષા*

નાણા વિભાગે તેના ડિસેમ્બર 1998ના પરિપત્રથી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી બાંયધરીઓના સંબંધમાં વહીવટી વિભાગો દ્વારા અનુસરવાની કાર્યપધ્ધતિ નિયત કરી હતી.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડે જુદી જુદી બેંકો પાસેથી મુદતી લોનો લીધી હતી અને આ લોનો માટે બાંયધરી આપનાર ગુજરાત સરકાર હતી. બાકી નીકળતી રકમના પ્રમાણમાં બાંયધરીઓ વખતોવખત નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ દ્વારા મુક્ત કરવામાં આવી હતી. ઑડિટે અવલોકન કર્યુ હતુ કે નાણાકીય હિસાબોના પત્રક નં. 20 મુજબ, ₹ 1,286.51 કરોડની રકમની લોનો માટેની બાંયધરીઓ હજુ મુક્ત કરવાની બાકી હતી. આમ છતાં, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો રેકર્ડ દર્શાવતો હતો કે ₹ 70.79 કરોડ સિવાયના આ લોનોના મોટા ભાગની પરત ચૂકવણી ઘણી પહેલા થઇ ગઇ હતી અને બેંક દ્વારા આ લોનો સામે કોઇ બાકી સિલક નથી એવુ દર્શાવતુ ના-વાંધા પ્રમાણપત્ર પણ જારી કરવામા આવ્યું હતું.


એવુ પણ જોવામાં આવ્યું હતુ કે સરકારના પરિપત્રમાં (ડિસેમ્બર 1998) નિયત કરવામા આવેલું બાંયધરી રજીસ્ટર વિભાગ દ્વારા નિભાવવામા આવતુ ન હતું.

## 2.8.3 રોકડ સિલકોનું વ્યવસ્થાપન

01 એપ્રિલ 2019 અને 31 માર્ચ 2020ની સ્થિતિએ ગુજરાત સરકાર પાસે રહેલી ખુલતી અને બંધ રોકડ સિલકોની વિગતો **આલેખ 2.30**માં દર્શાવી છે.

**આલેખ 2.30: નાણાકિય વર્ષ 2019-20ની ખુલતી અને બંધ રોકડ સિલકો**

(₹ કરોડમાં)



ભારતીય રિઝર્વ બેંક સાથેના કરાર મુજબ, રાજ્ય સરકારે ₹ 2.80 કરોડની લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવવાની હોય. છે. જો સિલક થયેલા કરાર મુજબ લઘુત્તમથી કોઇ પણ દિવસે ઓછી થાય તો વખતોવખત સાધનોપાય પેશગી/વિશેષ સાધનોપાય પેશગી/ઓવરડ્રાફ્ટ લઇને તે ઘટ પૂરી કરવામાં આવે છે. રાજ્ય સરકારને મળવાપાત્ર સામાન્ય સાધનોપાય પેશગી માટેની મર્યાદા 01 ફેબ્રુઆરી 2016થી ₹ 19.15 કરોડ છે અને વિશેષ સાધનોપાય પેશગીની મર્યાદા બેંક દ્વારા વખતોવખત સુધારવામાં આવે છે.

રાજ્ય સરકારે 2019-20 દરમિયાન ભારતીય રિઝર્વ બેંકમાં લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવી હતી અને વર્ષ દરમિયાન કોઇ સાધનોપાય પેશગી/ વિશેષ સાધનોપાય પેશગી/ઓવરડ્રાફ્ટ લીધા ન હતાં.

### 2.8.3.1 રોકડ સિલકોનું રોકાણ

રોકડ સિલકોની વિગતો અને 2019-20 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા રોકડ સિલકોમાંથી કરવામા આવેલુ રોકાણ **કોઠા 2.52**માં દર્શાવ્યા છે.

**કોઠો 2.52: રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ**

(₹ કરોડમાં)

| રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ | 01/04/2019ના રોજ ખુલતી સિલક | 31/03/2020ના રોજ બંધ સિલક | વધારો (+)/ ઘટાડો (-) |
|---|---|---|---|
| (અ) સામાન્ય રોકડ સિલક | | | |
| તિજોરીઓમાં રોકડ | 0.00 | 0.00 | 0.00 |
| ભારતીય રિઝર્વ બેંકમાં થાપણો | 0.12 | 15.29 | 15.17 |
| માર્ગમાં ભરણા-સ્થાનિક | 0.00 | 0.00 | 0.00 |
| રોકડ સિલક રોકાણ હિસાબમાં (ટ્રેઝરી બિલો) કરેલુ રોકાણ | 6,895.90 | 10,347.99 | 3,452.09 |
| કુલ (અ) | **6,896.02** | **10363.28** | **3,467.26** |
| (ખ) અન્ય રોકડ સિલકો અને રોકાણો | | | |
| વિભાગીય અધિકારીઓ પાસે રોકડ જેમ કે જાહેર બાંધકામ, વન, જીલ્લા કલેક્ટરો વગેરે.. | (-)0.38 | (-)0.34 | 0.04 |
| આકસ્મિક ખર્ચ માટે વિભાગીય અધિકારીઓ પાસે કાયમી પેશગી | 0.29 | 0.30 | 0.01 |
| અંકિત કરેલા ભંડોળોમાં રોકાણ | 12,704.60 | 13,672.56 | 967.96 |
| કુલ (ખ) | **12,704.51** | **13,672.52** | **968.01** |
| કુલ રોકડ સિલક (અ)+ (ખ) | **19,600.53** | **24,035.80** | **4,435.27** |
| મેલવેલુ વ્યાજ[27] | **1,219** | **1,142** | **(-)77** |

સ્રોત: રાજ્ય સરકારના 2109-20 માટેના નાણાકીય હિસાબો.

[27] 2019-20 અને 2018-19 માં અનુક્રમે મેળવેલુ ₹ 931 કરોડ અને ₹ 985 કરોડનુ વ્યાજ ડૂબત ભંડોળના રોકાણ પર મળ્યુ હતુ (નિયમિત રોકાણ સાથે મેળવેલુ) આથી, મુખ્ય સદર 0049 હેઠળ ઉમેરવામા આવ્યુ ન હતુ વત્તા રોકડ રોકાણ પરનુ વ્યાજ ₹ 211 કરોડ અને ₹ 234 કરોડ

રાજ્ય સરકારની ચાલુ વર્ષના અંતે ₹ 24,035.80 કરોડની રોકડ સિલકે અગાઉના વર્ષ કરતાં ₹ 4,435.27 કરોડનો (22.63 ટકા) વધારો દર્શાવ્યો હતો. ₹ 24,035.80 કરોડની રોકડ સિલકમાંથી ₹ 10,348 કરોડનું રોકાણ ભારત સરકારના તિજોરી બિલોમાં કરવામાં આવ્યું હતું જેણે વર્ષ દરમિયાન ₹ 211 કરોડનું વ્યાજ મેળવ્યું હતું. વધુમાં, ₹ 13,673 કરોડનું રોકાણ અંકિત કરેલા ભંડોળોમાં કરવામાં આવ્યું હતું જેનું ₹ 931 કરોડનું વ્યાજ મળ્યુ હતું.

2018-19 દરમિયાન પર્યાપ્ત રોકડ સિલક હોવાના કારણે, રાજ્ય સરકારે તેની લઘુત્તમ રોકડ સિલક જાળવવા માટે ભારતીય રિઝર્વ બેંક પાસેથી સાધનોપાય પેશગીનો લાભ લીધો ન હતો.

રાજ્યના પાંચ વર્ષના સમયગાળા (2015-20) દરમિયાનના રોકડ સિલક રોકાણ નીચે આપ્યા છે.

**કોઠો 2.53: રોકડ સિલક રોકાણ હિસાબ (મુખ્ય સદર 8673)**

(₹ કરોડમાં)

| વર્ષ | ખૂલતી સિલક | બંધ સિલક | વધારો (+) / ઘટાડો (-) | ઉપજેલુ વ્યાજ |
|---|---|---|---|---|
| 2015-16 | 12,401.93 | 8,945.52 | (-)3,456.41 | 584.97 |
| 2016-17 | 8,945.52 | 12,749.99 | 3804.47 | 509.52 |
| 2017-18 | 12,749.99 | 5,198.09 | (-)7551.90 | 553.79 |
| 2018-19 | 5,198.09 | 6,895.90 | 1697.81 | 234.24 |
| 2019-20 | 6,895.90 | 10,347.99 | 3452.09 | 211.33 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

2015-20 દરમિયાનના રાજ્ય સરકારના રોકડ સિલક રોકાણના વલણના વિશ્લેષણમાં જોવામા આવ્યું હતુ કે 2016-17 અને 2019-20 દરમિયાન રોકાણમાં નોંધપાત્ર વધારો થયો હતો. ચાલુ વર્ષમાં, રોકડ સિલક રોકાણ હિસાબમાં રોકાણ મૂળ અંદાજપત્રીય અંદાજોના (₹ 2,04,815 કરોડ) 5.05 ટકા જેટલું રહ્યુ હતું.

આલેખ **2.31**, 2015-20ના સમયગાળા દરમિયાન રોકડ સિલક રોકાણના હિસાબમાં ઉપલબ્ધ સિલકો અને રાજ્ય સરકાર દ્વારા બજારમાંથી લીધેલી લોનની સરખામણી રજૂ કરે છે. બજારમાંથી વ્યાજના ઉંચા દરે લોન લેવામાં આવી હતી જ્યારે ટ્રેઝરી બિલોમાં કરેલા રોકાણ પર નીચા દરે વ્યાજ ઉપજતુ હતું.

**આલેખ 2.31: બજારમાંથી લીધેલી લોનની સામે રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલું મૂડીરોકાણ**





2019-20 દરમિયાન, રાજ્ય સરકારે બજારમાંથી ₹ 38,900 કરોડ ઉભા કર્યા હતાં, જ્યારે એ જ વખતે, રોકડ સિલકો 2018-19 માં ₹ 6,896 કરોડ હતી તે 2019-20 માં ₹ 10,348 કરોડ થઇ હતી જે દર્શાવે છે કે નજીવી રોકડ સિલક જાળવીને સરકાર એટલા પ્રમાણમાં ઋણ લેવાનું નિવારી શકી હોત.

**આલેખ** 2.32 2019-20 દરમિયાન રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલી દૈનિક રોકડ સિલક દર્શાવે છે અને **આલેખ 2.33** રોકડ સિલકની મહિનાના અંતે માસ-વાર હેરફેર અને 2019-20 દરમિયાન ચોખ્ખી રોકડ સિલકનું રોકાણ દર્શાવે છે.

**આલેખ 2.32: 2019-20 દરમિયાન રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલી દૈનિક રોકડ સિલક**

(₹ કરોડમાં)



**આલેખ 2.33: રોકડ સિલકની માસ-વાર હેરફેર (માસના અંતે) અને 2019-20 દરમિયાન ચોખ્ખી રોકડ સિલકનું મૂડીરોકાણ**




## 2.9 ઉપસંહાર

રાજ્ય સરકારે અગાઉના વર્ષની સરખામણીએ 2019-20 દરમિયાન મહેસૂલી આવકમાં 5.03 ટકાનો વધારો નોંધાવ્યો હતો. 2018-19 કરતાં 2019-20 દરમિયાન રાજ્યની બિન-કર આવકમાં નોંધપાત્ર વધારો થયો હતો. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંબંધમાં રાજ્યની પોતાની આવકની તરલતા પાછલા ચાર વર્ષોમાં (2016-20), 2019-20 દરમિયાન સૌથી નીચી હતી. રાજ્યને તેના પોતાના સ્રોતોમાંથી 68 ટકા આવક થતી હોઇ મુખ્યત્વે તેને તેના પોતાના સ્રોતોમાંથી નાણા પૂરા પડી રહેતા હતાં.

કુલ ખર્ચની ટકાવારીની દ્રષ્ટિએ મૂડી ખર્ચ છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન સતત ઘટ્યો હતો.

રાજ્યનો વિકાસકીય ખર્ચ અને આરોગ્ય પરનો ખર્ચ એ બન્ને અન્ય સામાન્ય વર્ગના રાજ્યો કરતાં અધિક હતો જ્યારે શિક્ષણ ક્ષેત્રમાં તે ઓછો હતો.

રાજ્ય સરકાર તેના પ્રતિબધ્ધ ખર્ચને નિયંત્રણમાં રાખવામાં સફળ રહી હતી પરંતુ, સહાય પરનો ખર્ચ વધી રહ્યો હતો.

પર્યાપ્ત રોકડ સિલક હોવા છતાં રાજ્ય સરકારે બજારમાંથી ઋણનો આશરો લીધો હતો.

## 2.10 ભલામણો

- રાજ્ય સરકારે ઘણા વર્ષોથી પૂર્ણતાના જુદા જુદા તબક્કે હોય એવી યોજનાઓમાં રોકેલી મૂડી સંબંધમાં ચોક્કસ માહિતી તેમજ જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં તેના મૂડીરોકાણ સંબંધી સંપૂર્ણ અને સચોટ વિગતો પણ પ્રધાન મહાલેખાકારને (હિસાબ અને હક) અગ્રતાના ધોરણે પૂરી પાડવી જોઇએ;

- રાજકોષીય ખાધના વ્યવસ્થાપનમાં સુધારેલુ લાંબી મુદતનું ટકાઉપણું પ્રાપ્ત કરવા માટે અને ચાલુ અને સંભવિત પરત ચૂકવણી સાથે તેમની નાણાકીય જરૂરિયાતોને અનુરૂપ હોય એ રીતે રાજ્યના ઋણ લેવાના નિર્ણયોમાં માર્ગદર્શન આપવા માટે ઋણના ટકાઉપણા માટેનું માળખુ વિકસાવવા માટે રાજ્ય સરકારે વિચારણા કરવી જોઇએ;
- રાજ્ય સરકારે સુનિશ્ચિત કરવુ જોઇએ કે વહીવટી વિભાગો નિયત કરેલા બાંયધરી રજીસ્ટર નિભાવે છે અને આપેલી બાંયધરીઓનું પ્રધાન મહાલેખાકારની (હિસાબ અને હક) કચેરી સાથે સમયાંતરે સમાયોજન કરે છે.